# ઇલ્મની ભેટ

## (સોગાતે દાનીશ)

લેખક

અલ્લામા નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઇ

ખાનાએ હિકમત-ઇદારાએ આરીફ

# ઇલ્મની ભેટ

## (સોગાતે દાનીશ)

લેખક

અલ્લામા નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઇ

અનુવાદક

અકબર હબીબ રાજન

ISW LS
Institute for Spiritual Wisdom Luminous Science
Knowledge for a united humanity

પ્રકાશક

**ખાનાએ હિકમત-ઇદારાએ આરીફ**

૩-A, નૂર વીલા, ૨૬૯, ગાર્ડન વેસ્ટ,

કરાચી-૩.

# ઈલ્મ અને હિકમતનો દરવાજો

# (અર્પણ)

ઈખ્વાનુસ્સફાનો છેલ્લો રીસાલો "જામેઅતુલ જામીઆ" છે. તેના સંપાદકે જે મુકદમો લખ્યો છે તેના પાના નં. ૨૨ના છેવટમાં અને ૨૩ના આરંભમાં આ હદીસ લખેલી છે :-

તરજૂમો : હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વસલ્લમને પૂછવામાં આવ્યું કે યા રસૂલુલ્લાહ : શું કોઈએ લા ઈલાહા ઈલ્લલ્લાહ કહ્યું તો તે બહેશ્તમાં દાખલ થઈ જશે ? હુઝુરે (સ.અ.સ.) ફરમાવ્યું હા...જે માણસે ઈખ્લાસ એટલે કે શુદ્ધ-ખરા દીલથી કહ્યું તો તે જન્નતમાં દાખલ થઈ જશે. તેવણ નામદારથી પૂછવામાં આવ્યું કે તેનો ઈખ્લાસ શું છે ? હઝરત નબી સાહેબે (સ.અ.સ.) ફરમાવ્યું : તેના (અલ્લાહના) હદૂદની મારફત એટલે કે ઓળખાણ અને તેના હકોને પૂરા કરવા. પૂછવામાં આવ્યું કે "યા રસુલુલ્લાહ ! તેના હદૂદની ઓળખાણ અને તેના હકો પૂરા કરવા એ શું છે ?" તો હઝરત પયગમ્બર સાહેબે (સ.અ.સ.) ફરમાવ્યું કે "હું ઈલ્મનું શહેર છું અને અલી તેનો દરવાજો છે, અને જે પણ માણસ આ શહેરની વસ્તુઓને મેળવવા ઈચ્છતો હશે તો તેને દરવાજાથી (અંદર) આવવું જોઈએ."

ઓ મારાં પ્રીય મિત્રો તમોને ખુદાના રસુલ (સ.અ.સ.)ના અકસીર અને હિકમતભર્યા શબ્દોમાં ખૂબ જ ધ્યાનપૂર્વક મનન કરીને તપાસવાની જરૂરત છે, તેને ફકત ઊપર ઊપરથી જ અભ્યાસ પૂરતો રાખવાથી કોઈ ફાયદો નહીં થાય અને ઘણા કોયડાઓ જેમના તેમ (ઉકેલ

વગરના) રહી જશે. મતલબ કે આ હદીસથી ચોક્કસપણે એ જણાયું કે "લા ઈલાહાઈલ્લલ્લાહ"ની સમજૂતી અને તેની તાવીલ ઈલ્મના દરવાજા અને હ. મુહમ્મદ (સ.અ.સ.)ની હિકમત એટલે કે હ. અલી (અ.સ.)ના વસીલાથી, તેમના મારફત શકય છે. આ હકીકતના ઈલ્મી નમૂના અને તેની કબૂલાતના માટે પુસ્તક "વજહે દીન" કલામ નંબર ૧૧ હેઠળ "કલમાએ ઈખ્લાસ"ના વિષયને વાંચી જુઓ કે જે ૪૭ પાનાઓ ઉપર વીસ્તરેલું છે. યાદ રહે કે હ. અલીનું નૂર દરેક ઝમાનામાં મોજૂદ છે. જેમકે હઝરત મૌલા અલી સલ્વાતુલ્લાહ અલૈહી વ સલામનું ફરમાન છે કે :

"બેશક (ચોક્કસપણે) મારા માટે દુનિયામાં વારંવાર આવવું અને પાછા ફરવાનું છે. હું પાછો ફરવાવાળો, વારંવાર (આવવા)વાળો, હુમલા (કરવા)વાળો, સજા (દેવા)વાળો, અને અજીબ અને ગરીબ દૌલતવાળો છું (કૌકબે દુરી ખુતબાએ રજઈયાએ અમીરૂલ મોમીનીન પાનું ૫૯)

અમારા ખૂબ જ પ્રીય અને માનવંત આજીવન પ્રમુખ ફતેહઅલી હબીબના ઈમાનની લાગણીનો સુંદર ઉલ્લેખ ઘણો જ મનગમતો અને મીઠો છે. આ કેટલો મનગમતો ગૂણ છે કે તેવણ ખાસ કરીને નવયુવાનીના દિવસોથીજ ઈબાદત ગુઝાર સબખેઝ અને જમાતના ખીદમત ગુઝાર રહ્યા છે. શું આ કામમાં ખુદાની અઝલી ઈનાયતનો ખૂબજ મોટો ભેદ છુપાયેલો નથી કે તેવણે શરૂઆતથીજ આપણા મહાન પીરોના હિકમતભર્યા અને રૂહપરવર ગીનાનોના આશીક થઈ ગયા ? આ ઈશ્ક અસલમાં મૌલાએ પાકના માટે જ છે, તેથી તેની નુરાની શક્તિથી દીનની દરેક મુશ્કેલીઓ આસાન થઈ ગઈ અને ફતેહઅલીને આસમાની સફળતા અને મદદ પ્રાપ્ત થઈ. શું આ કંઈ ઓછું છે કે સુરીલા કંઠ અને ગીનાન બોલવાના સ્વરૂપમાં ઈશ્કનું ખંજર હાથ આવી ગયું ? એજ ઈશ્કની બરકતોથી ફતેહઅલી હબીબ જમાતખાના અને તેમાં જે ઈબાદત અને ખિદમત

છે તેના સાચા આશીક થઇ ગયા.

સચ્ચાઇ અને હકીકત ઉપર આધારિત વખાણ અને પ્રસંશા બહેશ્તની ન્યામતોમાંથી છે અને પ્રમુખ ફતેહઅલી હબીબની સદ્‌ગૂણી અર્ધાંગના (પત્ની) ગુલશકર એડવાઇઝર કે જેઓ પોતાની ફરીશ્તાઓ જેવી આદત અને અગણિત ખિદમતોમાં પોતે જ પોતાનો નમૂનો છે, તેવણે ઈદારા (ઈદારાએ ખાનાએ હિકમત)ના માટે જે જે સુંદર કાર્યો કર્યા છે તેની વાત ઘણી જ લાંબી છે તેમ છતાં નમૂનારૂપી એક મહાન કારનામું એ છે કે તેવણના મુબારક ઘરમાં ૧૯૭૭થી લઈને આજ સુધી લગભગ ૧૭૨૮ કલાસો થઇ ચૂકી છે. પ્રત્યેક કલાસના માટેનો સરેરાશ સમય ત્રણ કલાકનો હોય છે, આ હિસાબે માનવંત ગુલશકરે ન ફક્ત ઘરનેજ ૫૧૮૪ (પાંચ હજાર એકસો ચોરીયાસી) કલાકોના માટે ઈદારાને સોંપી દીધું પરંતુ સાથે સાથેજ તેમનો પોતાનો અને તેમના ઘરના સઘળા રહેનારાઓનો કીંમતી સમય પણ આ સંબંધેની ખિદમતમાં ખર્ચ થયો. તમો જાણો છો કે સમય, ધન દૌલત અને માણેક મોતીથી ઘણો કીંમતી છે કેમકે તે પ્યારા જીવનની વય એટલે કે ઉમર છે.

પ્રમુખ ફતેહઅલી હબીબ અને તેમની નેક ધર્મપત્ની ગુલશકર એડવાઇઝરના ત્રણે હોશમંદ અને સમજદાર બાળકો ઘણા જ પ્યારાં છે. તેઓ નીઝાર, રહીમ અને ફાતિમા છે જેઓ સદવર્તન અને દીનદારીમાં પોતાના નેક માવિત્રોના પગલે ચાલી રહ્યા છે.

**–નસીરુદ્દીન નસીર હુંઝાઇ**

(શુક્રવાર ૧૨ ઝીલહજ ૧૪૧૫–૧૨મી મે, ૧૯૯૫)

# અનુક્રમણિકા


પાના નંબર

૧. પુસ્તકનો આરંભ ........................................ ૨
૨. સવાલનો હેતૂ જ્ઞાનનો વિકાસ છે .......................... ૭
૩. અક્લનો મરતબો અને તાવીલનું કેન્દ્ર .................. ૨૩
૪. કુરાનમાં "યદુલ્લાહ"ની કલ્પના ........................... ૩૬
૫. કુરાની પર્વત અને જવાહીર ................................ ૪૫
૬. લંડનથી પાંચ સવાલ ....................................... ૫૫
૭. સુરહ માઉનની તાવીલ ..................................... ૬૮
૮. ઉમ્મુલ ક્તિાબની હિકમત .................................. ૭૧
૯. સુરતુલ બુરૂજના તાવીલી ભેદ ............................. ૮૦
૧૦. અમેરિકાથી બે સવાલ ..................................... ૮૩
૧૧. સુરહ ક્યામત ................................................ ૮૮
૧૨. તજલ્લીઓ અને ઝહુરાત .................................... ૯૩
૧૩. ક્તિાબે મક્નૂન (છુપાયેલ પુસ્તક) ........................ ૯૬
૧૪. વ્યક્તિગત રૂહ અને જમાતી રૂહ ........................... ૧૦૦
૧૫. ઈલ્મી અને રૂહાની સંબંધ .................................. ૧૦૪
૧૬. સ્વપ્નના જગતની હિકમતો ................................. ૧૦૭
૧૭. એક જાન અને ઘણા બધા શરીર ........................... ૧૧૩
૧૮. રૂહાની મહોબ્બત વહેદતની નીશાની ....................... ૧૧૬
૧૯. એક સઘળા-સઘળા એક ...................................... ૧૧૯
૨૦. ઈલ્મી સેવાઓની લીઝ્ઝત .................................. ૧૨૨
૨૧. ઈલ્મની કીશ્તી ............................................... ૧૨૫
૨૨. ઝીકરે જલી ................................................... ૧૨૮
૨૩. માનવીના સ્વરૂપમાં ફરીશ્તો .............................. ૧૩૧
૨૪. ખુશ્બુઓ (સુગંધો)ની દુનિયા ............................. ૧૩૪
૨૫. સુરહ લુકમાનમાંથી મહત્વના સવાલો ..................... ૧૩૮
૨૬. શુકરની હિકમત ............................................. ૧૫૦

# પુસ્તકનો આરંભ

બીસ્મીલ્લાહિર્રહમાનીર્રહીમ. પરવરદીગારે આલમના ફઝલ અને ઉપકાર તથા ખાતેમુલ અંબીયા હઝરત મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહી વસલ્લમના ઈલ્મી અને ઈરફાની સદકાથી કે જે ઈમામે ઝમાન સલ્વાતુલ્લા અલૈહીના મારફત પ્રાપ્ત થયેલ છે આ પુસ્તક વાંચનારાઓની સેવામાં રજૂ કરૂં છું. ખુશી અને આનંદના આ મુબારક પ્રસંગે આ સેવકનું દીલ તો એમ ઈચ્છે છે કે વસંત ઋતુની વર્ષા માફક નમ્ર શુક્રગુઝારીના ઘણા બધા અશ્રુઓ વહાવું અને વારંવાર ઉપકાર માનતા સીજદાઓ કરતો રહું પરંતુ આ નાચીઝ બંદાના માટે આવું ન્યામત ઓળખવાનું અને કદર કરવાનું સહેલું નથી.

સૌગાત મૂળ તુર્કી શબ્દ છે જે ઉમદા વસ્તુ, નીરાળી વસ્તુ, ભેટ, નજરાણું, મુસાફરીથી પાછા વળતાં મિત્રો માટેની ભેટ જેવાં અર્થો ધરાવે છે અને તે ફારસી તથા ઉર્દુ સાહીત્યમાં પણ સમાયેલો છે અને એજ અર્થ સહીત આ પુસ્તકનું નામ "ઈલમની ભેટ (સૌગાતે દાનીશ)" નક્કી કરવામાં આવ્યું કે જેથી મિત્રો, જમાત અને કોમના માટે આ પુસ્તક ખરેખર એક ઉત્તમ ઈલ્મી ભેટ સાબિત થઈ શકે, ઈન્શાઅલ્લાહ ! !

આ પુસ્તક થોડાં જુદાં વિષયો ઉપર નિર્ભર છે, જેમાંથી દરેક વિષયની જેવી અને જેટલી મહત્ત્વતા છે તે તમોને તેના અભ્યાસ દરમ્યાન જણાઇ આવશે. આમાં જો કે અમુક વિષયો પત્રોના સ્વરૂપે લખાયેલાં છે, પણ તે ખાસ ઇલ્મી પત્રો હોવાને કારણે ઘણાજ જરૂરી અને ખૂબજ ફાયદામંદ છે અને આ હિકમત ભરેલાં અમલની આજ્ઞા હઝરત મૌલાના ઇમામ સુલતાન મુહમ્મદ શાહ સલ્વાતુલ્લાહ અલૈહીના ફરમાનમાં મોજૂદ છે, જેની ટૂંકમાં સમજૂતી એમ છે કે દીની ઇલ્મના લેણ-દેણના સંબંધમાં પત્રવ્યવહારથી પણ કામ લેવું જોઇએ.

ખાનાએ હિકમત અને આરીફના પુસ્તકો અને લખાણોના ક્રમમાં એકંદરે જે મૂળ અને મહત્ત્વના વિષયો પર ચર્ચા કરવામાં આવે છે તે દાખલા તરીકે આ પ્રમાણેના છે. તૌહીદનું જ્ઞાન, એક હકીકત. તસવ્વુરે આફરીનીશ (પેદા થવા)ની કલ્પના, નબુવ્વત, ઇમામત (ઇમામની ઓળખ), ઇસ્લામ તથા ઇમાન, રૂહ અને રૂહાનીયત, ક્યામત અને તેના સંબંધે કુરાન અને તેની તાવીલી હિકમત, મઝહબ અને વિજ્ઞાન, ઇન્સાનની કલ્પના, ઝીકર અને બંદગી ઇલ્મી ખીદમત, હકીકી ઇલ્મ, પરહેઝગારી, બહેશ્ત અને તેની ન્યામતો વિગેરે, એ સિવાય અહી સવાલ અને જવાબનો એક ઘણો મોટો વિષય પણ છે.

અમારી નીય્યત અને અમારો હેતૂ એ છે કે આપણી પ્રીય અને મહાન જમાતની કંઇને કંઇ ઇલ્મી સેવા કરી શકીએ કે જેથી કાલે આવનાર ક્યામતના ખુદાતઆલાની સામે અમને એ વાતથી શરમાવું ન પડે કે એ મહાન મહેરબાને જ્ઞાનની જે ન્યામતથી નવાજ્યો હતો તેનાથી બીજાઓને કેમ ફાયદો ન પહોંચાડ્યો ? જેમકે કુરાનમાં ફરમાવેલું

છે કે "પછી તે દિવસે તમો સહુથી ન્યામતો વિષે પુછાણુ થશે" (૧૦૨/૮) જેનો ખુલાસો એ છે કે અલ્લાહે આ દુનિયામાં જે લોકોને ઈલ્મી અથવા ભૌતિક (માલની) દૌલત અર્પણ કીધી છે તેમાંથી જો તેઓ, ખુદાના રસ્તામાં (ખુદા ખાતર) વપરાશ નથી કરતા તો ક્યામતના દિવસે ઘણી જ સખ્તાઈથી તેમને સવાલ કરવામાં આવશે.

આ બારામાં બીજું ફરમાન એ છે કે "દુ:ખદાયક સજાની ખુશખબરી આપો તેમને કે જેઓ સોનું અને ચાંદી એકઠા કરીને રાખે છે અને તેને ખુદાના રસ્તામાં ખર્ચ કરતા નથી (૯/૩૪-૩૫) કુરાનની આ વાતમાં જાહેરી અને બાતિની બંને પ્રકારની દૌલતનો ઉલ્લેખ છે અને જેમકે તમો જાણો છો કે બાતિની દૌલત ઈલ્મ (જ્ઞાન) છે, જેને ખુદાના રસ્તામાં ખર્ચ કરવું ઘણું જ વધારે જરૂરનું છે.

ત્રીજી આજ્ઞા એ છે કે "તે શખ્સ કરતાં વધારે જુલમ કરનાર કોણ હશે કે જેના શીરે (જેની જવાબદારીમાં) અલ્લાહ તરફથી એક સાક્ષી પુરવાનું કામ હોય અને તે તેને છુપાવે (૨/૧૪૦) અર્થાત હકીકી ઈલમની દરેક વાત હક અને સાચી સાક્ષીની હેસીયત ધરાવે છે, માટે જો કોઈ શખ્સની પાસે એવું જરૂરી અને ફાયદામંદ જ્ઞાન છે, કે જેને જાહેર કરવાથી ઈમાનવાળાઓને ફાયદો જ ફાયદો થતો હોય તો તે સ્વરૂપમાં જ્ઞાનને છુપાવવું નહી જોઈએ, પણ હા, તકીયાનો સિદ્ધાંત પોતાની જગ્યાએ કાયમ છે.

આપણા મહાન મરતબાવાળા પીરો અને બુઝુર્ગોએ ભૂત-કાળમાં ધર્મ પ્રચાર અને ઈમામતના ઈલ્મના ફેલાવા માટે જે નમૂનારૂપ કાર્યો કર્યા છે અને બુઝુર્ગીના ઊચ્ચ સ્થાને છે. આપણને ખુદાનો શુકર

બજાવી લાવતાં આપણા પીરોની ઈજ્જતને એટલી હદે નમીને-માન સહીત સલામ કરવી જોઈએ કે જેટલો તેમનો હક બને છે, કારણ કે અમારી હસ્તી તેમના ચરણોની ધૂળ વડે બનાવવામાં આવી છે. આનો અર્થ એ છે કે તેઓ માનવંત સાહેબો દીન-મઝહબના જે પણ ખેતર અને બાગમાં રાત-દિવસ ચાલી-ફરીને કામ કરતા હતા, તે જ માટી વડે આપણી માન્યતા-આપણા વિશ્વાસના અસ્તીત્વનો ગારો બનાવવામાં આવ્યો છે. હવે એ કેમ શક્ય છે કે આપણે કોઈ પ્રકારની મોટાઈનો દાવો કરીએ ? અને શા માટે ?

જ્યારે કોઈ નેક કાર્ય, સંસ્થાની રીત પ્રમાણે કરવામાં આવે છે તો તેનો કાયદો એ છે કે તેને સંસ્થા સાથે સંબંધિત કરવામાં આવે છે. અને તે માટે ત્રણ પાસા છે. સંસ્થાના પ્રમુખનો આભાર માનવો પડે છે અથવા તે સંસ્થાનો ઉલ્લેખ થાય છે અથવા તે સઘળી વ્યક્તિઓનો આભાર માનવામાં આવે છે કે જેઓ સંસ્થા સાથે સંકળાએલાં છે. આ તો સઘળી સામાન્ય સંસ્થાઓનો સિદ્ધાંત છે, પણ જ્યાં જ્યાં ખાનાએ હિકમત અને "આરીફ"ના બરકતવંતા અસ્તીત્વની વાત છે ત્યાં ખુદાના ફઝલથી ઐક્યતા અને સંપનો એક ખાસ ચમત્કાર જોવા મળે છે જેનો એક ઉમદા દાખલો ખાનાએ હિકમતની ગીલ્ગીટ બ્રાંચ છે, જે અમારા ખૂબ જ સમજદાર (જ્ઞાની) પ્રમુખ ગુલામ કાદીરની સફળ દોરવણીમાં પ્રગતી કરી રહી છે. ગુલામ કાદીરના જાહેર અને બાતિન ઉપર ઈમામે ઝમાનના પ્રેમના પ્રકાશના કીરણો વરસી રહ્યા છે.

જો આ સેવક ખાનાએ હિકમત અને ઈદારાએ આરીફના બંને

પ્રમુખો, ફતેહઅલી હબીબ અને મહંમદ અબ્દુલ અઝીઝનો ઉલ્લેખ ન કરે અને બંને સંસ્થાઓના સઘળાં પૂર્વીય અને પશ્ચિમી અમલદારો અને સભ્યોના ઉજ્જવળ કામોને ન વખાણે તો આ સેવક દ્વારા બહુ જ મોટી ના-શુકરી અને બેવફાઇ થશે અને બીજી બાજુએ ભવિષ્યના ઈતિહાસ લખનારાઓને એ ગેરસમજ થશે કે આ સઘળી ઈલ્મી સેવા નસીર હુંઝાઈએ એકલાએ કરી હતી, માટે હું મારાં એ સઘળાં ફરીશ્તા જેવાં સાથીઓને કેમ ભૂલી શકું કે જેઓ મારા માટે અતીશય શક્તિના ભંડાર છે જેઓ રાત દિવસ ઈલ્મી સેવામાં પરોવાયેલાં છે, તેઓ બેઉ બેશક પ્રમુખ છે માટે ઈઝઝત અને મોટાઈના અર્થમાં આપણી આંખો ઉપર બેસી શકે છે, પણ તેમની નમ્રતાની એ શાન છે કે હંમેશા પ્રમુખની ખુરસી છોડીને એવા સામાન્ય સેવા કરવામાં ગૂંથાયેલા નજરે આવે છે કે જે તેમના મત મુજબ નફસને મારવા માટે (મોટાઈના અભિમાનથી દૂર રહેવા માટે) જરૂરી હોય છે.

ખુદાવંદ !! તું પોતાની અપાર રહેમતો વડે પૂર્વીય અને પશ્ચિમી સઘળાં મિત્રોને હકીકી જ્ઞાનની દૌલતથી માલામાલ કરી દે ! કે જેથી અમો સઘળાં મળીને શુદ્ધ ભાવના અને ભલી ઈચ્છાથી ઈમામ અલૈહીસ્સલામ અને પ્રીય જમાતની સારામાં સારી સેવા કરી શકીએ, આમીન યા રબ્બલ આલમીન !!

**-નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**
**ગુરુવાર ૧૬ ઝીલહજ ૧૩૦૪ હીજરી**
**૧૩ સપ્ટેમ્બર ૧૯૮૪ ઈસ્વી.**

Institute for Spiritual Wisdom Luminous Science

# સવાલનો હેતૂ જ્ઞાનનો વિકાસ છે

બીસ્મીલ્લાહીર્રેહમાનીર્રહીમ, અલહમ્દુ લિલ્લાહીર્રબ્બીલ આલમીન, વલ આકબતલ મુત્તકીન વસ્સલાતો વસ્સલામો અલા રસુલહી વ અલા આલહી અત્તાસ્હીન.

એ ધ્યાનમાં રહે કે સવાલ જુદાં જુદાં કારણોને લીધે કરવામાં આવે છે, માટે સઘળા સવાલોની પાશ્ચાદ ભૂમિકા એક જેવી નથી હોઇ શક્તી અને એ મુજબ, સૌથી વધુ ગમી જનાર અને આનંદ આપનાર સવાલ એ હોય છે કે જે મિત્રો કે લોકોના કોઇ વિભાગ તરફથી માત્ર જ્ઞાનના વિકાસ માટે ઉત્પન્ન થાય છે. આ પ્રકારના સવાલ અને જવાબથી મિત્રતા, પ્રેમ, ઐક્યતા, શુદ્ધ ભાવનાં, અને વિશ્વાસની સુગંધ આવે છે, અને આ નાચીઝ સેવક પોતાના ઇલ્મી મિત્રો અને ઊચ્ચ મરતબાવાળા જ્ઞાની દોસ્તોનો વ્યાજબીપણે ઉપકાર માને છે કે તેઓ વખતો વખત એવા ઉમદા અને વિચારવા લાયક સવાલો લખીને મોકલે છે જે ન ફક્ત મિત્રતાની શુદ્ધ ભાવના અને વિશ્વાસ ધરાવતા હોય છે પણ તેની સાથે સાથે જ્ઞાન–ઇલ્મના હીસાબે પણ અતીશય ઊચ્ચ અને ફાયદામંદ હોય છે, જેમકે નીચે જણાવ્યા મુજબ અમારાં એક મહાન જ્ઞાની મિત્રે ત્રણ એવા સવાલ ર્ક્યા છે :–

<u>સવાલ ૧ :</u> આ એક હકીક્ત છે કે ઈમામે ઝમાન (અ.સ.) હકીકી ઈલ્મ–જ્ઞાનના ખજાનચી છે અને તેઓજ પોતાના પાક જ્ઞાન મારફત લોકોને અજ્ઞાનતાની મૌતથી છૂટકારો અપાવે છે. પૂછવું એ છે કે ઈમામ (અ.સ.)ના આ જ્ઞાનની વિશાળતા અથવા ફેલાવો કેટલો છે અને તેઓ ક્યા ક્યા માર્ગોથી અથવા ક્યા ક્યા સાધનોથી જ્ઞાનને ચાહનારાઓને જ્ઞાન બખ્શે છે ? વધુમાં એ કે ઈલ્મ જ્ઞાનની કલ્પના અને નજાત (છૂટકારા)ની કલ્પનામાં શું સગપણ છે એટલે કે શું સંબંધ છે ?

<u>સવાલ ૨ :</u> વજૂદ એટલે કે અસ્તિત્વ શું છે ? રૂહાની અને શારીરિક અસ્તિત્વની મહત્વતા શું છે ? અને એ બંનેની વચ્ચે શું સંબંધ છે અને કેવો સંબંધ છે ? અસ્તિત્વના સંબંધનું અદમ (ન હોવું) તેની શું હકીક્ત છે ? આ બંનેમાંથી ક્યું મુકદમ (જૂનું) અને પહેલું છે ?

<u>સવાલ ૩ :</u> માણસના અંદર રહેલી જાતીય અથવા કામ (વાસના) વૃત્તિમાં કઇ હિકમત છૂપાયેલી છે ? બદલાઇ રહેલી સામાજિક કિમતોમાં આ શક્તિ તરફ આપણું વલણ કેવું હોવું જોઇએ એટલે કે શું રીત હોવી જોઇએ ? મઝહબ તરફથી જે બંધન એટલે પાબંદી નાખવામાં આવી છે તે વધારાની છે કે અટલ (જરૂરી) ખાસ કરીને પશ્ચિમી વાસના વૃત્તિની મુશ્કેલ સ્થિતિમાં એક મોમીનની ભૂમિકા શું હોવી જોઇએ ?

<u>જવાબ ૧ :</u> આ સવાલના ત્રણ ભાગો છે (અ) જ્ઞાનનો ફેલાવો ? (બ) જ્ઞાનના સાધનો ? (ક) નજાતનો સંબંધ ? હવે આ અશક્ત બંદો કે જે ઝમાનાના ઈમામ (અ.સ.)ના ઈલ્મી ગુલામોનો એક

અદના ગુલામ છે, અતીશય નમ્રતા, શીસ્ત, શુદ્ધ ભાવના અને કુરબાનીની લાગણી સાથે ભરપૂર થઈને અરજ કરે છે કે ચોક્કસપણે પાક-પવીત્ર ઈમામ (અ.સ.) હકીકી અને રૂહાની જ્ઞાનના ખજાનચી છે, ઈમામે ઝમાનનું જ્ઞાન કે જે અસલમાં ખુદાવંદતઆલાનું જ્ઞાન છે તે હિકમતની જરૂરતના લીધે મર્યાદિત અને એક તરફ જમા થયેલું પણ છે અને વિશાળ પણ છે. જે અર્થમાં જ્ઞાન મર્યાદિત રહેલું જણાય છે તે અર્થમાં તે એક ભંડાર, એક ખજાનાની અંદર રહેલું છે, જેમકે કુરાન (૧૫/૨૧)માં સઘળી વસ્તુઓ ઈલાહી ખજાનામાં મર્યાદિત હોવાનો (સમાયેલી હોવાનો) ઉલ્લેખ ફરમાવવામાં આવેલ છે અને જ્યાં જ્ઞાન પોતાના મૂળ અને ભંડારથી નીકળીને ફેલાયેલું છે ત્યાં તેનું વર્તુળ કે તેનો ફેલાવો ધરતી અને આકાશના જેટલો છે, આમ જ્ઞાનનું ઝવેરાત, સામાન્ય બુદ્ધિમાં આવનાર કોઈ ભૌતિક વસ્તુ જેવું નથી કે જેની ઉપર તોલ-માપ અને સપાટી કે ઊંડાણ જેવી મર્યાદા રાખવામાં આવે પરંતુ કાયનાતના પુસ્તક (કુરાન શરીફ)માં તેને જે રીતે એક હિકમત ભરપૂર શારીરિક સ્વરૂપ આપવામાં આવેલ છે તેને જોતાં જ્ઞાનના ફેલાવાની માન્યતા તદ્દન વ્યાજબી છે, આમ જ્ઞાન અને તેના ફેલાવાના દાખલા કે દલીલો આ મુજબ છે.

(૧) સમજદાર-જ્ઞાની લોકોને એમાં લેશમાત્ર પણ શંકા નથી કે જ્ઞાન હકીકી અને રૂહાની સ્વરૂપમાં ખુદાવંદી નૂર છે જેનું એક મૂળ છે અને એક તેનો ફેલાવો. આ મૂળની ઉપમા કુરાનમાં એક પ્રકાશિત દીવાથી આપેલી છે જે એક ગોખલામાં હોય અને તેના પ્રકાશના ફેલાવાની મર્યાદા, સમગ્ર કાયનાતની મર્યાદાઓ બતાવવામાં આવી છે (૨૪/૩૫) માટે એ સાચું છે કે સઘળાં એકઠા થયેલ જ્ઞાનનું મૂળ

ઈમામે ઝમાન (અ.સ.) છે અને વીખરાયેલ જ્ઞાનનો ફેલાવો પૂરા બ્રહ્મમાંડની બરાબર છે.

(૨) અક્લ એટલે કે ઈલ્મ, રૂહ અને જીસ્મે લતીફ (રૂહાની શરીર) વડે બહેશ્ત બનાવવામાં આવી છે અને આ ત્રણ વસ્તુઓ સાચા અર્થમાં ઈમામે ઝમાન (અ.સ.)ની મુબારક હસ્તીમાં મોજૂદ છે માટે બહેશ્તનું કેન્દ્ર અને જન્નતની એક્ંદર સ્થિતિ સુરહે યાસીન (૩૬)ની આયત (૧૨) મુજબ ઈમામ છે. અને બીજી બાજુએથી જન્નતની લંબાઈ અને પહોળાઈ (વિસ્તાર) ધરતી અને આકાશની બરાબર છે જેમકે સુરહ આલે ઈમરાન (૩) આયત (૧૩૩)માં જાણાવેલું છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ઈલ્મ–જ્ઞાનનું નૂર કે જે બીજાં અર્થમાં જન્નતનું કેન્દ્ર પણ છે, તે ઈમામે ઝમાનના પવીત્ર કપાળ (તેમની પેશાની)માં છે અને તેનો પ્રકાશ બ્રહ્મમાંડના જાહેર અને બાતિન ઉપર છવાયેલો છે.

(૩) ઈલ્મ–જ્ઞાન એ દીલોના કામમાંથી છે. જ્ઞાની અથવા વિદ્વાન તે કામ કરનાર છે અને જગત (કાયનાત) ઊચ્ચ નામ છે. જેમ મહોરની વીટી મહોર લગાડવા માટે કે છાપ મારવા માટેનું એક સાધન હોય છે તેમ વિદ્વાન, જ્ઞાન (એટલે કે જાણકારી)ની મહોરની વીટી છે પરંતુ હકીકી વિદ્વાન ખુદા અને રસુલના પછી ઈમામે ઝમાન (અ.સ.) છે, જેમને કાયનાત અને તેમાં રહેલ સઘળી વસ્તુઓનું જ્ઞાન અક્લના નૂર સ્વરૂપે અર્પણ કરવામાં આવેલ છે, આમ જ્ઞાનનું મૂળ જેવું હોવું જોઈએ તેવું, ઈમામે ઝમાન છે અને તેનો વિસ્તાર સમગ્ર કાયનાતમાં ફેલાયેલો છે.

(૪) જ્ઞાન જેમ અક્લ અને મૂળ રૂપમાં એક નૂર (એક પ્રકાશ) છે અને જેમ પોતાના ફેલાવામાં એક કાયનાત છે તે જ રીતે તે કોઇ પણ પ્રકારની ઓછપ વગર એક સંપૂર્ણ આસમાની પુસ્તક પણ છે અને તે હિકમત ભરપૂર પુસ્તક કુરાને મજીદ છે, અને તેની જીવંત રૂહ એટલે કે નૂર, હકીકી વિદ્વાન અને વારસ, બરહક ઈમામ અલૈહીસ્સલામ છે.

હવે પહેલાં સવાલનો એ ભાગ સામે આવે છે કે "ઈમામ ક્યા ક્યા સાધનોથી જ્ઞાનના ચાહનારાઓને જ્ઞાન બક્ષીસ કરે છે (અર્પણ કરે છે)" આ બાબતમાં મારી વિનંતી એ છે કે, જ્ઞાન એ અલ્લાહ તઆલાની સૌથી મોટી ન્યામત છે અને એ હકીક્તનો કોઇ દીનદાર અસ્વીકાર નહી કરશે, અને ખુદાની ન્યામતો જાહેરમાં પણ છે અને બાતિનમાં પણ છે, જેમકે કુરાનમાં ફરમાવેલું છે કે "શું તમોએ ધ્યાન નથી ર્ક્યું કે જે કંઇ પણ આકાશોમાં છે અને જે કંઇ પણ જમીનમાં છે (તે સઘળું) ખુદાએજ ચોક્કસપણે તમારે આધિન કરી દીધું છે અને તમારા ઉપર તેની જાહેરી એટલે કે ખુલ્લી અને બાતિની એટલે કે છૂપી ન્યામતો પૂર્ણ કરી દીધી છે ?" (૩૧/૨૦) આ બરક્તવંતી કુરાનની શીખામણના પ્રકાશમાં એક સાથે કેટલીય હકીક્તો સ્પષ્ટ થઇ જાય છે જેને યોગ્ય રીતે જ્ઞાન ધરાવનારા લોકો (વિદ્વાનો) જ સમજી શકે છે. દાખલા તરીકે ફક્ત એટલું કહેવું જોઇએ કે જગતના પરવરદીગારે ન ફક્ત શારીરિક આકાશ અને જમીનને માણસના માટે કામમાં લગાડી દીધા છે પરંતુ એ જ રીતે રૂહાની આકાશ અને જમીનને પણ તદ્દન તાજી તાજી બાતિની ન્યામતો પેદા કરવાને માટે આજ્ઞા આપીને ઊભાં રાખી દીધા છે. જે રીતે જાહેરી આકાશ અને જમીન ઉપર અમલ કરવાથી

(કાર્ય કરવાથી) જાહેરી ન્યામતોનો ક્રમ ચાલતો રહે છે તે જ રીતે રૂહાની આકાશ અને જમીનમાં થતાં કાર્યોથી રૂહાની ન્યામતો પણ ચાલતી રહે છે, આમ જ્ઞાન મેળવવાના બે સાધનો છે, જાહેરી અને બાતિની, અર્થાત જેવી રીતે માનવીની જાહેરી અને બાતિની લાગણીઓ (ઇંદ્રીયો) છે તે રીતે જાહેરી અને બાતિની જ્ઞાનના બે રસ્તા છે.

જે રીતે હઝરત આદમ (અ.સ.) શરીર અને માનવીપણાં છતાં ખુદાઇ રૂહ (એટલે કે નૂર) ધરાવતા હતા અને જેના મારફત તેવણ નામદાર રૂહાનીયતની રીતથી પોતાના સમયના મોમીનોને હકીકી જ્ઞાન દેતા રહેતા હતા. અને રૂહાની દૃષ્ટિકોણથી જોવામાં આવે તો હંમેશા મોમીનો જ મલાયક એટલે કે ફરીશ્તા કહેવાય છે, તે રીતે ઇમામે ઝમાનના રૂહાની જ્ઞાનનો દરવાજો દરેક વખતે મોમીનો ઉપર વિશાળ થઇને એટલે કે ખુલ્લો રહે છે અને આ અનંત દૌલતને પ્રાપ્ત કરવા માટે દરેક માણસે રૂહાનીયતના રસ્તા દ્વારા આગળ અને આગળ વધવાની જરૂરત છે કે જેથી તે મલાયકોના ટોળામાં ભળી જઇને ખુદા અને રસુલ (સ.અ.સ.)ના ખલીફા (પ્રતીનિધી) એટલે કે વખતના ઇમામથી સીધી રીતે **(DIRECTLY)** જ્ઞાન પ્રાપ્ત કરી શકે.

હ. આદમ (અ.સ.)ના કિસ્સામાં રૂહાની જ્ઞાનને "ઇલ્મે અસ્મા" (નામનું જ્ઞાન) કહેવામાં આવ્યું છે કે જે ઇસ્મે આઝમના હેઠળ હતું અને ખુદાના એ જ કાનૂન પ્રમાણે હઝરત આદમ અલૈહીસ્સલામે ફરીશતાના ગુણો ધરાવનારા મોમીનો એટલે કે "હુદુદે દીન"ને મહાન નામ યાદ કરવાની ઇબાદત શીખવાડીને તેઓમાં એ ખુદાઇ રૂહ ફૂંકી દીધી કે જેના લીધે મુરશીદ અને મુરીદ વચ્ચે રૂહાની સંબંધ કાયમ થઇ શકે

છે અને ખુદાની આજ એ રીત છે કે જે અલ્લાહના ખાસ બંદાઓમાં ગુજરી ચૂકી છે (૪૦/૮૫) અને ખુદાની આદતમાં (રીતમાં) કોઇ ફેરફાર નથી થતો અને ઝમાનાનો હાદી (ઈમામે ઝમાન) ખુદાની એ જ રીત પ્રમાણે કે જે અટલ (અવીચલ) છે, મોમીનોને રૂહાની જ્ઞાન દેતો રહે છે. (૧૭/૭૭)

જો ખુદા અને તેના પસંદગી પામેલાં પયગમ્બર (અ.સ.)ના તરફથી, દરેક ઝમાનાના ઈમામ નૂરાની જ્ઞાનના ધણી ન હોત તો ઘણી કુરાની આયતો અને નબી સાહેબની હદીસોમાં ઈમામની ઓળખ બાબત આટલી મોટી મહત્વતા ન અપાઇ હોત, જેમકે કુરાનમાં ફરમાવેલું છે કે "અને જે શખ્સ દુનિયામાં આંધળો રહેશે, તે આખરતમાં પણ આંધળો રહેશે અને રસ્તાથી વધુ ભટકેલો હશે." (૧૭/૭૨) અને આ હદીસ કે "જે શખ્સ પોતાના ઝમાનાના ઈમામને ઓળખ્યા વગર મરી જાય છે તે અજ્ઞાન (નાદાન)ની મોતે મરી ચૂક્યો હોય છે અને અજ્ઞાનનું ઠેકાણું દોઝખની આગમાં છે." અહી એ સત્ય વાત સ્પષ્ટ છે કે ઈમામે ઝમાન (અ.સ.) જાહેરી રીતે અને બાતિની રીતે ખુદા અને રસુલ (સ.અ.સ.)ના નૂર છે. કુરાન અને ઈસ્લામના નૂર છે અને મારફતના નૂર છે.

અફસોસ છે કે ઘણા લોકોએ "ઇન્ની જાએલુન ફીલ અર્ઝે ખલીફા" (૨/૩૦)નો અર્થ નથી સમજ્યો "અર્ઝ"નો શાબ્દિક અર્થ છે પૃથ્વીનો આ ગ્રહ, અને તે થકી તેનો હેતૂ છે દુનિયાભરના લોકો અને અર્ઝનો તાવીલી અર્થ છે રૂહાનીયતની ધરતી. આમ ખુદાના રૂહ અને ખુદાના નૂરની હેસીયતે પાક-પવીત્ર ખુદાની ખીલાફતનું પ્રતિનિધિત્વ

હઝરત આદમ (અ.સ.)ના બાતિનમાં હતું, જેના લીધે તેઓ રૂહાની રીતે મોમીનોને, ભલે જાહેરી (ભૌતિક) સ્થિતિમાં તેઓ જ્યાં પણ હોય, હકીકી જ્ઞાન શીખવતા હતા અને એજ મરતબો દરેક પયગમ્બરો અને દરેક ઈમામને પ્રાપ્ત છે, કેમકે સાચા દીનમાં ખીલાફત અને ખુદાના પ્રતિનિધિનું હોવું, જ્યાં સુધી આ જગત કાયમ છે ત્યાં સુધી રહેવાનું છે. જો આપણે તેથી વિરૂદ્ધ આમ વિચાર કરીએ કે આ ખીલાફતનો સંબંધ ફક્ત હઝરત આદમ (અ.સ.)ના વ્યક્તિત્વ સાથે જ છે અને તે પણ ફક્ત જાહેરીમાં અને કશીય તાવીલ વગર, વળી તેનું વર્તુળ (તેનું હોવું) ધરતીના ફક્ત તે ભાગ સુધી મર્યાદિત હતું, જેમાં હઝરત આદમ (અ.સ.) શારીરિક રીતે વસીને (રહીને) કરતા હતા, તો એ હાલતમાં (નઉઝુબિલ્લાહ) ખુદાવંદતઆલાની એવી ખીલાફત નાના બાળકની રમત ગણાશે અને અલ્લાહ એવી ઉપમાઓથી પાક છે, (જૂદો છે).

હવે સવાલના એ ભાગ વિષે વાત કરવાનો વારો આવે છે કે "જ્ઞાનની કલ્પના અને નજાત (મુક્તિ)ની કલ્પના વચ્ચે શું સંબંધ છે? તો તેના જવાબમાં કહેવાનું કે મનુષ્ય ત્રણ વસ્તુઓનો સંગમ છે, શરીર, રૂહ અને અકલ, તેના ઈનામ અને સજા પણ ત્રણ ત્રણ છે, શારીરિક, રૂહને લગતાં અને અકલના અને આ વાત સઘળા જાણે છે કે શરીર કરતાં રૂહ ઊચ્ચ છે અને રૂહ કરતાં અકલ ઊચ્ચ. માટે ન ફક્ત અકલનો સવાબ (ઈનામ) સૌથી મોટો છે પણ બીજી બાજુએથી અકલની સજા (આઝાબ) પણ સૌથી વધુ તકલીફવાળી અને મોટી છે. પણ સવાલ છે કે અકલની સજા કઈ બલાનું નામ છે ? તો જવાબ મળે છે કે અકલની સજા અજ્ઞાનતા અને નાદાનીને કહે છે. અને એ

સજાથી કોઇ વસ્તુ છુટકારો નથી અપાવી શક્તી. પરંતુ હકીકી જ્ઞાન એટલે ઇલ્મ નજાતનું જામીન છે અને એમ કહેવું પણ વ્યાજબી છે કે જ્ઞાની નજાતનું અમલી સ્વરૂપ છે કેમકે જ્ઞાન બહેશ્ત છે, કે જે અજ્ઞાનતાની આગથી વિરૂધ્ધ છે અને આમ આ વર્ણનમાં જ્ઞાન અને નજાતની વચ્ચે જેવો સંબંધ છે તેનો ઉલ્લેખ આવી ગયો.

<u>જવાબ ૨ :</u> આ સવાલના પાંચ વિભાગો છે (અ) અસ્તિત્વ શું છે ? (બ) અસ્તિત્વની મહત્ત્વતા (ક) શરીર અને રૂહનો સંબંધ? (ડ) અસ્તિત્વના સંબંધની ન હોવા બાબતની હકીક્ત (ઇ) અસ્તિત્વ(હોવું) અને તેના ન હોવામાંથી કોણ જુનું છે અથવા પહેલેથી છે ? તો અહી સૌથી પ્રથમ અસ્તિત્વ વિષે વાત કરવામાં આવે છે. અસ્તિત્વ એટલે કે વજૂદ. વજૂદ એ અરબી ભાષાનો શબ્દ છે, તેમાં જે અક્ષરો છે તે છે વાવ (૭) જીમ અને દાલ અને આ શબ્દ જે ત્રણ અક્ષરો પર છે તેના મૂળનો અર્થ થાય છે કોઇ વસ્તુનું મેળવી લેવું (પ્રાપ્ત કરી લેવું) અને એ અર્થમાં અસ્તિત્વ એટલે કે હોવું (હસ્તી). અને હોવું તથા ન હોવું એકબીજાના વિરૂધ્ધની વાત છે. હસ્તીના ત્રણ પ્રકારો છે શારીરિક, રૂહાની અને અકલના પ્રકાર અને માનવીમાં આ ત્રણે વસ્તુ રહેલી છે. શારીરિક વસ્તુઓ જાહેરી ઇંદ્રીયો કે લાગણીઓ મારફત પ્રાપ્ત થાય છે, રૂહાની વસ્તુઓ બાતિનની લાગણીઓની મદદથી અને અકલ બાબતની વસ્તુઓનું મળવું વિચાર કે અકલની શક્તિ ઉપર નિર્ભર છે.

રૂહાની અને શારીરિક અસ્તિત્વની મહત્ત્વતા શું છે ? એ સવાલનો જવાબ એમ છે કે કુરાનમાં જણાવ્યા મુજબ (૩/૨૭), ૩૯/૪, ૫૧/૪૯) અલ્લાહ તબારક વ તઆલા દરેકે દરેક બે એક બીજા

વિરૂદ્ધની વસ્તુઓને એક બીજાથી પેદા કરે છે અને એક બીજામાં ફના કરી દયે છે એનો અર્થ એમ છે કે જરાય આગળ પાછળ થયા વગર એટલે કે વિલંબ વગર અને કોઇ આરંભ કે અંત સિવાય હમેશાં દુનિયાથી આખરત અને આખરતથી દુનિયા બનાવવામાં આવે છે. આ વાત ખાસ કરીને જાહેરી અને બાતિની કાયનાત સબંધે છે આ ઉપરથી એ મૂળ કામ અથવા એ અસલ બાબત જાહેર થાય છે કે રૂહની મોટાઇ એટલે કે રૂહનો દરજ્જો ઊંચો છે એવી વાત તો જો કે સૌ જાણે છે અને સૌએ કબૂલ કરેલી છે પરંતુ શરીરનું મહત્ત્વ બિલ્કુલ એમ જ છે કે જેમ રૂહનું મહત્ત્વ છે, કેમકે રૂહ ક્યારેય કોઇ વજૂદ અથવા શરીર વગરની નથી. તે અણુના જગતમાં સુક્ષ્મ શરીરના કણ ઉપર સવાર થઇને અહી તહી ઉડતી રહે છે, આ જગતમાં પૂરી ઉંમર સુધી શરીર સાથે જોડાયેલી રહે છે અને પછી આખરતમાં, જેવા આમાલ કરેલાં હોય તે પ્રમાણે તેને એક જીવંત ઘર પછી તે લતીફ, (શુક્ષ્મ) રૂહાની હોય અથવા કસીફ (જીસ્માની) હોય (૨૯/૬૪) તે આપવામાં આવે છે. જેમકે પીર નાસીર ખુસરૂ, પ્રાણ અને શરીરની એક જેવી જ મહત્ત્વતા વિષે કોઇ નાસ્તિકને સંબોધતાં ફરમાવે છે કે "તું ફક્ત એક ભાગને (એક ટૂકડાને) જૂએ છે પરંતુ કુલ (સંપૂર્ણ)ને નથી જોઇ શક્તો, એ જ કારણ છે કે તું રસ્તાથી ભટકી ગયો છે, જો તું કુલનો અનુભવ કરત્તે તો તે વખતે શરીર અને પ્રાણની મહત્ત્વતા તારા માટે એક જેવીજ થઇ જાતે."

રૂહાની અને શારીરિક અસ્તિત્વના વચ્ચે સંબંધ શું છે અને કેવો છે ? એનો ઉલ્લેખ પ્રાણ અને શરીરની મહત્ત્વતાના વાર્ણનમાં પોતે પોતે જ આવી ગયો, તેમ છતાં અહી પણ એ બાબતમાં એક દાખલો

વાર્ણવવામાં આવે છે કે ઇન્સાની રચના અને તેનું પૂર્ણ થવું, જેની શરૂઆત તે વીર્યના મળી જવાથી થાય છે (બેશક અમોએ મનુષ્યને (સ્ત્રી-પુરુષના) મિશ્રીત વીર્યથી પેદા કર્યો કે જેથી અમે તેને અજમાવીએ). (૨૬/૨) કે જે ગર્ભાશયમાં દાખલ થઇ જાય છે. એમાં કોઇ પણ જાતના વિલંબ કે આગળ પાછળ કર્યા વગર, કોઇ પણ જાતના ભેદ વગર, રૂહ પણ છે અને (ભૌતિક) શરીર પણ છે અને આ બેઉ વસ્તુ એક બીજાને બનાવતા બનાવતા એક સાથે આગળ વધે છે અને એ જ હાલ ઝાડના બીજ અને પક્ષીના ઇંડાનો છે કે બીજમાં વનસ્પતીની રૂહ અને ઇંડામાં હેવાની રૂહ છૂપાયેલી છે. આ દાખલાથી એ હકીક્ત પ્રકાશીત થઇ જાય છે કે રૂહાની અને શારીરિક અસ્તિત્વ હંમેશા એક રહેવાના સંબંધમાં, એકબીજાની સાથે મળેલાં છે.

અસ્તિત્વના સંબંધનું ન હોવું, તેની હકીક્ત શું છે ? અને આ (અસ્તિત્વ) હોવા અને ન હોવામાંથી કોણ પુરાણું છે એટલે કે પહેલું છે ? આ બાબતમાં નમ્ર અરજ એ છે કે, ન હોવું (નીસ્તી) એ હકીક્તમાં કોઇ એવી બાબત નથી જેવી કે સામાન્યપણે તેને સમજવામાં આવે છે એટલે કે ખુદાની બાદશાહીમાં ક્યાંય પણ ન હોવાની હકીક્ત (હસ્તી ન હોવી-કાંઇ પણ ન હોવું) એમ નથી બલ્કે આલમે અમર એટલે કે ખુદાના હુકમ "કુન"ના જગતનું નમૂનારૂપે એક નામ છે. હવે કેમકે આલમે અમર "ન હોવા જેવું હોવું" એ પ્રમાણે છે એટલે કે એવી હસ્તી-એવું અસ્તિત્વ કે જે પોતાની અંદર એક અસ્તિત્વ તો છે પણ તે (પોતામાંથી હંમેશાં નવી વસ્તુ બહાર કાઢનાર છે) ઇબ્દા છે. અને "કુન" વગર તેના અક્લી, ઇલ્મી, રૂહાની અને શારીરિક જાહેરીપણામાંથી કોઇ બાબત જાહેર નથી થઇ શક્તી માટે જેમ માનવામાં

આવે છે કે કંઇ ન હતું અને તેમાંથી હસ્તી બની, એ એક સામન્ય કલ્પના છે અને તેમાં હસ્તીની અને ન હોવાની એક તરફી સંબંધની વાત છે, જો કે સચ્ચાઇ તેથી ઉલટ છે, તે એમ કે જે રીતે હસ્તી (વજૂદ) નીસ્તીથી છે તે જ રીતે નીસ્તી (ન હોવું) એ હસ્તીથી છે અને તેમાં સમયનું કોઇ પણ આઘુંપાછું થવું કે વિલંબ થવું એમ નથી કેમકે બેઉ એક સાથે "કલમાએ કુન"ની જેમજ પુરાણા છે. પણ હા! શરૂઆતના પ્રમાણે અકલી વજૂદ સૌથી પહેલાં છે પછી રૂહાની વજૂદ છે અને તે પછી શારીરિક વજૂદ છે.

પવીત્ર કુરાનમાં એ ફરમાનો કે જે પેદાઇશના સંબંધમાં છે, અને ખાસ કરીને એવી આયાત કે જે એકબીજાની વિરૂદ્ધની (એટલે કે દિવસ અને રાત્રી એવી જોડી જોડી વાળી વસ્તુઓ)ની રચના વિષે છે, (તે આયતો) હિકમતની ભાષામાં એ બતાવે છે કે સર્વશક્તિમાન (અલ્લાહ), જે રીતે તેની પવીત્ર હસ્તી કોઇ આરંભ કે અંત વિના છે તે જ રીતે તે હંમેશા આ ભૌતિક જગત (ફાની દુનિયા) અને આલમે અમર એટલે કે પરલોકને પહેલાં કે પછીનો સમય દીધા વગર એક બીજા વડે પેદા કરતો રહે છે જેમકે આ કુરાની આયતમાં એજ હકીકત જણાવેલી છે કે "અને (ખુદા) એજ છે જેણે આકાશો તથા ધરતીને હકની સાથે પેદા કર્યા, અને જે દિવસે ફરમાવે છે કે કુન (થઇ જા) તો તે થઇ જાય છે. (૬/૭૩)" આ ફરમાનમાં ભૌતિક જગતથી આલમે અમર બનાવવાનો ઉલ્લેખ ફરમાવેલો છે, પરંતુ આ મહાન કાર્યનો સંબંધ વ્યક્તિગતક્યામત અને રૂહાનીયતના અનુભવથી છે એટલે કે આ કામ એવું છે કે થઇ પણ ચુક્યું છે, થઇ પણ રહ્યું છે અને થનારૂં પણ છે, કારણ કે આ ઈલાહી એટલે કે ખુદાની ઈચ્છાની વાત

છે, કે જે જાહેરી સમયની મર્યાદાથી ઉપરવટ છે, આમ અહી બીજા સવાલનો જવાબ સંપૂર્ણ થાય છે.

જવાબ ૩ : આ સવાલમાં ચાર વાતો પૂછવામાં આવી છે. (અ) મનુષ્યમાં રહેલી જાતીય અથવા વાસનાની જે ઇચ્છા છે. તેમાં કઇ હિકમત છુપાયેલી છે ? (બ) બદલાઇ રહેલી સામાજિક કિમતોમાં (સ્થિતિમાં) આ શક્તિ તરફ આપણું વલણ કેવું હોવું જોઇએ, (ક) મઝહબ તરફથી નાખવામાં આવેલી પાબંદી (બંધન) વધારાનું છે કે જરૂરી છે ? (ડ) ખાસ કરીને પશ્ચિમી વાસના વૃત્તિની મુશ્કેલ સ્થિતિમાં એક મોમીનની ભૂમિકા શું હોવી જોઇએ ?

આ પ્રકરણમાં અરજ કરવાની કે ખુદાવંદ આલમે મનુષ્યને અશરફુલ મખ્લુકાત એ અર્થમાં બનાવ્યો છે કે તેની હસ્તી શરીર, રૂહ અને અક્કલની મેળવણીથી અસંખ્ય શક્તિઓ અને આવડતોનું એક મિશ્રણ છે. જેમાંથી પ્રત્યેક, ઘણી હિકમતો ઉપર આધારિત છે, પણ દરેક શક્તિ અને દરેક ઇચ્છાઓની હિકમતથી ફાયદો તે વખતે પ્રાપ્ત થાય છે જ્યારે કે સદ્ભાગી મોમીન ખુદા, રસૂલ (સ.અ.સ.) અને સાહેબે અમ્ર (અ.સ.)ની પાક આજ્ઞાઓ ઉપર જેવી જરૂરત છે તે પ્રમાણે અમલ કરે છે. જો એમ ન હોય તો પછી નફસની ઇચ્છાઓને લીધે મનુષ્ય અને જાનવર તથા મોમીન અને કાફરની વચ્ચે શું તફાવત હોઇ શકે છે, એટલે સુધી કે દરેક અદના ઇચ્છા કુદરતના સિદ્ધાંત અને સ્વભાવ મુજબ ઊચ્ચ ઇચ્છાના સ્વરૂપમાં બદલાઇ જાય છે, જ્યારે એક હોશીયાર મોમીન ધીરજ અને ખુદાના ડરથી કામ લઇને ઇમાનના રસ્તા ઉપર આગળ અને આગળ વધે છે.

કુરાનમાં મોમીન બંદાનો સૌથી ઊચ્ચ ગુણ પરહેઝગારી (તક્વા) બતાવવામાં આવ્યો છે અને તક્વા વિષે એટલું કહેવાનું કે મુત્તકી એટલે કે પરહેઝગારની સાથે અલ્લાહ પાક છે (૨/૧૯૪) મુસલમાનોમાં મુત્તકી સૌથી મોટો માનનીય છે (૪૯/૧૩) મુત્તકી ખુદાનો મિત્ર છે (૩/૧૩૩) મુત્તકીની દરેક દુઆ, બંદગી, કુરબાની અને નેકી કબૂલ અને દરેક ઈચ્છા પૂરી થઇ જાય છે. (૫/૨૭) મુત્તકી ક્યામતના દિવસે ખુદાનો મહેમાન હશે (૧૯/૮૫) અને દરેક મુત્તકીના માટે પયગમ્બર (અ.સ.) ઈમામ (અ.સ.) ફુરકાન, નૂર અને ઝીકરની અસંખ્ય બરક્તો પ્રાપ્ત છે (૨૧/૪૮). અહી એ મુદ્દો યાદ રહે કે તક્વાનો સંબંધ સૌથી પહેલે માન્યતાઓ (ઈમાન) તથા સિદ્ધાંતોથી અને તે પછી સારી આદતો (સદ્ચારીત્રય)થી છે અને સદ્વર્તનમય તક્વાની હિક્મત એ છે કે નફસની દરેક ગેરવ્યાજબી ફરમાઈશોથી વિરૂદ્ધ અમલ કરવામાં આવે.

જોકે દરેક એવા માનવીને કે જે પરહેઝગાર અને ઈસ્લામના નૂરનો પૈરવ (મુરીદ) હોય, યુવાનીમાં હઝરત મૂસા (અ.સ.)ની જેમ પયગમ્બરી નથી મળી શક્તી. તેમ છતાંય અલ્લાહતઆલા કોઇ મોટી રૂહાની દૌલતની તરફ ઈશારો કરતાં, નવાઝી દેવાનો વાયદો ફરમાવે છે. જેમકે ફરમાવેલું છે કે "અને જ્યારે તે (મૂસા અ.સ.) ભર જવાનીમાં પહોંચ્યો અને (નફસને પીગળાવીને એટલે કે કાબૂ કરીને) યોગ્ય શક્તિએ પહોંચ્યો તો અમોએ તેને હિક્મત એટલે સદ્બુદ્ધિ અને જ્ઞાન અર્પણ કર્યાં અને અમો સદાચારીઓને એવી રીતે યાદ કરીએ છીએ (બદલો આપ્યા કરીએ છીએ). આમાં પૂરેપૂરી અને સંપૂર્ણ રૂહાનીયત અર્પણ કરી દેવાનો ઈશારો છે. આ આસમાની વાતના પ્રકાશમાં જોવાથી

એ જણાય છે કે સઘળા પરીપૂર્ણ માનવીઓ (પયગમ્બરો-ઈમામો)ને ખુદાવંદે મહેરબાનની સેવામાંથી (ખુદાના પાસેથી) જે કંઇ પણ મળ્યું છે તે યુવાનીની વયે મળ્યું છે, અલબત્ત યુવાનીમાં કોઇ મોટો ભેદ હશે, હા ! ખૂબ જ મહાન ભેદ છે. અને તે છે વાસનાવૃત્તિ, જેમાં હિકમતના કેટલાંય પાસા છે અને ટૂંકમાં એ કે એ કસોટી લેવાની વસ્તુ છે અને તે સુધારણા અને પીગળી જવા (નફસ ઉપર કાબુ કરવા)ને માટે છે અને તેના મારફત ખુદાના મિત્રો દુનિયાની મહોબ્બતને મૌલાની મહોબ્બત બનાવી લ્યે છે. આ એક ઠોસ (મજબૂત) સત્ય છે કે કોઇ પણ ઘરડો માણસ ખુદાનો આશક નથી હોઇ શક્તો સિવાય કે યુવાનીમાં આ સદ્ભાગ્ય સાંપડે, ન તો કોઇ બાળક આ મસ્તીથી ભરેલું હોઇ શકે છે, ન કોઇ હીજડો અને ન કોઇ ખસ્સી. આખરે તેનું કારણ શું છે ? તેનું કારણ એ જ છે કે ભરયુવાનીમાં નફસની જે ભરપૂર (ખૂબ જ વધારે-શક્તિશાળી) ઇચ્છા પેદા થઇ જાય છે, જો તે ન હોય તો ન ફક્ત રૂહાની પ્રગતીની પરીક્ષાનું (કસોટીનું) અસ્તિત્વ અંત પામે છે બલ્કે તેની સાથે સાથે ઊચ્ચતા, આગળ વધવું અને ઇશ્કેઇલાહી એટલે કે ખુદાની મહોબ્બત પણ અશક્ય બની જાય છે.

કોઇ પણ ગેરમુસ્લીમ દેશની બદલાઇ રહેલી સામાજિક સ્થિતિને તેનો વ્યક્તિગત મામલો સમજવો અને ઇસ્લામના અંશ (ઇસ્લામની રૂહ) વિરૂદ્ધના આમાલથી (એવાં ખોટાં કાર્યોથી) પોતાને બચાવવો જરૂરી છે, નહી તો સોસાયટીની ફિકરમાં આપણી પોતાની સદાચાર (સારા ગુણો)ની, મઝહબી અને રૂહાની સ્થિતિ (કિંમત) મરી પરવારશે. (અંત પામશે)

મઝહબની એવી આજ્ઞાઓ કે જેમાં સુધારા કરવાની જરાંયે શક્યતા ન હોય તે સદાયના અને અટલ છે અને જેમકે આ પહેલાં વિસ્તારપૂર્વક જણાવવામાં આવ્યું, પશ્ચિમના લોકોની ઘણી વસ્તુઓ તેમની પોતાની પેદા કરેલી બાબતો છે હકીકી મોમીનને તેનાથી અલગ અને દૂર રહેવું જોઈએ. વસ્સલામ.

**ફક્ત તમારો મિત્ર,**
**નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઇ**
**૧૦ જાન્યુઆરી ૧૯૮૪**

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# અકલનો મરતબો અને તાવીલનું કેન્દ્ર

અહી સૌથી પહેલાં એ હકીક્તને સમજી લેવામાં આવે કે શરીર જાહેર છે રૂહ બાતિન છે અને અકલ બાતિનથી પણ બાતિન છે, માટે કુરાનમાં જ્યાં જ્યાં શબ્દ "અકલ"નો કોઇ અસલ અથવા તેનાથી બનેલ-સંબંધિત શબ્દ આવ્યો છે, તો તેમાં બાતિનથી બાતિનનો ઉલ્લેખ ફરમાવેલ છે. જેમકે સુરહ તાહા (૨૦) આયત (૭)માં બાતિને સીર્ર અને બાતિનના બાતિનને અખ્ફા ક્હેવામાં આવેલ છે, અને કુરાનનું નાઝીલ થવું એ અકલથી રૂહની તરફ અને રૂહથી શરીરની તરફ આવેલ છે, અને તેની તાવીલ શરીરથી રૂહમાં અને રૂહથી અકલની તરફ ઊંચી થઇ જાય છે. એનો અર્થ એ થયો કે જેમને ખુદાની મદદ છે એવા લોકો કુરાનને પહેલાં તો જાહેરીમાં મેળવે છે તે પછી પોતાની રૂહાનીયતમાં જુએ છે અને પછી અકલના અરીસામાં (એટલે કે અકલના મોતીમાં) તેનો અનુભવ કરે છે જેમકે કુરાનમાં ફરમાવેલું છે કે "પરંતુ તે (કુરાન) એ લોકોના અંતઃકરણોમાં કે જેમને જ્ઞાન અર્પણ કરવામાં આવેલું છે સ્પષ્ટ મોજીઝાઓ (ના સ્વરૂપમાં) છે. (૨૯/૪૯) એટલે કે પવીત્ર

હઝરત ઈમામો સલ્વાતુલ્લાહ અલૈહીમની રૂહ અને રૂહાનીયતમાં કુરાન મોજીઝાઓના સ્વરૂપમાં મોજૂદ છે અને એ જ પાક અને પવીત્ર હસ્તીઓને ખુદાઇ જ્ઞાન અર્પણ કરવામાં આવ્યું છે. અને જ્ઞાનનું મૂળ અકલનું નૂર છે. અને હદીસ મુજબ, પવીત્ર કુરાન ઈમામ (અ.સ.)ની સાથે છે. અને એ ઊચ્ચ મરતબાવાળા ઈમામ કુરાનની સાથે છે. અને આ હકીકત–આ સત્ય ત્રણ પ્રકારે છે. અવ્વલ એ કે જાહેરી મુકામ (અર્થાત આ દુનિયા)માં આસમાની પુસ્તક અને બરહક ઈમામ (અ.સ.)નો એકબીજા સાથેનો સંબંધ અન્યોના કરતાં ઘણો વધારે મજબૂત છે, એ માટે કે પાક કુરાન ખુદાના પયગમ્બરનો વારસો છે અને ઈમામે ઝમાન હઝરત પયગમ્બર (સ.અ.સ.)ના વારસદાર છે. (૩૫/૩૨, ૪/૫૪) બીજું એ કે બાતિનના મુકામ એટલે કે રૂહાનીયતમાં કુરાનની રૂહ (૪૨/૫૨) અને ઈમામતનું નૂર (૫/૧૫) એક છે. અને ત્રીજું એ કે અકલના મુકામ ઉપર છુપાયેલાં પુસ્તકમાં કુરાન અને ઈમામનું નૂર એક છે (૫૬/૭૭–૭૮)

સુરહ યુસુફ (૧૨)ની આયત (૨) અને સુરહ ઝુખરૂફ (૪૩)ની આયત (૩)માં જે રીતે ફરમાવવામાં આવ્યું છે, તેની તાવીલ એ છે કે જોકે કુરાનશરીફ જાહેરી રીતે અરબી ભાષામાં છે, પરંતુ તેની ચમત્કારિક રૂહ સમગ્ર કાયનાતની ભાષામાં બોલે છે. અને "લઅલ્લકુમ તઅકીલુન" (કે જેથી તમો અકલ મુજબ સમજો)નો ઈશારો એજ હકીકતના તરફ છે જેમકે ફરમાવેલું છે કે "ઈન્ના જઅલ્લનાહુ કુરાનન અરબીય્યન લઅલ્લકુમ તઅકીલુન" (૪૩/૩) "ખરેખર અમોએ તેને સ્પષ્ટ અને સુંદર વાર્ણનનું કુરાન બનાવ્યું છે કે જેથી તમો (સરળતાથી) સમજી લ્યો. તમો જો ઈચ્છો, જુદાં જુદાં સાધનો મારફત "અરબી"

શબ્દના અર્થનું સંશોધન કરી શકે છે, કેમકે અરબ્બીના ઘણા અર્થો છે પણ મજકૂર આયતમાં તેનો અર્થ સ્પષ્ટ અને સુંદર વર્ણનનો છે, જેનો હેતૂ છે કુરાનનું રૂહાની અને તાવીલી પાસું, કારણ કે તેમાં અતી સ્પષ્ટતા અને સુંદર વર્ણન હોય છે, કારણ કે તેનો સઘળો પ્રકાશ (તેની સઘળી સ્પષ્ટતા) દરેક પરીપૂર્ણ મનુષ્ય (પયગમ્બર અથવા ઈમામ)ની માતૃભાષામાં હોય છે.

કુરાનમાં અકલના મસ્તબાની જે શાનથી ઓળખાણ, અને તેના ગુણોનું વર્ણન કરવામાં આવેલ છે તે બે પ્રકારે છે, એક એ કે જેમાં શબ્દ "અકલ"નો ઉપયોગ થયો છે. અને બીજો એ કે જેમાં "અકલ" શબ્દ નથી આવ્યો, પણ તે અકલનુંજ વર્ણન છે. (અકલના જ વખાણ છે) કારણ કે ત્યાં આ હેતૂ માટે અકલના અર્થવાળાંજ શબ્દોનો ઉપયોગ થયો છે અને તે વર્ણન અમર્યાદિત છે અને એ બંને પ્રકારેમાં સીધી રીતેપણ અને આડક્તરી રીતેપણ પરીપૂર્ણ અકલ તરફ ઈશારો કરવામાં આવેલ છે. એ જ રીતે પૂરા કુરાનમાં અકલના નૂરનો ઉલ્લેખ ભરપૂર છે, કેમકે કુરાન એક પરીપૂર્ણ, દાના (અકલમંદ) માનવીની જેમ છે, જેના શરીર ઉપર રૂહ છવાયેલી હોય છે અને રૂહ ઉપર અકલનો કાબૂ હોય છે. એ જ પ્રમાણે કુરાનના શબ્દોથી અર્થ વધારે છે અને અર્થ કરતાં અકલી હિકમતો વધારે છે.

અરબી સાહીત્યમાં શુદ્ધ અકલને "લુબ્બ" કહે છે જેનું બહુવચન છે "અલબાબ" અને કુરાનમાં ૧૬ (સોળ) ઠેકાણાં એવાં છે જ્યાં અતીઘણી શાન સહીતના શબ્દોમાં "ઊલુલ અલબાબ" (જ્ઞાનવાળાંઓ

અથવા અક્લના સાહેબો)નો સુંદર ઉલ્લેખ ફરમાવેલ છે. જેમકે ફરમાવેલું છે "યુઅતીલહિકમત મંય્યશા વ મંય્યુતુલ હિકમત ફક્દ ઉત્વી ખૈરન કસીરન વ મા યઝઝકરૂ ઈલ્લા ઊલૂલ અલબાબ" (૨/૨૬૯)" ખુદા જેને ચાહે છે હિકમત અર્પણ કરે છે અને જેને હિકમત અર્પણ કરવામાં આવી તેને બરક્ત (ભલાઈની) મહાન દૌલત મળી ગઇ, અને અક્લ-વાળાઓ (બુધ્ધિશાળીઓ) સિવાય અન્ય કોઇ બોધ ગ્રહણ કરતું નથી." ખુદાની આ વાતનો ખુલાસો એ છે કે હિકમત મળવાથી સઘળી ભલાઇ મળી જાય છે અને હિકમતનો સંબંધ અક્લથી છે.

એજ સંબંધમાં અલ્લાહ તઆલાનું ફરમાન છે "અલ્લઝીના યસ્તમઉનુલ કૌલ ફ યત્તબઉન અહેસનહુ, ઉલાઈકલ્લઝીના હદાહુમુલ્લાહુ વ ઉલાઈક હુમા ઊલૂલ અલબાબ" (૩૯/૧૮)" તે લોકો જેઓ (ખુદાના) બોલને ધ્યાન દઈને સાંભળતા રહે છે અને તે માંહેની સૌથી સરસ બાબતોનું અનુકરણ કરે છે. તેઓ જ છે કે જેમને ખુદાએ હિદાયત ફરમાવી છે અને તેઓ જ બુધ્ધિશાળી (અક્લવાળાઓ) છે." અહિ "અહેસનહુ"માં નાઝીલ થવા પછી તાવીલને અમલમાં લાવવાનો ઈશારો મોજૂદ છે, કેમકે ઊલૂલ અલબાબને અક્લ અને જ્ઞાન તથા ઈલ્મ અને હિકમત એ માટેજ અર્પણ થઇ છે કે તેમનાં બોલ (તેમની વાતો) અને કાર્યો સુંદરથી સુંદર હોય.

ઈલ્મ-જ્ઞાનમાં રાસીખ (એટલે કે પાકા-મજબૂત) અને ઊલૂલ અલબાબ પવીત્ર ઈમામો સલ્વાતુલ્લા અલૈહીમ છે. જેમકે સુરહ આલે ઈમરાન (૩)ની આયત (૭)માં છે કે "વમા યઅલમુ તાવીલહુ ઈલ્લલ્લાહ વર્રાસીખુન ફીલ ઈલ્મી યકૌલૂન આમન્ના બીહી કુલ્લુમ્મીન ઈન્દી રબ્બના

વમ યઝઝક્કરૂ ઈલ્લા, વ ઊલુલ અલબાબ" (૩/૭) જોકે તેનો ખરો અર્થ અલ્લાહ અને તેમના સિવાય કે જેઓ જ્ઞાનમાં પ્રવીણ છે અન્ય કોઇ જાણતું નથી અને તે લોકો (એમ પણ) કહે છે કે અને તેના ઉપર ઈમાન લાવ્યા (આ) દરેક (મોહકીમૂહા યા મુતશાબેદ) એટલે કે દાખલા તથા આજ્ઞાઓ અમારા પરવરદીગાર તરફથી છે અને બુધ્ધિ-શાળીઓ સિવાય અન્ય કોઇ બોધ ગ્રહણ કરતા નથી.

સુરહ અંબીયા (૨૧)ની આયત (૧૦૪)માં ફરમાવવામાં આવ્યું છે કે ક્યામતના દિવસે ખુદાવંદ આલમ પૂરી કાયનાતને એવી રીતે લપેટી લેશે જેવી રીતે લખેલા લેખના કાગળોનું બંડલ લપેટવામાં આવે છે. પણ એમાં એક સવાલ એ છે કે ખુદાતઆલાનું કોઇ કામ ભવિષ્યથી સંબંધિત કેમ કરીને હોઇ શકે છે જ્યારે કે તેનો (અલ્લાહનો) દરેક હુકમ અમલમાં આવી ચૂક્યો છે (૩૩/૩૭) અને તેની રીત (તેનો કાયદો) જેમાં ખુદાનું દરેકે દરેક કામ દાખલ (થયેલું) છે, તેના ખાસ બંદાઓમાં પસાર થઇ ચુકેલ છે. (૪૦/૮૫) પરંતુ હા ! તેનું કારણ છે અને તે એ કે અહીં ખુદાતઆલાનું કામ જે રીતે ભવિષ્યકાળમાં (દર્શાવેલું) છે, તે અલ્લાહથી હરગીઝ સંબંધ નથી રાખતું બલ્કે લોકોથી સંબંધ ધરાવે છે, કે તેઓ અલ્લાહના એ કામને કે જે અઝલમાં પહેલેથી જ પૂર્ણ થઇ ચૂક્યું છે, આગળ ચાલીને એટલે કે ભવિષ્યમાં એ રીતે જોશે કે જેમ તેઓની સામે હમણા હમણા બનાવ બની રહ્યો છે.

માનવી જ્યારે જાહેરી કાયનાતને જુએ છે તો તેને ધરતી અને આકાશની સઘળી વસ્તુઓ વીખરાયેલી, દૂર અને પહોંચથી બહાર નજરે પડે છે. જ્યારે તે પોતાને (પોતાની હસ્તીને) ઓળખવા લાગે છે

અથવા જ્યારે પોતાની વ્યક્તિગત દુનિયા **PERSONAL WORLD** નો અનુભવ કરે છે તો તે વખતે તેની દૃષ્ટિ સમક્ષ નાનકડા જગત એટલે કે આલમે સગીરમાં મહાન જગત એટલે કે આલમે કબીર સંકડાઈને મર્યાદિત થઇ જાય છે અને ત્યાંથી તે જ્યારે અક્લના જગતની તરફ ઊચ્ચ થઈ જાય છે એટલે કે પ્રગતી કરે છે તો તે સ્થિતિમાં એ આલમે સગીર સરાસર દુરેસ્યતિમ (અનુપમ)ના સ્વરૂપમાં લપેટી લેવામાં આવે છે, પણ આ મહાન બનાવ ભૌતિક પ્રકારે નહી બલ્કે રૂહાની, ઈલ્મી અને અક્લી પ્રકારે રજૂ થાય છે, કેમકે શારીરિક સ્થિતિમાં એ વાત કુદરતના કાયદાથી વિરૂધ્ધ છે અને અશક્યછે કે શારિરિક જગત સુકાઇ સુકાઈને એટલે કે સંક્ષિપ્ત થઈને મુઠીમાં સમાય એટલું થઇ જાય.

જ્યારે હઝરત મૂસા, અલૈહીસ્સલામ તૂવા ની પવીત્ર ખીણમાં પહોંચી ગયા તો ખુદાવંદ આલમે ફરમાવ્યું કે ઓ મૂસા હું તારો રબ્બ છું, માટે તમો તમારા જોડાં ઊતારી નાખો (કેમકે) તમો હવે તૂવા ના પવીત્ર મેદાનમાં છો (૨૦/૧૨) આની તાવીલ એ છે કે તે ખીણ તે અક્લ હતી જેમાં તેમના માટે સઘળાં અંતરો (સઘળું દૂરપણું) લપેટી લેવામાં આવ્યું અને જોડા ઊતારી દેવાનો એક ઈશારો એ છે કે ત્યાં રૂહાની સફર ખલાસ થઇ ગઈ. જો કે તૂવા શબ્દના અર્થમાં ઘણો મતભેદ છે પણ તાવીલી હિકમતના પ્રકાશમાં જોવાથી વ્યાજબી અંદાજો થઈ જાય છે કે તેનો ક્યો અર્થ ખરો છે, અને કુરાનમાં ચાર ઠેકાણે અસલ તુવાના પાંચ શબ્દો આવેલાં છે, જે આ છે "નતવા" (૨૧/૧૦૪) "કત્તઈ" (૨૧/૧૦૪) "તુવા" (૨૦/૧૨) "તુવા" (૭૯/૧૬) "મતવીય્યાત" (૩૯/૬૭). સ્પષ્ટ છે કે આ શબ્દોના ડીક્ષનરી મુજબના અર્થ એક જ

છે અને તે છે વાળી દેવું અને અંતર (દૂર પણું) ખલાસ કરવું, જેની તાવીલ એ છે કે અલ્લાહ તઆલા પોતાની રહેમતથી જાહેર અને બાતિન કાયનાતની વસ્તુઓની હકીકતો અને મારફતને (ગુપ્ત રાખેલાં) છુપાવેલાં મોતીમાં એક સાથે (એકઠા) કરી દ્યે છે, જેમકે તેનું ફરમાન છે કે "વલ અરઝુ જમીયન કબ્ઝતુહુ યૌમલ ક્યામાતી વસ્સમાવાતુ મત્વીય્યતુમ્બીયમઈનહી" (૩૯/૬૭) અર્થ : "અને ક્યામતના દિવસે આખી ભૂમિ(ધરતી) તેના કબ્જામાં હશે અને આકાશો તેના જમણા હાથમાં વીંટળાયેલા હશે." ખુદાના આ પ્રકારના ફરમાનોમાં પ્રવીણ અક્લ અને તાવીલના કેન્દ્રનો ઉલ્લેખ હોય છે. હવે કેમકે ખુદા પાકની હસ્તી હાથ અને શરીરની કલ્પનાથી અળગી અને ઊચ્ચ છે માટે આ કામ ખુદાના હુકમથી તે પ્રવીણ મનુષ્ય પૂરૂં કરે છે કે જે અલ્લાહ તઆલાના કાર્યો અને ગુણોનું જાહેરી સ્વરૂપ છે, તેનો ખલીફા, નૂરે નબી, કુરાનની રૂહ, અને વલીયુલ અમ્ર છે અને અમ્રનું મૂળ ઠેકાણું પણ એ જ છે.

અહીં એ અસલ કાનૂન પણ ઉલ્લેખનીય છે કે અલ્લાહતઆલા પોતે જાતે (સીધી રીતે) કાર્ય કરનાર નથી પણ તે આડક્તરી રીતે (કોઈ સાધનના મારફત) કાર્ય કરનાર છે કેમકે તે સ્વતંત્ર-સંપૂર્ણ બાદશાહ છે. દાખલા તરીકે કોઈ રાજાની માન-ઈઝઝત એ વાતમાં નથી કે તે દરેક કાર્ય પોતે જાતે કરે છે પરંતુ તેના રાજા હોવાનો સાચો અર્થ એ જ છે કે તેના રાજ્યના સઘળાં કાર્યો તેની આજ્ઞા અને ઈચ્છા મુજબ તેના પ્રતિનિધિ અથવા નોકરો દ્વારા પૂરાં થતા હોય છે છતાં પણ દરેક પ્રસંશાપાત્ર કાર્ય છેવટમાં જઈને તે રાજા સાથે સંબંધિત થઈ જાય છે (કે જાણે તે કાર્ય તેણે કર્યું છે) કેમકે ઈચ્છા અથવા આજ્ઞા અથવા

યોજના તેની જ (રાજાની જ) હતી. આ દાખલા ઉપરથી (ઈન્શાઅલ્લાહ તઆલા) પૂરો વિશ્વાસ રાખનાર મોમીનો હકીકી બાદશાહના કાનૂનને સમજી શકે છે.

નબી સાહેબની હદીસમાં ફરમાવેલું છે કે "અલ્લાહતઆલાએ પોતાના દીનને પોતાની મખ્લુકના દાખલા (નમૂના) ઉપર બનાવ્યો કે જેથી તેની રચના (એટલે જે જે વસ્તુઓ તેણે બનાવી છે તે) પરથી તેના દીનની અને દીનથી તેની (ખુદાની) વહેદાનીયત (અલ્લાહ એક છે)ની દલીલ લેવામાં આવે." હવે તેની રચના પરથી દીનની દલીલ એમ છે કે જેમ દુનિયાની કોઇ કોમ અથવા દુનિયાનો કોઇ દેશ કોઇ સરદાર એટલે કે બાદશાહ અથવા પ્રમુખ વિગેરે સિવાય પ્રગતી અને કમાલીયતના દરજ્જાઓને પાર નથી કરી શકતો, એજ રીતે દીનની હિદાયત અને તેના માર્ગદર્શન તથા પ્રગતિ તે પરીપૂર્ણ ઈન્સાનની હાજરી વગર અશક્ય છે. જેને ખુદા અને રસૂલે (સ.અ.સ.) દીનમાં ઈમામ બનાવ્યો હોય અને એવા માનવીની પાસે ખુદાના તરફથી અક્લે કુલ્લીનું નૂર હોવું જોઇએ કેમકે અકલના નૂર વગર દીની હિદાયતની કોઇ કલ્પના જ નથી થઇ શકતી, જે રીતે દુન્યવી અકલમંદી વગર જાહેરી રાજ્ય નથી ચાલી શકતું, તે પરથી સ્પષ્ટ છે કે દીનમાં સૌથી મહાન અને ઊચ્ચ વસ્તુ અકલનું નૂર છે અને કાયનાત તથા તેમાં મૌજૂદ સઘળી જાહેરી અને બાતિની પ્રકારની સઘળી ભૌતિક, રૂહાની, ઈલ્મી તથા અકલી ગુણો (કિમતો) તે એક ગોહરમાં (એક મોતીમાં) એકત્રિત છે. જે રીતે વૃક્ષના બીજમાં (ગોટલીમાં) વૃક્ષની અતીઘણી શક્તિઓ એકત્રિત પણ થઇ જાય છે અને એક છોડને ઉગાડીને તેમાં ફેલાઇ પણ જાય છે.

હકીકી–સાચું ઈલ્મ અક્લના નૂરનો પ્રકાશ છે જેના વગર કુરાની દાખલાઓ સમજવા અશક્ય છે, જેમકે સુરહ અન્કબૂત (૨૯) આયત (૮૩)માં ફરમાવેલું છે કે "વ તીલ્કલ ઈમ્સાલુ નઝરી બુહાલીન્નાસી વમા યઅકીલુહા ઈલ્લલ આલમીન" અને આ દાખલાઓ અમે લોકો (ના બોધ) માટે વર્ણવીએ છીએ અને જ્ઞાની સિવાય તે કોઇ સમજી શક્તું નથી. આ ખુદાઇ જ્ઞાનીઓ આલે મુહમ્મદ (સ.અ.સ.)માંના ઈમામો છે, જેમની બરક્તવંતી હસ્તીમાં અક્લના નૂરનું મૂળ મૌજૂદ છે. અર્થાત દરેક જમાનામાં એક તરફ લોકો છે અને બીજી તરફ ખુદાનું પુસ્તક (કુરાન) અને ખુદાઇ જ્ઞાની કે જે વખતનો ઈમામ છે તે છે. જે રીતે નબુવ્વતના વખતમાં આસમાની પુસ્તક્ની સાથે ખુદાઇ આલીમો પણ હતા, એ જ રીતે હંમેશાં કુરાની હિક્મત અને જ્ઞાનનો વસીલો (જગતમાં મૌજૂદ) છે કેમકે ખુદાવંદી નૂર કે જે અક્લનું નૂર છે તે ક્યારેય બુઝાતું નથી તે દરેક વખતે વણથંભ્યો પ્રકાશ ફેલાવતું રહે છે.

કુરાને હકીમ પૂરેપૂરૂં અક્લી દાખલાઓથી ભરેલું છે જેનું કારણ એ છે કે પવીત્ર કુરાન અક્લના નૂરની ઊંચાઈએથી નાઝીલ થયું છે. તે ઊંચાઈવાળું સ્થાન અક્લી ઉપમાઓ (દાખલાઓ)નું મૂળ છે અને અક્લનું બીજું નામ ઈલાહી ક્લમ છે અને આ દાખલાઓ તેજ પરીપૂર્ણ માનવી જાણે છે કે જેને ખુદાવંદ આલમે સંપૂર્ણ અક્લનું નૂર અર્પણ કરી દીધું છે અને એવો માનવી વખતનો ઈમામ જ છે જે રસૂલનો વારસ અને ખુદાનો ખલીફા છે.

કુરાનના દાખલાઓનો અર્થ છે મુતશાબીહાત એટલે કે એવા દાખલા કે જેના એકથી વધુ અર્થો નીકળતા હોય, જે પવીત્ર કુરાનનો

સૌથીવધુ મુશ્કેલ ભાગ છે અને જે માનવી આ દાખલાઓને જાણે છે તો એનો મતલબ એ થયો કે તે માનવી એ વસ્તુને જાણે છે જેના એ દાખલાઓ છે અને એજ વસ્તુ તાવીલનું બીજું નામ છે માટે ઉપર વર્ણવેલી આયતમાં જે રીતે ફરમાવવામાં આવ્યું છે તે પરથી એ હકીક્ત સ્પષ્ટ થઇ જાય છે કે બરહક ઈમામો સલ્વાતુલ્લાહ અલૈહીમ કુરાનની તાવીલને જાણે છે અને મજકૂર આયત "રાસીખુન ફીલ ઈલ્મ"ની સમજૂતી તથા તેની મંજૂરી છે, જેમકે ફરમાવેલું છે "વમા યઅલમુ તાવીલહું ઈલ્લલ્લાહુ વર્રાસીખુન ફીલ ઈલ્મ (૩/૬) જો કે તેનો (ખરો) અર્થ અલ્લાહના અને તેમના સિવાય કે જેઓ જ્ઞાનમાં પ્રવીણ છે અન્ય કોઇ જાણતું નથી.

અક્લનું નૂર હંમેશા અક્લી હલનચલનમાં છે, તે આકાશ અને ધરતીના સઘળાં ઈલ્મી દાખલાઓને જાહેર કરે છે એ અર્થમાં તે "અલ મસલુ અલ આલા" છે (૩૦/૨૭, ૧૬/૬૦) તે અક્લનું જગત કહેવાય છે કે જે રૂહાની જગત ઉપર છવાયેલું છે. જો કે અક્લી દુનિયાનો ફેલાવો, તેના ભાગ અને સઘળી વસ્તુઓ તો દરેક વ્યક્તિમાં એકત્રિત અને કુદરતના હાથોમાં મર્યાદિત છે, છતાં પણ તે અક્લનું જગતજ છે અને ન ફક્ત દાખલાઓ પણ કુરાનની દરેકે દરેક વસ્તુઓ અક્લના જગતથી આવેલી છે અને તાવીલના અમલનું મૂળ એજ સિદ્ધાંત ઉપર કાયમ છે કે અક્લના નૂરના પ્રકાશમાં કુરાની હિકમતોનો અભ્યાસ કરવામાં આવે.

જે રીતે થોડી અથવા અમુક ભાગની અક્લનું અસ્તિત્વ સામાન્ય માનવીથી જુદું નથી બની શક્તું તે જ રીતે કુલ અક્લ

પરીપૂર્ણ માનવી વગર નથી હોઇ શક્તી અને જ્યાં સૌથી મોટી અક્લને ફરીશ્તો કહેવામાં આવે છે ત્યાં પણ પરીપૂર્ણ માનવીનીજ સુક્ષ્મ હસ્તી મૌજૂદ છે કેમકે રૂહાની પ્રગતી પછી મનુષ્યજ ફરીશ્તો કહેવાય છે કેમકે જે ફરીશ્તાઓ નેક વિચારોની હેસીયતમાં હોય છે તે પણ મનુષ્યથી ઉત્પન્ન કરવામાં આવે છે. જે ફરીશ્તાઓ રજકણ સમા છે (નાના છે) તે પણ અને જે જલાલી ફીરશ્તાઓ છે તે પણ મનુષ્યોથી બનાવવામાં આવે છે, ફક્ત એજ નહી બલ્કે જીન્નાત, શૈતાન અને દરેક પ્રકરની રૂહો પણ મનુષ્યોથી છે.

અલ્લાહતઆલાનું ફરમાન છે કે ક્યામતના દિવસે પ્રત્યેક મનુષ્યના નેક અને બદ આમાલનું વજન કરવામાં આવશે એ વિષય સંબંધે કુરાનની એક આયત આ છે "ફ અમ્મા મન સકુલત મવાઝીનહુ ફહુવ ફી ઐશતીર્રઝીયન" (૧૦૧/૬-૭). અર્થ : પછી (આમાલના વજન પછી) જેની (સદ) કરણીનું (પલ્લું) તોલ ભારે ઉતરશે તેઓ તો આનંદી જીવનમાં હશે. પરંતુ સવાલ છે કે વજનની સ્થિતિ શું હશે ? કેમકે આમાલ ભૌતિક વસ્તુઓની જેમ વજન નથી ધરાવતા. તેનો જવાબ એ છે કે બંદાઓના આમાલને અકલના ત્રાજવામાં તોલવામાં આવશે, જેમાં બદીનું કંઇ વજન નહી હશે અને ન તો એવા કોઇ અમલમાં વજન હશે કે જે જ્ઞાન અને હિકમત વગરના હોય કેમકે સઘળી ભલાઇ હિકમતમાં છે (૨/૨૬૯) માટે જે આમાલ અકલના નૂરના પ્રકાશમાં કરવામાં આવ્યા હોય તેમાં વજન હશે અને તે થકી જ મોમીનોનું પલડું ભારે થશે.

આ જગતમાં દરેક જ્ઞાની (અકલવાળો) જ્યારે પણ કોઇ

બાબતના નફા અને નુકસાન ઉપર વિચાર કરે છે અથવા કોઇ વસ્તુની ભલાઇ કે બુરાઇ ઉપર પોતાના વિચારો દર્શાવે છે તો તેમાં તે અક્લનું જ ત્રાજવું અથવા કસોટી (પ્રમાણ) બનાવે છે અને તેનાથીજ વિચારો અને ફિકરોનું અક્લ મુજબ વજન કરે છે.

અક્લનું ત્રાજવું અથવા હકીકતોનું ત્રાજવું અક્લી આસમાનની ઊંચાઇ ઉપર પણ છે (૫૫/૭થી ૯) અને તે આસમાની પુસ્તકની સાથે સાથે નાઝીલ પણ થયું છે કે જેથી અક્લ અને જ્ઞાન તથા ઈલ્મ અને હિકમતની વસ્તુઓનું વજન કરી શકાય. આ સંબંધે મુબારક આયત આમ છે "લક્દ અરસલના રુસુલના બિલ બિય્યનાતી વ અન્ઝલના મઅ હુમુલકિતાબ વલમીઝાન લી કૌમુન્નાસ બીલકીસ્તી...(૫૭/૨૫) ખરે જ અમોએ અમારાં રસુલો મોકલ્યા અને અમોએ તેમની સાથે પુસ્તક તથા (અક્લનું) ત્રાજવું નાઝીલ કર્યું કે જેથી લોકો ન્યાયસર ચાલવા લાગે (ન્યાય ઉપર કાયમ રહે) અહી અલ કીતાબનો હેતૂ છે અસાસ, મીઝાનની તાવીલ છે ઈમામે ઝમાન કે જે અક્લનું ત્રાજવું અને ન્યાય છે અને લોકો (નાસ) કે જે આ ત્રાજવાથી કામ લ્યે છે હુજ્જ (હુજ્જતાન) છે.

હઝરત ઈમામ મુહમ્મદ બાકીર (અ.સ.)થી રીવાયત છે કે તેવણ નામદારે ફરમાવ્યું : "જ્યારે અલ્લાહતઆલાએ અક્લને પેદા કરી તો તેનાથી વાતો કરતાં ફરમાવ્યું કે "આગળ આવ" તો તે આગળ આવી પછી ફરમાન થયું કે "પાછળ જા" તો પાછળ ગઇ પછી ખુદાએ ફરમાવ્યું કે "મારી ઈઝઝત અને બુઝુર્ગીની કસમ ! કે મેં કોઇ એવી મખ્લુક નથી બનાવી કે જે તારાથી વધીને મને પ્રીય હોય. ન

હું તને (હર કોઈમાં) સંપૂર્ણ કરી દઉ છું, સિવાય કે એવા મનુષ્યમાં કે જેને હું મહેબુબ (પ્રીય) ગણતો હોઉ અને હું તારા મારફત જ અમર (કાર્ય) કરનારો છું. તારા મારફત જ ના કરનાર છું, તારા મારફત જ અઝાબ (આફત) હશે અને તારા મારફત જ સવાબ (નેકી) થશે.

આ મુબારક ફરમાનમાં કેટલાંય મૂળ સવાલોના જવાબો પ્રાપ્ત થયેલાં છે પણ તે માટે વિચારવાની જરૂરત છે. તમે જૂઓ છો કે આ પરીપૂર્ણ અક્લ એટલે કે અક્લેકુલનો ઉલ્લેખ છે અને એ પણ સ્પષ્ટ છે કે તે પરીપૂર્ણ મનુષ્યથી સંબંધ રાખે છે, તે સિવાય તેનો કોઈ કમાલ નથી અને ન તો અક્લેકુલના માટે કોઈ વખતની પ્રાથમિકતા છે કેમકે ઉપર જણાવેલ હદીસમાં જેમ ફરમાવવામાં આવેલું છે તે હંમેશની વાત છે કે જે પરીપૂર્ણ મનુષ્યના **PERSONAL WORLD** વ્યક્તિગત જગતમાં થયા કરે છે.

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

**–નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**
**૧૭ જાન્યુઆરી ૧૯૮૪**

# કુરાનમાં "યદુલ્લાહ"ની કલ્પના

બિસ્મીલ્લાહિર્રહમાનીર્રહીમ. જ્ઞાનવાળાઓ એ વાતને ઘણી સારી રીતે જાણે છે કે યદુલ્લાહ એટલે કે ખુદાના હાથનો ઉલ્લેખ કુરાનની ઘણી આયતોમાં મૌજૂદ છે અને આ વિષયમાં એ પણ સ્પષ્ટ છે કે કુરાનની એવી આયતો કે જે યદુલ્લાહના વિષે છે તે સઘળી મુતશાબીહાતમાંથી છે, જેની તાવીલ વગર અસલ મતલબ સ્પષ્ટ નથી થઇ શક્તો, પરંતુ મહેરબાન ખુદાવંદે આત્મજ્ઞાન ધરાવનારાઓના માટે હિકમત ભરેલાં દાખલાઓના મૂળ રૂપ (તાવીલ)ને વર્ણવતાં; તેના જેવી બીજી ઘણી છૂપાયેલી હકીક્તો ઉપર પણ પ્રકાશ નાખ્યો છે અને તે ખાસ આયત કે જેમાંથી ખુદાઇ તાવીલનું નૂર ઝળકી રહ્યું છે અને જે "યદુલ્લાહ"ના કુરાની વિષયમાં મૂળ અને ચાવીરૂપ મહત્ત્વતા ધરાવે છે તે નીચે મુજબ છે :

"ઈન્નલ્લઝીના યુબા યીઊનક ઈન્નમા યુબા યીઊનલ્લાહ યદુલ્લાહી ફઉક અયદીહીમ" (૪૮/૧૦) (ઓ રસૂલ !) ચોક્કસપણે જે લોકો તમારાથી બય્યત કરે છે તેઓ (અસલમાં) અલ્લાહથી બૈયત કરે છે. ખુદાનો હાથ તેમના હાથો ઉપર છે. રબ્બે કરીમના આ પવીત્ર ફરમાન અને આ બેનમૂન તાવીલથી એ હકીક્ત સામે આવે છે કે ખુદાના

ખલીફા અને પ્રતિનિધીની હેસીયતે રસુલ સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વ સલ્લમનો મુબારક હાથ ન ફક્ત મોમીનોથી જાહેરી બૈયત લેવામાં ખુદાનો હાથ છે પરંતુ એજ ખીલાફત અને ખુદાના નાયબના સિદ્ધાંત મુજબ તેવણ માનવંત (સ.અ.સ.) અને તેમના વારસદારો (અ.સ.)ના પવીત્ર હાથ દરેક તે કાર્યમાં ખુદાના હાથ છે કે જે જાહેરીમાં અથવા બાતિનમાં ખુદાના હાથથી પૂરાં થાય છે કેમકે આ દાખલાથી વિરૂદ્ધ ખુદાતઆલાની હસ્તીના હાથ પગની કોઇ કલ્પના શક્ય નથી.

આ મુબારક આયતમાં કે જે મૂળ હિકમતોથી ભરેલી છે, "ઈન્ના" શબ્દમાંના અક્ષરો ચોક્કસપણા માટે પણ છે અને તાકીદ કરનાર પણ છે, અને "ઈન્નમા" એ પ્રભાવશાળી-પોતાના ઘેરામાં લઇ લેનાર શબ્દ છે, જેનો સાર અને જેનો હેતૂ એ છે કે ખુદાના હાથ માટે સ્વીકાર અને તે ઉપર બૈયત કરવાનો બસ આજ એક પ્રકાર છે કે ખુદાના પ્રતિનિધિ અને ઝમાનાના હાદીના મુબારક હાથ ઉપર બૈયત કરવામાં આવે એ તેના સિવાય કોઇ પ્રકાર, કોઇ રીત નથી. આ ઈન્નમાની તાવીલભરી હિકમત છે.

તમો જાણો છો કે "બૈયત" એક દીની (ધાર્મિક) ક્રિયા છે કે જે તાબેદારી અને ફરમાનબરદારીના વચનને (કોલ દેવાને) કહેવામાં આવે છે પણ તેની તાવીલ અસલ શબ્દમાં છુપાયેલી છે અને તાવીલનું અસલ એજ છે અને બૈયતનો ડીક્ષનરી મુજબનો અર્થ "બૈય"માં સચવાયેલો છે જે અર્થ થાય છે ખરીદ અને વેચાણ (લે-વેચ) કરવું, લેણ-દેણ, જે નબુવ્વતના વખતમાં નામદાર નબી મહમદ સાહેબ (સ.અ.સ.)ના પવીત્ર હાથ ઉપર અને ઈમામતના સમયમાં ઝમાનાના

ઇમામના મુબારક હાથ ઉપર બૈયત કરવી; જેની તાવીલ એ છે કે જાણે મોમીનોએ જાન અને માલને ખુદાવંદતઆલાના હાથમાં વેચી દીધું અને એજ બરકતવંતા હાથના મારફત જન્નત ખરીદી લીધી. જેમકે આનાજ માટે આયતથી આયતની તફસીરના સિદ્ધાંત ઉપર ફરમાવેલું છે "ઇન્નલ્લાહ શતરા મિનલ મોમીનીન અન્ફુસહુમુલ હુમ્બી અન્નલહુમુલ જન્નહ (૯/૧૧૧)" નિ:સંશય (ચોક્કસપણે) અલ્લાહતઆલાએ મોમીનોથી તેમના પ્રાણ તથા માલ એ વાતના બદલામાં ખરીદી લીધા છે કે તેમને જન્નત મળશે. તો આ મુબારક આયત, બૈયતની આયતની તફસીર અને તાવીલ છે અને આ આખરત માટેના ખરીદ-વેચાણ અથવા લેણ-દેણ કે જે હંમેશા અલ્લાહતઆલા અને તેના મોમીન બંદાના વચ્ચે થયા કરે છે, તે ફક્ત તેજ ખુદાના હાથના મારફત થઇ શકે છે, જેના વગર કોઇ માણસનો આવો સોદો ન ક્યારેય થઇ શકે છે અને ન તો સ્વીકાર પાત્ર છે, તેનો અમલી દાખલો છે જેહાદ (ધર્મયુદ્ધ) અને ઝકાત, જે મજકૂર સોદાના બે એવા અલગ તરી આવતાં નમૂના છે કે ખુદાના પયગમ્બર અને અમ્ર એટલે હુકમના માલિકની તાબેદારીના વર્તુળથી બહાર તેની કોઇ એવી કબુલ થનાર સુરત નથી બની શકતી.

આ વિષયમાં સુરહ માયદામાં એક ફરમાન છે જેનો તરજૂમો આમ છે "અને યહુદીઓ કહે છે કે અલ્લાહનો હાથ બંધાયેલો છે (પણ) તેમના જ હાથ બંધાયેલા છે અને તેમના આમ કહેવાથી તેઓ રહેમતથી દૂર કરી દેવામાં આવ્યા, બલ્કે ખુદાના તો બન્ને હાથ ખુલેલા (ફેલાયેલા) છે, જેવી રીતે ચાહે છે ખર્ચ કરે છે (અર્પણ કરે છે). (૫/૬૪) આ આયતની તાવીલ એ છે કે યહુદીઓએ આ ગુસ્તાખી

(આ મજાક) હઝરત નબી સાહેબ (સ.અ.સ.)ની શાનમાં કરી અને તેઓએ પોતાની અજ્ઞાનતા અને નાદાની તથા દિલમાં કીનો રાખવાને કારણે, હઝરત રસુલુલ્લાહ કે જેઓ ખુદાના હાથ હતા તેમને મુફલીસ એટલે કે અજ્ઞાન (બે-ઈલ્મ) ગણાવ્યા અને એજ અર્થમાં તેઓએ ખુદાના હાથને ઈલ્મી ખજાનો ખર્ચ કરવા માટે લાચાર સમજ્યો જેના પરિણામે તેઓ પોતે અજ્ઞાન તથા ઈલ્મની દૌલતથી વંચિત રહ્યા મુફલીસ રહ્યા અને રહેમતના મૂળ તત્ત્વથી દૂર થઇ ગયા.

રૂહાની જગતમાં અલ્લાહતઆલાના બેઉ હાથ તે અક્લે કુલ અને નફસે કુલ છે એ જીસમાની જગતમાં નાતિક અને અસાસ છે અને ઈમામતના ગાળામાં (સમયમાં) આ દરજ્જો અસાસ અને ઈમામ (અ.સ.)ને પ્રાપ્ત થયેલ છે. એ જ પ્રમાણે ખુદાના બંન્ને હાથ ઈલ્મ અને હિકમત અર્પણ કરી દેવામાં વિશાળ (ફેલાયેલાં) છે અને પોતાના મુબારક હાથો વડે અલ્લાહતઆલા જે રીતે ઈચ્છે છે, અક્લી અને ઈલ્મી જવાહીર અર્પણ કરી દ્યે છે.

ખુદાના બંન્ને હાથનો અર્થ છે નૂરે નબુવ્વત અને નૂરે ઈમામત, કે જે અસલમાં એક જ નૂર છે (એ રીતે કે) જે રીતે બેઉ હાથ કાર્ય કરવામાં અને તેના મકસદમાં એક હોય છે કેમકે એક માત્ર ખુદાના નૂરને એક જ માનવું હકીકત છે (સાચું છે) અને તેને બે કહેવું એ અનુમાન અને દાખલા તરીકે છે, જો કોઇ માણસ આ હિકમતને નથી સમજતો તો તેને (આ વાત માટે) ખૂબ જ આશ્ચર્ય થઇ શકે છે, જો કે એ અલ્લાહતઆલાની પાક અને હિકમત ભરેલી આદત છે કે તે દાના વ બીના પોતાના પવીત્ર નૂરની હકીકત સમજાવવા માટે પ્રકાર પ્રકારના

દાખલાઓ (ઉપમાઓ)નું વાર્ણન ફરમાવેલ છે (૧૮/૫૪, ૧૭/૮૯) જેમકે ફરમાવેલું છે કે "અલ્લાહુ નુરૂસ્સમાવાતી વલ અર્ઝે" (૨૪/૩૫) ખુદા આસમાન અને ધરતીનું નૂર છે. "મસ્લુ નૂરીહી કમશ્કાતી ફીહા મીસ્બાહ (૨૪/૩૫) તેના નૂરની ઉપમા એક ગોખલા જેવી છે જેમાં એક દીવો પ્રકાશિત હોય. આનો અર્થ એ થયો કે ખુદાવંદી નૂર કાયનાત અને તેમાં મૌજૂદ દરેક વસ્તુ ઉપર ફેલાયેલું પણ છે અને પોતાની ખાસ જગ્યા ઉપર સ્થિર રહેલું પણ છે. આજ ઉપમા ખુદાના બેઉ હાથોની પણ છે કે તે કોઇ પહોંચ (મદદ) વગર સંપૂર્ણપણે બસુદ (ખુલ્લાં)–ફેલાયેલાં (૫/૬૪) છે જેનો સ્પષ્ટ અર્થ એ છે કે ખુદાનો હાથ સઘળી જાહેરી અને બાતિની વસ્તુઓ ઉપર હાવી (ફેલાયેલો) છે. વળી એ પણ જાણવું જોઇએ કે નૂરે ખુદા અને ખુદાનો હાથ એક જ હકીકતના બે નામ છે.

સુરહ નૂરની આયત (૨૪/૩૫)ના સ્પષ્ટ સાર પ્રમાણે એ કહેવું સત્ય છે કે આકાશ અને ધરતીની સમગ્ર વસ્તુઓ ખુદાઇ નૂરના સમુદ્રમાં ડૂબેલી છે. આજ બનાવનો (ખુદાઇ કાર્યનો) એક અકલી રૂહાની અને ઇલ્મી નમૂનો એ છે કે ઐનુલ યકીનના સ્થળ ઉપર (જેનું બીજું નામ ક્યામત છે) સંપૂર્ણ કાયનાત અલ્લાહપાકની મુઠ્ઠીમાં છે (૩૯–૬૭) (૨૧/૧૦૪).

અહી અમુક ઘણા મહત્ત્વના કુરાની કાયદાઓ તરફ ધ્યાન દોરવવાને માટે એ સવાલ કરવા અયોગ્ય નહિ હોય કે શું દરેક વસ્તુ ઇમામે મુબીનમાં મર્યાદિત (સમાયેલી) નથી ? (૩૬/૧૨) શું દરેક વસ્તુ એક પુસ્તકમાં એકઠી નથી ? (૭૮/૨૯) શું પવીત્ર કુરાનમાં સઘળી

વસ્તુઓના ખજાનાઓની કલ્પના નથી ? (૧૫/૨૧) શું કુરાનમાં એ ફરમાન નથી કે ખુદાની ખુરસીએ આકાશો અને ધરતીને પોતાની અંદર લઈને રાખેલ છે ? (૨/૨૫૫) શું પરવરદીગારે દરેકે દરેક વસ્તુ (એટલે કે કાયનાત અને તેમાં મૌજૂદ વસ્તુઓ)ને રહેમત અને પછી ઈલ્મના ઘેરામાં નથી રાખી ? (૪૦/૭) શું આ એક સર્વમાન્ય હકીકત નથી કે દરેક વસ્તુ લોહે મેહફૂઝમાં છે અને ખુદાએ દરેક વસ્તુને ઈલ્મના ઘેરામાં સમાવી દીધી છે ? (૬૫/૧૨).

આ સવાલ અથવા સવાલોનો એક અને એક જેવો જ જવાબ એ છે કે હા ! કેમ નહિ, ચોક્કસપણે આ કુરાની શિક્ષણ છે અને તેમાં રજમાત્રની પણ શંકા નથી પણ આ સ્વીકારનો મતલબ એવો હરગીઝ નથી કે આ નામો અને દાખલાઓ જે રીતે જાહેરમાં, અલગ અલગ છે તેજ રીતે તે જેના નામો–જેના માટેના દાખલાઓ છે તે પણ બાતિન અને વહેદતના સ્થાન ઉપર અલગ અલગ હોય, બલ્કે સાચી વાત તો એ છે કે અસલમાં એ એક માત્ર નૂર જ છે જેની ઘણી બધી ઉપમાઓ જેના ઘણા બધા દાખલાઓ દેવામાં આવેલ છે. જે રીતે તે પાક હસ્તી એક છે પરંતુ તેના ઘણા નામો અને ગુણો છે. કુરાન એક છે પણ તેના કેટલાંય નામો છે અને હઝરત નબી મહમદ (સ.અ.સ.)ની બરકતવંતી હસ્તી એક હતી પણ તેવણ નામદારના મુબારક નામો અને ગુણો ઘણાય છે અને એ હકીકત છે કે કોઈ વસ્તુના નામો ઘણા બધા હોવાથી તેની હસ્તીના એકપણાને જુદા જુદા નથી કરી શકાતા.

અત્રે એક બીજો સવાલ એ છે કે ક્યામતના દિવસે એટલે

કે રૂહાનીયતના મુકામ ઉપર અલ્લાહ તઆલા સઘળી કાયનાતને લપેટીને મુઠ્ઠીમાં શા માટે લઈ લ્યે છે અને તેમાં શું હિકમત છે ? એ સ્થિતિમાં કાયનાતની હાલત અને સ્વરૂપ શું હશે ? અને જગતના ભાગોની અનેક સંખ્યાઓની હાલત શું થશે ?

એનો જવાબ એ છે કે આ બનાવ અકલી અને ઈલ્મી ક્યામત છે, એમાં ખુદાની ખુદાઈની અનંત હિકમતોનો ક્રમ ચાલે છે માટે કોઈ માણસ તેને ગણી નથી શક્તો. કાયનાતની હાલત અને સ્વરૂપ એક બેનમૂન મોતી જેવાં હશે જે કુદરતના કબ્જામાં હશે. જગતના ભાગો એ અતીઘણી વસ્તુઓની સંખ્યા તે એક માત્ર મોતીમાં ફના થઈ જશે, જેમકે કુરાનમાં છે કે "વ અહસા કુલ્લ શૈઈન અદદ (૭૨/૨૮) અને તેણે દરેક વસ્તુને સંખ્યામાં ગણી લીધી. તાવીલ : અને ખુદાએ સઘળી વસ્તુ (એટલે કે કાયનાત અને તેની દરેક વસ્તુ)ને એક માત્ર મોતી બનાવીને ગણી લીધો, એટલે કે તે મહાન ખુદાને ત્યાં વસ્તુઓની ગણત્રી કરવી એ પ્રમાણે છે કે તે તેઓને એક મોતીમાં ગણે છે. યાદ રહે કે "અહસા"ના અસલ અર્થમાં મોતીની તાવીલ છુપાયેલી છે.

આ બાબતમાં એક વધુ આયત આ છે "લક્દ અહસાહુમ વ અદ્દહુમ અદ્દા" (૧૯/૯૪) તેણે તેઓને ઘેરી લીધા છે અને ગણી લીધા છે, જેમકે ગણવા જોઈએ. તાવીલ : ખરેખર તેણે તેઓ સર્વેને ઊચ્ચ દરજ્જાના જગતમાં મોતી બનાવીને રાખ્યા છે અને તેઓને એ જ એક માત્ર મોતીમાં ગણીને રાખ્યા છે જેમકે ગણવાનો હક છે. તમો આ હિકમત ભરેલી આયતમાં વિચારો કે જે આ આયતથી સંબંધ રાખે છે "વ કુલ્લહુમ આતીયહી યૌમુલ ક્યામાતી ફરદા" (૧૯/૯૫) અને

ક્યામતના દિવસે દરેકે દરેક તેની પાસે એક એકલા શખ્સ (બનીને) હાજર થશે. જેમકે ફરમાવેલું છે કે "મા ખલ્ક કુમ વલા બઅસુકુમ ઈલ્લા કનફસંવ્વાહિદ..." (૩૧/૨૮) તમારૂં સઘળાનું પેદા કરવું અને (મર્યા પછી) જીવતા કરવું એમ છે કે જેમ એક શખ્સનું.

પરવરદીગારે આલમના મુબારક હાથમાં અણમોલ વસ્તુ છે તેનું એક નામ ફઝલ છે (૩/૭૩, ૫૭/૨૯) કુરાનમાં કેટલાંય સંગઠનભર્યા શબ્દો છે, તેમાંથી એક શબ્દ ફઝલ છે, જેમાં સર્વ કાંઇ છે, એ જ પ્રકારનો બીજો શબ્દ છે ખૈર (૩/૨૬) ખૈર ખુદાના હાથમાં છે તેમાં સઘળી ખૈરાત (ગુણો અને નેકીઓ) એકઠી છે. ફઝલનું જ બીજુંનામ ખૈર છે. ત્રીજું નામ મુલ્ક (બાદશાહી) છે (૬૭/૧) એટલે કે રૂહાની અને આખરતનું રાજ્ય જે ખુદાના હાથથી અર્પણ કરવાના અર્થમાં છે. ચોથું નામ "મલ્કુતે અશીયા" છે (૩૬/૮૩) એટલે કે સઘળી વસ્તુઓની અકલ અને જાનનું જગત કે જે કુદરતના કબ્જામાં છે. પાંચમું નામ છે હિકમત અને છઠ્ઠું નામ છે નૂરે અકલ અને એ જ રીતે આ અતી અલગ તરી આવનાર કિમતી મોતીના ઘણા બધા નામો છે.

બેનીયાઝ અને મહાન બાદશાહ, તે ખુદા હુકમનો માલિક છે તે પોતે (સીધેસીધું) કાર્ય કરનાર નથી માટે અલ્લાહતઆલાનું દરેક તે કાર્ય જેનો સંબંધ હાથથી હોય, તે એજ યદુલ્લાહ વડે પૂરૂં થાય છે જેનો અહી ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમકે કુરાનનો સ્પષ્ટ સાર છે કે "હઝરત રસૂલ (સ.અ.સ.)નું મોમીનોથી સદકો લેવાનું કામ અલ્લાહનું સદકા લેવાનું છે. (૯/૧૦૩, ૧૦૪) તેવણ નામદારનું ઈમાનવાળાઓને પાક-પવીત્ર કરવું, ખુદાનું પાક-પવીત્ર કરવું છે (૯/૧૦૩) (૨૪/૨૧) રસૂલ (સ.અ.સ.)ના તરફથી સલ્વાત પામવી ખુદા અને મલાયકોના

તરફથી સલ્વાત છે (૩૩/૪૩, ૯/૧૦૩) નામદાર રસૂલ (સ.અ.સ.)નું કેહવું ખુદાનું કેહવું છે (૮/૧૭) પયગમ્બરની તાબેદારી ખુદાની તાબેદારી છે (૪/૮૦) અને ઈમામે ઝમાનની તાબેદારી રસૂલ (સ.અ.સ.) તથા ખુદાની તાબેદારી છે. (૪/૫૯) અને તાબેદારી દીનના દરેકે દરેક કામ ઉપર અમલ કરવાનું નામ છે. વમા તૌફિકી ઈલ્લા બિલ્લાહ.

**–નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**
**૨૪ જાન્યુઆરી ૧૯૮૪**

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

# કુરાની પર્વત અને જવાહીર

બિસ્મીલ્લાહિર્રહમાનીર્રહીમ. જે રીતે આ ભૌતિક દુનિયાના પર્વતોની અંદર દુન્યવી જવાહીરો છૂપોલાં હોય છે એ જ રીતે કુરાની અને રૂહાની પર્વતોના બાતિનમાં દીની જવાહીરો છૂપાયેલા પડ્યા હોય છે. કુરાની પર્વતનો અર્થ એવા પર્વત છે જેનો ઉલ્લેખ કુરાનમાં મોજૂદ છે અને તે અસલમાં દીન અને રૂહાનીયતના પર્વતો છે જેમકે ફરમાવેલું છે કે "ફ લમ્મા તજલ્લા રબ્બુહુ લીલ જબલી જઅલહુ દક્કંવ્વખર્રી મૂસા સઈકન..." (૭/૧૪૩) પછી જ્યારે તેના પરવરદીગારે પહાડ(ના શીખર) પર પોતાના નૂરનો પ્રકાશ નાખ્યો તો (તે નૂરના પ્રકાશે) તેના કટકે કટકા કરી નાખ્યા અને મૂસા (ત્યાં જ) બેભાન થઈને ઢળી પડ્યા.

ખુદાના કલામનો દરેકે દરેક અક્ષર ઘણા અર્થો ધરાવતો હોય છે અને અહી એ પણ જાણવું જોઈએ કે પરીપૂર્ણ માનવીની રૂહાની જીંદગી રૂહની અને અકલની તજલ્લી (પ્રકાશ)નો એક લાંબો ક્રમ હોતી હોય છે તેમ છતાં તે તજલ્લીઓના બે કેન્દ્રો છે. રૂહ અને અકલ. માટે પહેલાં ખુદાના નૂરનો પ્રકાશ (નૂરનું જાહેર થવું) રૂહના પર્વત ઉપર થયું અને જામી ગયેલાં (થીજી ગયેલાં) રૂહને કટકે કટકા કરી નાખ્યા અને તે પછી વખત આવ્યે તે જ નૂરે અકલના પર્વતના ટૂકડે ટૂકડા કરી

નાખ્યા. અક્લ વહેંચાઇ નથી જતી, એ માટે કે તેના કટકે કટકા થઇ જવાનું એ રીતે છે કે તે એક હોવા છતાં અસંખ્ય પ્રમાણમાં પ્રતિનિધિત્વ કરી શકે છે, અને બેઉ સ્થાન ઉપર હઝરત મૂસા અલૈહિસ્સલામને બેહદ આશ્ચર્ય થયું અને આ આશ્ચર્યની ઉપમા બેભાનીથી આપેલી છે. તમો એ વાતને ન ભૂલો કે કુરાને અહી પોતાની હિકમતની આદત મુજબ રૂહ અને અક્લના જાહેર થવાની બાબતનો એક સાથે ઉલ્લેખ કરી દીધો છે અને એ પણ યાદ રહે કે જ્યારે દુનિયાના કોઇ પર્વતમાં ધરતીકંપ આવે છે અથવા જ્વાળામુખી પર્વત ફાટે છે ત્યારે એ સ્થિતિમાં પર્વતના કોઇ ભાગનું કટકે કટકા થઇ જવું તેના અંત આવવા જેવું છે, તેથી ઉલ્ટું રૂહના પર્વતનું ટૂકડે ટૂકડા થઇ જવું રહેમતનું સાધન બની જાય છે, જેમકે આવી સ્થિતિમાં એક રૂહથી સઘળી રૂહો બની જાય છે અને તે રીતે **PERSONAL WORLD** વ્યક્તિગત દુનિયા આબાદ થઇ જાય છે અને આજ ઉપમા અક્લના પર્વતની પણ છે કે એક અક્લથી સઘળી અક્લનું પ્રતિનિધિત્વ થઇ જાય છે.

પવીત્ર કુરાન વારંવાર એ જ હકીક્ત તરફ ધ્યાન દોરવે છે કે કોઇ વસ્તુ જોડી વગરની નથી અને એ મુજબ એક જાહેરી પર્વત છે કે જે ઉપમા છે અને બીજો બાતિની પર્વત છે કે જે હકીક્ત છે અને જે રીતે જાહેરીમાં બે પ્રકારના પર્વતો હોય છે, એક તે કે જેનાથી પ્રમાણમાં ફાયદો ઓછો હોય છે અને બીજો તે કે જે ઘણો ફાયદામંદ હોય છે તેજ રીતે બાતિનમાં પણ બે પ્રકારના પર્વતો છે, રૂહના અને અક્લના અને બધા જાણે છે કે દરજ્જામાં રૂહ શરીરથી બહેતર છે અને રૂહથી અક્લ ઘણી જ ઊચ્ચ છે.

પર્વતની એક તાવીલ હુજ્જત છે. જેમકે સુરહ બકરહની આયત ૨૬૦માં હઝરત ઈબ્રાહીમ અલૈહીસ્સલામને ફરમાવવામાં આવ્યું કે "ચાર પક્ષીઓ લ્યો અને તેમને પોતાની પાસે મંગાવો (અને ટૂકડા ટૂકડા કરી નાખો) પછી દરેક પર્વત ઉપર તેનો એક એક ટૂકડો રાખી દ્યો તે પછી તેમને બોલાવો, દરેકે દરેક તમારી તરફ દોડતા આવશે. આ બાબતની તાવીલ એમ છે કે : નજીક રહેતાં ચાર હુજ્જતોની એકંદર રૂહાનીયત દ્વારા હઝરત ઈબ્રાહીમનું તેમના સઘળા ટાપૂઓના હુજ્જતો ઉપર અસરકર્તા થઇ જવું અને પર્વત (ટાપૂના હુજ્જત)ના રૂહોના લશ્કરને લઈને તે ચારેયનું અસલ સ્થાન ઉપર હાજર થઇ જવું આમ અહીં ચાર પક્ષીઓનો અર્થ છે નજીકના ચાર હુજ્જતો અને પર્વતનો અર્થ છે ટાપૂઓના હુજ્જતો.

કુરાનમાં છે કે બની ઈસરાઈલના માથા ઉપર પર્વત ધરી રાખવામાં આવ્યો હતો (૨/૬૩, ૨/૯૩, ૪/૧૫૪, ૭/૧૭) એનો અર્થ છે રૂહ અને અક્લના પર્વતનું ઊચ્ચ થઇ જવું, પણ તે માટે જરૂરી નથી કે બની ઈસ્રાઈલની દરેક વ્યક્તિએ આ ચમત્કાર જાહેરી આંખોથી જોયો હોય કેમકે આ બનાવ અસલમાં રૂહાનીયત તથા રજકણના જગત સંબંધે છે જેમાં ગૈર શઊરી (અજાણપણે) સઘળા બની ઈસરાઈલો રજકણ સ્વરૂપે મૌજૂદ હતા.

સુરહ હશ્ર (૫૯/૨૧)માં છે કે "જો અમો આ કુરાનને કોઇ પર્વત ઉપર નાઝીલ કરતે તો તમે તેને જોતે કે ખુદાના ડરથી નમી જાય છે અને ફાટી પડે છે અને આ દાખલા અમે સર્વે લોકો (ને સમજાવવા) માટે વર્ણવીએ છીએ જેથી તેઓ ધ્યાનપૂર્વક વિચાર કરે

(૫૯/૨૧) "મુતસદ્દી" (કુરાનની આ આયતનો એક શબ્દ છે જે)નો અર્થ થાય છે ટૂકડે ટૂકડા થઇ જવા વાળો અને ખુદાના હુકમનો આ બનાવ તથા હકીક્ત છે કે પરીપૂર્ણ માનવીના રૂહના પર્વત અને અક્લના પર્વત બંને ઉપર કુરાનના નૂરની મજકૂર ઉપમાનું પ્રદર્શન થાય છે એટલે કે જાહેરી અમલ થાય છે અને તેના વગર અમલી તાવીલ અશક્ય છે.

માણસના અસ્તિત્વમાં હાડકા પર્વતની જેમ છે. ખાસ કરીને માથું કે જે શરીરનો ઊચ્ચતર ભાગ છે. વ્યક્તિગત જગતનો કોહેતૂર છે અને દરેક પરીપૂર્ણ માનવીના હાડકાઓ વ્યક્તિગત ક્યામત એટલે કે રૂહાનીયતમાં તસ્બીહ પઢે છે, જેમકે હઝરત દાઊદ (અ.સ.)ના વિષે ફરમાવેલું છે કે જબાલ (પર્વત) અને તૈવર (પક્ષીઓ) તમારી સાથે મળીને તસ્બીહ પઢે છે (૨૧/૭૯, ૩૪/૧૦, ૩૮/૧૮). અહી પર્વત અને પક્ષીઓનો અર્થ છે હાડકાઓ અને રૂહો અને એજ મહાન ગુંજ અને એક્તા સહીત તે વખતનો ઈલાહીઝીકર કે જે પોતે પોતે જ ચાલે છે તે માથાની તરફ બુલંદ થઇ જાય છે.

કુરાનમાં છે કે "અને અલ્લાહતઆલાએ તમારા માટે સઘળી મખ્લુકાત (સઘળી વસ્તુઓ)ની છાયા બનાવી છે અને તમારા માટે પર્વતોમાં સંતાવા માટે જગ્યાઓ બનાવી અને તમારા માટે એવાં લુગડાં (કુરતા) બનાવ્યા કે જે ગરમીથી તમારી રક્ષા કરે અને એવાં લુગડાં બનાવ્યા કે જે તમારી લડાઈથી તમને રક્ષિત રાખે (૧૬/૮૧) મોમીનની રૂહ મોજૂદ (હાજર) શરીરમાં મર્યાદિત નથી, તે બસીત-ફેલાએલી (વિશાળ) હોવાને કારણે દરેક જગ્યાએ છે. ખાસ કરીને બાર ટાપુઓના

હુજ્જતોમાં છે, જે પર્વત છે, જેમાં મોમીનોના માટે "અક્નાન" એટલે કે સંતાવાના સ્થળો છે અને એ જ રીતે મોમીનના રૂહનો ઊચ્ચ છેડો એટલે કે "અનાએ ઉલવી" ઈમામે ઝમાન (અ.સ.) અને કાયમુલ ક્યામત (અ.સ.)માં છે કેમકે વખતના ઈમામ (અ.સ.) અજ્ઞાનતાની આગથી બચાવે છે અને હઝરત કાયમ (અ.સ.) રૂહાની લડાઈથી સુરક્ષિત રાખે છે.

સુરહ મુર્સલાત (૭૭/૨૫-૨૭)માં છે કે "શું અમોએ પૃથ્વીને (ધરતીને) જીવતા તથા મુવેલા (મરણ પામેલાં) લોકોને સમાવવા-વાળી નથી બનાવી અને અમોએ તેમાં ઊંચા ઊંચા પર્વતો બનાવ્યા અમોએ તમને મીઠું પાણી પીવડાવ્યું." રૂહાનીયતની ધરતીમાં બે પ્રકારના લોકો છે અમુકમાં રૂહુલ ઈમાન છે અને અમુકમાં એ રૂહ નથી અને એ જ રીતે કંઈક લોકો જીવંત છે અને કંઈક લોકો મરણ પામેલાં છે. ધરતી ઉપર ઊંચા ઊંચા પર્વતોનો અર્થ છે બાર ટાપૂઓના હુજ્જતો કે જે સુક્ષ્મ શરીરમાં રહે છે અને જેઓ ઈમામતના ઈલ્મના ભંડાર છે (૧૫/૨૧) અને ઈમામતના ઈલ્મનું મીઠું પાણી જીવંત પર્વતો પરથી આવે છે.

ISW Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

સુરહ મોઅમેનૂન (૨૩/૨૦)માં અલ્લાહતઆલા ફરમાવે છે કે "વશજરતન તખરૂજુ મીન તૂરેસીના તમ્બીતુ બીદુહીન વસીબ્ગી લિલ્લા કીલીન" અને (તેજ પાણીથી) એક (ઝૈતૂનનું) વૃક્ષ પણ (અમોએ પેદા કર્યું) કે જે સીના નામના પહાડમાં પેદા થાય છે જે એક જાતનું તેલ લઈને ઊગે છે અને ખાનારાઓ માટે શાક લઈને. તૂરનો શાબ્દિક અર્થ પર્વત છે અને સીના અથવા સીનીનનો અર્થ ખૂબસુરત-સુંદર પર્વત

જેનાથી મોતીનો પર્વત એવો હેતુ નીકળે છે. જે અક્લનું નૂર હોવાને કારણે અતી ઘણો સુંદર છે અને એ જ સ્થળ ઉપર ઝૈતૂનનું વૃક્ષ એટલે કે નૂરનું સ્વરૂપ (નૂરથી બનેલું) પણ છે જેના તેલ એટલે કે બોલ-વાણીમાં (ખુદાના નામોમાં) પ્રકાશનું મૂળ અને પરીપૂર્ણ અક્લી તથા ઈલ્મી પૌષ્ટિક્તા ભરેલી છે.

સુરહ મરીયમ (૧૯/૫૨)માં આ ફરમાવેલું છે : અને અમોએ તેને (એટલે કે મૂસાને) કોહેતૂરની જમણી બાજૂથી સાદ દીધો અને અમોએ તેને ભેદની વાતો કરવા માટે વધુ નજિક કર્યો. અહી કુરાનમાંનો શબ્દ "અત્તૂરી લાઈમીન" બે અર્થો ધરાવતો શબ્દ છે (૧) જમણી બાજુનો પર્વત અથવા પર્વતથી જમણી બાજુ (૨) બરક્તવંતો પર્વત. જો કે અહી ત્રણ પર્વતો એક સાથે છે એટલે કે જાહેરી પર્વત, હઝરત મૂસા (અ.સ.)નું મુબારક માથું અને અક્લનો પર્વત, તેમ છ્તાં હકીકી અર્થમાં "જમણી બાજુ"નો સંબંધ જાહેરી પર્વતથી નહી પણ માનવીના માથાથી થાય છે, એ જ રીતે અક્લના પર્વતનું બરક્તવંતુ હોવું એક હકીક્ત છે જ્યારે કે જાહેરી પર્વત કેવળ એક ઉપમાની હેસીયત ધરાવે છે.

ખુદાનું ફરમાન છે કે "કાફ કફ વલ કુરાનીમમજીદ" (૫૦/૧) કાફ (પર્વત)ની (અને) કુરાને મજીદની કસમ. આ કુરાની આયતમાં રબ્બુલ ઈઝઝત અક્લના પર્વતની કસમ ખાય છે જે કાફના પર્વતનું બાતિન છે અને એજ કાફ કલમ પણ છે. પછી લોહે મહેફૂઝની કસમ ખાય છે કે જેમાં કુરાનેમજીદ છે. જેમકે ફરમાવેલું છે કે "બલ હુવ કુરાનુમ્મજીદ ફી લોહે મહેફૂઝ (૮૫/૨૧-૨૨). બલ્કે તે એક માનવંત

કુરાન છે જે સુરક્ષિત પત્રક (લોહે મહેફૂઝ)માં (અક્ષરશ) લખેલું છે. ઈલાહી કલમનું બીજું નામ અક્લે કુલ છે અને લોહ મહેફૂઝથી નફસે કુલ એવો હેતુ છે.

કાફ શબ્દનો અર્થ જેમ પર્વત છે તે જ રીતે આ એક અક્ષરનું પણ નામ છે જે છે, હવે પર્વત અને કાફ અક્ષરની વચ્ચે સંબંધ હોવો જોઈએ, અને તે સંબંધ એ છે કે કાફના પર્વત એટલે કે અક્લના પર્વતના એક સ્થાન ઉપર કુરાને હકીમના એ સઘળાં શબ્દો લખેલાં છે જેની છેવટમાં કાફ આવતો હોય જેમકે હક, સીદક, ફલક, રીક, ઝૌક, વરક, અતીક, સહીક, ઈસ્હાક, સાલીક વિગેરે અને આવા શબ્દોમાં અતીશય મહાન હિકમતો છુપાયેલી છે.

ઉપર ઉલ્લેખાયેલાં શબ્દોનો એક દાખલો આમ છે. "વ કુલ જાઅલહક્કુ વઝહકલ બાતિલુ ઈન્નલ બાતિલ કાન ઝહૂકા" (૧૭/૮૧) અને કહે કે સત્ય આવી ચૂક્યું છે અને અસત્ય નષ્ટ પામ્યું છે; બેશક અસત્ય નષ્ટ પામનાર છે. આ હિકમતભર્યા ફરમાનમાં તમો જૂઓ છો કે શબ્દ "હક"નો છેવટનો અક્ષર કાફ છે અને બીજી બાજુએથી "ઝહૂક" કે જે અસત્યનું (બાતિલનું) એક નામ છે તેનો છેવટનો અક્ષર કાફ છે. આ બંને શબ્દોના છેવટમાં કાફ અક્ષરનું આવવું એ હકીકતનો ઈશારો છે કે હક્નું સત્ય સાબિત થવું અને અસત્યનું નષ્ટ થઈ જવું એ અક્લના સ્થાન ઉપર છે, જેનો અનુભવ આજે પણ થઈ શકે છે, અને કાલે પણ.

બીજો દાખલો : "અલ્લઝીખલક સબઅ સમાવાતીન તીબાકન મા તરઈ ફી ખલકીર્રહમાન મીન તફાવૂતીન..." (૬૭/૩) જેણે એક

ઉપર એક સાત આકાશો પેદા કર્યાં છે. તમો રહેમાન (અલ્લાહ)ની પેદા કરેલી વસ્તુમાં તફાવત જોશો નહિ. આ પવીત્ર આયતમાં ત્રણ શબ્દો એવાં છે કે જેના છેવટમાં અક્ષર કાફ આવેલો છે અને આ નીશાનીથી એ સ્પષ્ટ થયું કે આ સાત આકાશો અકલના જગતના છે અને તે સાતેય એક જેવા છે, તેમાં કોઇ નાનું કે મોટું નથી. આનો અર્થ એ થયો કે તે ફક્ત એક જ વસ્તુ છે પણ તેની અખતરા રૂપી જાહેરાત (જાહેરમાં દેખાવું) સાત આકાશો છે. તબકાનો અર્થ એક ઉપર એકના બદલે પ્રમાણસર (એક સરખા)થી છે.

અકલના જગતની ઉપમા અને નમૂના માટે એક મહાન પર્વત અને એક નાનકડો પથ્થર બંને એક જ અર્થ ધરાવે છે કેમકે તે હકીકી બરોબરી અને એકપણાનું સ્થાન છે અને આમ તે પવીત્ર પથ્થર કે જેના થકી હઝરત મૂસાના વખતમાં બાર (૧૨) ઝરણાઓ ફૂટી નીકળ્યા હતા તે અકલનો પર્વત છે અને એ હઝરત મૂસા (અ.સ.)નો સૌથી મહાન અકલી, ઇલ્મી અને રૂહાની મોઅજીઝો હતો કે તેવણ નામદારે અકલના પર્વતમાં ઇસ્મે આઝમની અસા (લાકડી) મારીને ઇલ્મ અને હિકમતના બાર દરજ્જાઓના ઝરણા વહાવી દીધા, એટલે કે તેવણના બાર હુજ્જત રૂહાની જ્ઞાનના બાર ઝરણાઓ હતા (૨/૬૦, ૭/૧૬૦, ૬/૬૩).

સુરહ બકરહ (૨/૭૪)માં ફરમાવવામાં આવ્યું છે કે "...વ ઈન્ન મિનલ હિજારતી લમા યતફજ્જરૂ મિન્હુ અલ અન્હાર, વ ઈન્ન મિન્હા લમા યશ્શક્કકુ ફ યખરૂજુ મિન્હુ લમા, વ ઈન્ન મિન્હા લમા યહબિતુ મિન ખશયતિલ્લાહી ૨/૭૪" અને નિઃસંશય પથ્થરોમાંથી કેટલાંક

એવા હોય છે જેમાંથી (નહેરો) પાણીના ઝરણા ફૂટી નીકળે છે અને નિ:સંશય તેમાંથી કેટલાંક એવાં હોય છે કે જે ફાટી જાય છે પછી તેમાંથી (પણ) પાણી નીકળે છે અને નિ:સંશય તેમાંથી કેટલાંક એવાં પણ હોય છે કે જે અલ્લાહના ભયથી નીચે ગબડી પડે છે.

આ મુબારક આયતમાં અકલના એક જ મોતીના (ગુણનો) ઉલ્લેખ ત્રણ પ્રકારે થયો છે. અવ્વલ એ કે આનાથી હક્કુલ યકીનના મરતબા ઉપર બહેશ્તની નહેરો વહી રહી છે જેમાં કલમાએ બારી (ખુદાનું નામ) કામ કરે છે, બીજો એ કે ઐનુલ યકીન (નજરોથી જોઈને યકીન કરવું)ના દરજ્જામાં આ મોતી (આ ગુણ)ના દેખાડવાથી રૂહાની જ્ઞાન પ્રાપ્ત થાય છે અને ત્રીજો પ્રકાર એ છે કે જાહેરી દુનિયામાં ઈલ્મુલ યકીન (જ્ઞાનથી ખાત્રી કરવી)ના પ્રકારે અકલના પર્વતથી પ્રત્યેક તે મોમીનને ફાયદો મળતો રહે છે જેમના દીલમાં ખુદાનો ડર હોય અને આ દરજ્જાના ઈલ્મનો દાખલો એમ છે જેમ જવાહીરના પર્વત પરથી અણમોલ જવાહીરના ટૂકડાઓ ગબડીને નીચે આવતા રહેતા હોય.

અકલની વિશ્વવ્યાપી મહાનતા, બુઝુર્ગી અને ઊચ્ચતાનું શું કહેવું કે તેનેજ અલ્લાહતઆલાએ પોતાની કલમ બનાવીને ઈલ્મનું મૂળ ગણાવ્યું છે કુરાનમજીદની સઘળી ઉપમાઓ અને નમુનાઓનું વહેણ તેની તરફ કરી દીધું. આસમાની પુસ્તક (કુરાન)માં ઠેકઠેકાણે અકલના વિષય અને વર્ણનને ફેલાવી દીધું. તેનેજ તૌહીદ (અલ્લાહ એક હોવા બાબત)ની ઓળખાણનો આધાર બનાવ્યો અને તેનેજ હકીકતનું ધોરણ અને ઈન્સાફનું ત્રાજવું ઠેરવ્યું. આસમાનોનું ફરવું, સૂર્ય, ચંદ્ર અને

સીતારાઓનો પ્રકાશ અને સઘળા મનુષ્યોના પ્રયત્નોનું છેવટનું ફળ, કાયનાત અને તેમાંની સઘળી મૌજૂદ વસ્તુઓનો નિચોડ એ હસ્તીના અગાધ સમુદ્રનું એક માત્ર મોતી અક્લ જ છે.

રૂહ અને રૂહાનીયતની અતી ઊચ્ચતા અને જ્ઞાનના કેન્દ્ર ઉપર ખુદાની જે કુદરતી શાનથી અક્લના નમૂનાની જાહેરાત થાય છે અને જે રીતે આ વારંવાર જાહેર થવાથી આફરીનીશ (દુનિયા)ના આરંભ અને અંતની કલ્પનાનો છેડો આવી જાય છે અને જેમ અઝલ અને અબદની જગ્યાએ કદીમ (હમેશના) વર્તુળની કલ્પના મળે છે તેમાં અતી ઘણી હિકમતો છુપાયેલી છે જેની અસરથી, જેની વિશાળતાથી કોઈ વસ્તુ બહાર નથી રહી શક્તી.

**–નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**
**૩૧ જાન્યુઆરી ૧૯૮૪**

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# લંડનથી પાંચ સવાલ

મારાં મિત્ર અબ્દુલ રહેમાનના ૧૪ જાન્યુઆરી ૧૯૮૪ના પત્રના એ ભાગનો તરજુમો જેમાં પાંચ સવાલો લખેલાં હતાં.

ભય અને આનંદ મિશ્રીત લાગણી સહિત અમુક સવાલો કરવા ઈચ્છું છું.

<u>સવાલ નં. ૧ :</u> અઝરાઈલ કઈ રીતે રૂહ કબ્જે કરે છે ?

<u>સવાલ નં. ૨ :</u> મૌલાના રૂમે ઘણી વાર હઝરત યુસુફનો ઉલ્લેખ કર્યો છે. તમોએ બીબી મરીયમના સંબંધે નિબંધ લખ્યો છે, શું તમો અમને હઝરત યુસુફના વિષે પણ કંઈક જણાવશો ?

<u>સવાલ નં. ૩ :</u> શું તમો ઈસમાઈલી કેળવણીની કલ્પનાના વિષયમાં કંઈક જાણકારી આપી શકો છો ?

<u>સવાલ નં. ૪ :</u> આ વાત સમજાવવામાં આવી છે કે રૂહ જુદાં જુદાં સ્વરૂપો ધારણ કરી શકે છે જેમકે પાણી બરફ પણ થઈ શકે છે, તે પોતે પાણીના સ્વરૂપમાં પણ છે અને વરાળના સ્વરૂપમાં પણ છે. શું તમો ખુલાસો ફરમાવશો કે રૂહનું લતીફ (સુક્ષ્મ) શરીરથી ભૌતિક શરીરમાં બદલી થવું કેવી રીતે બને છે ?

<u>સવાલ નં. ૫ :</u> શું તમો અમને રૂહના ઉપર જવા બાબત વધુ વિગત બતાવશો ? શું આ મનુષ્યના માટે દરજ્જાવાર છે એટલે કે નબાતી (વનસ્પતી) રૂહથી મલ્કુતી રૂહ (મલાયકની રૂહ) સુધી ? આ સવાલ એક સ્વપ્ન જોયા પછી ઉદ્‌ભવ્યો છે. મેં એક લીલુંછમ વૃક્ષ કે જે કુંપળોથી ભરેલું હતું (સ્વપ્નમાં) જોયું. હું જેમ જેમ વૃક્ષને જોતો જતો હતો તેમ તેમ તેની કળીઓમાં વધારો થતો જતો હતો પણ તે વૃક્ષની ખાસ વાત એ હતી કે તેમાં એક વખતમાં ફક્ત એક જ કળી ઉગી શક્તી હતી. શું આ વનસ્પતીના રૂહના દરજ્જામાં પ્રગતીનો નમૂનો છે ? શું હું પછીથી હેવાની રૂહના સંબંધે આ પ્રકારનું સ્વપ્ન જોઈશ ? કે પછી હું મારી આ ધારણામાં ભૂલ કરી રહ્યો છું?

મહેરબાની કરીને મને માફ કરો, જો મારાં સવાલો વ્યાજબી રીતે ન પૂછાયા હોય. હું આના જવાબના માટે કે જે તમો આપશો, તમારો હાર્દિક આભારી થઈશ.

આ છે તે પાંચ સવાલો જે મારાં ઘણાં જ પ્રીય મિત્ર, રૂહાની ભાઈ અને જાની દોસ્ત અબ્દુલ રહેમાન આર. તરફથી તેના એક શુદ્ધભાવના ભરેલાં પત્રમાં મોકલ્યાં હતા. હવે હું સર્વ પ્રથમ એ ઈચ્છું છું કે પોતાને મોમીનના ચરણોની રજ ગણાવું અને પોતાના જ્ઞાનને કે જે ઘણું જ અલ્પ છે તે જાહેર કરૂં કે જેથી ખુદાએ બુઝુર્ગને મારી દુઃખી સ્થિતિ ઉપર રહેમ આવે અને પોતાના જીસમધારી નૂર એટલે કે આલે મુહમ્મદ (સ.અ.સ.), ઈમામે ઝમાનના વાસ્તાથી મારી મદદ ફરમાવે કે જેથી આ અશક્ત બંદો કે જે અતીશય ગરીબ છે પવીત્ર ઈમામ સલ્વાતુલ્લા અલૈહીની મહાન બારગાહથી વારંવાર સદકો

અને ખેરાત પ્રાપ્ત કરી શકે અને આ સદ્દભાગ્યની પ્રાપ્તી માટે ઈમાન–વાળાઓની દુઆ જોઈએ.

<u>પહેલાં સવાલનો જવાબ :</u> હઝરત ઈઝરાઈલ અલૈહિસ્સલામ ખુદાના હુકમથી એક ઈસ્મે આઝમ (ખુદાના મહાન નામ)નો વપરાશ કરીને રૂહને ધીરે ધીરે કબ્જે કરી લ્યે છે અને બીજું ઈસ્મે આઝમ છે જેના મારફત તે તુરંત (ફૌરન) રૂહને શરીરથી ઉપાડી શકે છે. રૂહ સામાન્ય રીતે કોઇ બીજા રસ્તાથી નહી પણ ફક્ત માથાના ઉપલા ભાગથી નીકળે છે. ખાસ ઈબાદત અને રૂહાનીયતની સફરથી એક ઊચ્ચ મંઝીલમાં અઝરાઈલ (અ.સ.) કેટલાંય દિવસો સુધી પ્રકાર પ્રકારથી રૂહ કબ્જે કરવાનું પ્રદર્શન કરતો રહે છે જેમાં રૂહ ક્યારે તો શરીરના બાકી ભાગોને છોડીને માથામાં રોકાયેલ (અટકી ગયેલ) રહે છે અને ક્યારે તેને ઉપરથી ઊચ્ચ જગતના તરફ ઉપાડી લેવામાં આવે છે પરંતુ દરેક વખતે તેનો નીચલો છેડો મગજના ઉપરના ભાગથી લાગેલો રહે છે અને જીવતેજીવત ક્યારેય રૂહનો આ છેડો માથાથી જરા પણ અલગ નથી થઇ શક્તો.

અઝરાઈલ (અ.સ.) એક સરદાર ફરીશ્તો છે જેના નીચે ઘણા નાના ફરીશ્તા નીમાયેલાં છે જેઓ રૂહના કબ્જે કરવાનું કાર્ય કરે છે જેમકે ખુદાવંદ આલમનું પવીત્ર ફરમાન છે "વલ મલાઈક્તુ બાસીતુ અયદી હીમ અખરીજુ અન્ફુસ કુમ" (૬/૯૪) અને ફરીશ્તાઓ હાથ ફેલાવી રહ્યા હશે, હા તમારા પ્રાણ સોંપી દયો. ફરીશ્તાઓના હાથોનો અર્થ તેમનો ઝીકર અને તસ્બીહ છે કેમકે મલાયક (નું કોઇ) શરીર નથી અને તેથી તેમના હાથ મનુષ્યોના હાથોની જેમ નથી અને ન

તો જાહેરી પક્ષીઓની જેમ તેમની બાજુઓ (પાંખો) છે. તે તો રૂહ છે. તેમનું પકડવું અને ઊડવું ખુદાતઆલાના જુદા જુદા નામોથી છે. આમ પણ આ વિચારવાની વાત છે કે રૂહ કોઇ પદાર્થિક કે ભૌતિક પ્રકારની વસ્તુ નથી કે તેને જાહેરી હાથોથી પકડી શકાય તે એક વિશાળ શક્તિ છે, માટે તેના ઉપર ખુદાના નામથી જ કન્ટ્રોલ થઇ શકે છે માટે અઝરાઈલ (અ.સ.)ને જેની રૂહ કબ્જે કરી લેવાની આજ્ઞા મળે છે તેના ડાબા કાનમાં આવીને અલ્લાહના એક બુઝુર્ગ નામનો ઝીકર કરતો રહે છે, જેનાથી રૂહ શરીરને ત્યજી દયે છે અને માથામાં સ્થગિત થઇ જાય છે અને ફરીશ્તાઓ તેને ઝીકરનાજ ઘેરામાં ત્યાં લઇ જાય છે જ્યાં લઇ જવો જોઈએ.

<u>બીજા સવાલનો જવાબ :</u> મારાં અતી વહાલા મિત્ર ! તમોએ જે શુદ્ધભાવના અને વિશ્વાસથી હઝરત યુસુફ (અ.સ.) વિષે સવાલ ઉઠાવ્યો છે તે એવો છે કે હઝરત યુસુફ (અ.સ.) સંબંધે એક નિબંધ લખવો જોઈએ, અને એ જો શક્ય હોય તો આ લખાણથી અલગ હોવું જોઈએ, તેમ છતાં તેનો વાયદો નથી કરતો અને અત્રે આ સંબંધે ફક્ત અમુક મુદ્દાઓ વર્ણવવામાં આવે છે.

હઝરત યુસુફ (અ.સ.) પોતાના વખતમાં ઈમામે મુસ્તવદા (અમાનતની સંભાળ રાખનાર ઈમામ) હતા. તેવણે શરૂઆતમાં એક સ્વપ્ન જોયું હતું જેમાં અગીયાર સીતારાઓ, સુર્ય અને ચંદ્ર તેવણને સીજદો કરી રહ્યા હતા, જેની તાવીલ એ છે કે હઝરત યુસુફ કે જેઓ તે વખતે બારમો સીતારો હતા, આગળ જતાં પોતાના માનનીય પિતાશ્રી હઝરત યાકુબ (અ.સ.)ની જગ્યાએ ઈમામ બનનારા હતા અને

વખત આવતાં હઝરત યુસુફના (અગીયાર) ભાઈઓ કે જેઓ હુજ્જત હતા તેમણે હઝરત યુસુફ (અ.સ.)ની તાબેદરી કરી. પછી સુર્યે સીજદો કર્યો એટલે કે હઝરત યાકુબે ખુદાની આજ્ઞાથી ઈમામત હઝરત યુસુફ (અ.સ.)ને સોંપી અને નૂર કે જે તે વખતે પૂત્રમાં આવી ચૂક્યું હતું તેની તાબેદારી કરી અને સૌથી છેલ્લે ચંદ્રે સીજદો કર્યો એટલે કે હુજ્જતે આઝમે પાછલા ઈમામની છેવટ સુધી ફરમાન બરદારી કરીને સોંપણીના કાર્ય પછી વારસદાર ઈમામ (હઝરત યુસુફ)ની ઈતાઅત કરી. આ ક્રમ તમો કુરાનની આયત (૧૨/૪)માં જોઈ શકો છો કે પહેલાં અગીયાર સીતારાઓનો ઉલ્લેખ છે, પછી સુર્યનો અને છેવટમાં ચંદ્રનો સીજદો કરવાનો ઉલ્લેખ છે.

જ્યારે આપણે સુરહ યુસુફની આયત ૪થી આયત ૬માં જઈને જોઈએ છીએ તો સાર મળે છે કે અલ્લાહતઆલાના તરફથી પરીપૂર્ણ માનવીની પસંદગીની આજ રીત છે, આજ રીતે તાવીલનું જ્ઞાન અર્પણ થાય છે અને આજ પ્રકારે ખુદાની દરેકે દરેક ન્યામતો છેવટના દરજ્જા સુધી પ્રાપ્ત થઈ જાય છે.

કુરાનની રૂહ પ્રમાણે આ વાત એક મજબૂત હકીકત છે કે પરવરદીગારઆલમે દરેક પયગમ્બરો અને દરેક ઈમામોને તાવીલના ખજાનાઓના માલિક બનાવી દીધા છે જેનો દાખલો હઝરત યુસુફ (અ.સ.) છે કેમકે તેઓ પયગમ્બર પણ છે અને ઈમામ પણ છે. અને તાવીલ કોઈ જાહેરી વસ્તુ નથી હોતી પણ તે આસમાની પુસ્તકની મહાન રૂહ અને તેની સર્વવ્યાપક રૂહાનીયતનું નામ છે. આજ તે મહાન રૂહ છે જે ક્યારેક તો રૂહુલ અરવાહ (રૂહોની રૂહ) કહેવાય છે, ક્યારેક

નફસે કુલ્લી અને ક્યારેક લોહે મહેફૂઝ, અને એમાં પુસ્તકની અને પાઠ ભણાવવાની તાવીલનો ઉલ્લેખ નથી બલ્કે નૂરાનીયતથી ભરપૂર તાવીલનો ઉલ્લેખ છે જે હકીકી નૂર અને બોલતું પુસ્તક છે, જેમાં દરેક વસ્તુની સુક્ષ્મ રજ, દરેક વસ્તુઓની રૂહો અને સમગ્ર અકલ સમાયેલાં છે.

જો એમ પૂછવામાં આવે કે બાર હુજ્જત તો પૃથ્વીના ગ્રહના બાર જુદા જુદા સ્થળોમાં હોતા હોય છે પછી એ કેમ શક્ય થયું કે હઝરત યાકુબ (અ.સ.)ના બાર પૂત્રો ઘેર બેઠાં જ તે બાર સ્થળોના હુજ્જત બની ગયા ? તો તેનો જવાબ એ છે કે હદ્દે દીનનો મૂળ વહીવટ સુક્ષ્મ શરીરથી ચાલતો હોય છે કેમકે જે રીતે જીન્નાત એટલે કે પરીઓનું અસ્તિત્વ સુક્ષ્મ શરીરમાં હોય છે, જેમાં સારાં પણ છે અને નરસાં પણ, તે જ રીતે રાત્રી-દિવસના હુજ્જતો સુક્ષ્મ શરીર મારફત પોત પોતાની હદોમાં કાર્ય કરે છે.

<u>ત્રીજા સવાલનો જવાબ :</u> આ સવાલનો જવાબ પણ એક પૂરેપૂરા નિબંધ સ્વરૂપે આપી શકાય છે તેમ છતાં તમારી દીલચસ્પી ખાતર અમુક જરૂરી વાતો આમ છે. ઈસ્માઈલી તાલીમની કલ્પના અસલમાં ઈસ્લામી તાલીમની કલ્પના છે અને ઈસ્લામ કુદરતી મઝહબ છે માટે આપણી આ કલ્પના હકીકી સ્વરૂપમાં એક તરફથી કુરાન અને રૂહાનીયતની સાથે સરખાપણું ધરાવે છે અને બીજી બાજુએથી સમય અને સ્થળની જરૂરિયાતનો સ્વીકાર કરે છે. આનો અર્થ એ થયો કે દીની તાલીમ રૂહાની હિકમતોથી ભરપૂર હોવી જોઈએ અને દુન્યવી તાલીમ વર્તમાન સિદ્ધાંતોના પ્રકાશમાં હોવી જોઈએ. કેમકે ઈલ્મનો હેતૂ વ્યક્તિ અને કોમના રૂહાની અને ભૌતિક ઉત્કર્ષનો છે અને જો આ હેતૂ

પાર ન પડે તો એ તાલીમ (એ કેળવણી) નિરર્થક છે.

નવી પેઢીની દુન્યવી કેળવણી કેવા પ્રકારની હોવી જોઇએ, એ કોઇ ખાસ કોયડો નથી કેમકે દરરોજ (વખતો વખત) તેના નીત નવા પ્રકારો અને વધુથી વધુ ફાયદામંદ સિદ્ધાંતો બનતા રહેશે જ્યારે કે (જગતની કોમ) જગતના રાષ્ટ્રોની એકંદર કોશીષ એમાં જ લાગેલી છે કે જેનાથી તેઓ સાયન્સથી ફાયદો ઉપાડીને શીખવવા અને શીખવાની રીતને વધુ સારી બનાવી શકે. કોયડો તો દીની અને રૂહાની કેળવણીનો છે અને સાચી વાત તો એ છે કે તેમાં નાના નાના પ્રકારના હજારો કોયડાઓ છે તેમ છતાં પણ ઇસમાઇલીઓની પાસે એક એવો બેનમૂન વસીલો મૌજૂદ છે જેની બરકતવંતી હસ્તીની સામે કોયડાઓ તો શું મુશ્કેલીઓ પણ ઉકેલાઇ જઇ શકે છે પણ આપણને આ વિષયમાં ઠીકઠાક રીતે વિચારવા જાણવા અને પછી હિમ્મતથી કામ લેવાની જરૂરત છે કે જેથી આપણે નૂરના વસીલાથી પૂરેપૂરો ફાયદો મેળવી શકીએ.

અલ્લાહતઆલા આસમાનો અને ધરતીનું નૂર છે (૨૪/૩૫) એનો એ અર્થ છે કે કાયનાત અને તેમાં મોજૂદ વસ્તુઓમાં કોઇ વસ્તુ એવી નથી જેને આ નૂરથી દરજ્જાવાર અને જરૂરી પ્રકાશ પોતે પોતે જ ન મળતો હોય. દાખલા તરીકે ખનીજ કે પથ્થર (જમાદાત) વનસ્પતી (નબાતાત), જાનવરો (હૈવાનાત) અને ફરિશ્તાઓને આ પ્રકાશ હંમેશા તેમના દરજ્જા અને જરૂરત પ્રમાણે પોતે પોતે જ મળતો રહે છે. પરંતુ મનુષ્ય (ઇન્સાન)નો મામલો અધિકારને લીધે સૌથી જુદો છે માટે તેને જે ઉચ્ચ અકલી, ઇલ્મી અને રૂહાની પ્રકાશની જરૂરત છે

તે નથી મળતો જ્યાં સુધી કે તે ખુદા, રસુલ (સ.અ.સ.) અને ઉલીલ અમ્રની તાબેદારી ન કરે, અને આ મુજબ ઈસમાઈલી મઝહબમાં કુરાની અને રૂહાની ઈલ્મનો દરવાજો દરેક વખતે વિશાળ છે.

<u>ચોથા સવાલનો જવાબ :</u> જી હા ! રૂહ જુદાં જુદાં સ્વરૂપો ધારણ કરી શકે છે અને સુક્ષ્મ શરીરથી ઘટ્ટ શરીરમાં તેના રૂપાંતર થવાનો દાખલો એમ છે કે આપણે દુનિયાની (ખુદાઇ રચનાની) કલ્પના કરીએ તો તે એક લીટી (–) લાઇન જેવી નથી પણ વર્તુળ (○)ની જેમ છે જેનો અર્થ એમ થયો કે ખુદાઇ રચનાનો ન તો કોઇ આરંભ છે અને ન તો કોઇ અંત. બસ તે એક કદીમ (હમેશાંથી) વર્તુળ છે અને કોઇ પણ રીતે તે કંઇ નવી બાબત (અચાનક પૈદા થએલ) નથી, જેના નમૂનાઓ આ દુનિયામાં ઘણા છે જેમ કે આકાશ, દરેક ગ્રહ, હવા, પાણી, વનસ્પતી અને હેવાનમાંથી પ્રત્યેકનું એક વર્તુળમાં હંમેશા ફરતા રહેવું. જેમકે ગોટલીથી વૃક્ષ અને વૃક્ષથી ગોટલીનું પેદા થવું જેમાં ન તો વૃક્ષ પહેલાં છે અને ન તો બી પહેલાં છે બલ્કે બન્ને છેડાં વગરના વર્તુળ ઉપર આવેલાં છે એ જ રીતે મરઘીથી ઇંડુ પેદા થવું અને ઇંડાથી મરઘીનું અસ્તિત્વમાં આવવું, તે જ પ્રમાણે મનુષ્યનું માતા–પિતાથી જન્મ પામવું અને પછી માતા–પિતા બનવું વિગેરે. આ વર્ણનથી એ હકીકત બહાર આવે છે કે દરેક વસ્તુ પોતાના વર્તુળ ઉપર ફરી રહી છે અને સઘળાં નાના વર્તુળો મહાન વર્તુળથી બને છે. જેમકે આકાશનું મહાન વર્તુળ પોતાની અંદરના સઘળા વર્તુળોને લઇને ફરી રહ્યું છે.

પવીત્ર કુરાનની એક મહત્વની કેળવણી (તાલીમ) એ છે કે આપણે કાયનાતના આ પુસ્તકની આયતોમાં અક્લ અને જ્ઞાનથી ઊંડો

અભ્યાસ કરીએ, કે જેથી તેની હિકમતોથી કુદરતના સિદ્ધાંતોના છૂપાયેલાં ભેદોને સમજી શકીએ. આપણે અમુક કીડામંકોડાઓને જોઇએ છીએ કે તેમાં રૂહની ઊંચાઇ અને નાઝીલ થવાના દાખલા મોજૂદ છે. આ બાબતમાં રેશમનો કીડો ઉલ્લેખનીય છે કે તે પતંગીયાથી બને છે અને ફરી પતંગીયું બની જાય છે. જો કે પતંગીયાની જીંદગી કીડાની જીંદગીથી વધીને છે અને સારી છે પણ પતંગીયું રેશમ નથી બનાવી શકતું, એ તો કીડાનું જ કામ છે માટે રેશમ જેવી કિમતી વસ્તુને પેદા કરવા ખાતર તેને એક રીતે વારંવાર કીડાના રૂપમાં આવવું જોઇએ. સ્પષ્ટ વાત છે પતંગીયું પોતે કીડાના સ્વરૂપમાં નાઝીલ નથી થતું પરંતુ પ્રતિનિધિત્વના અર્થમાં એમ કહેવું વ્યાજબી છે કે તેનું વર્તુળ ઊંચાઇ અને નાઝીલ થવાના સ્વરૂપે બનવા પામે છે, જેમકે વૃક્ષ, ઇન્સાની શરીર વિગેરે, કે તેઓ પણ પ્રતિનિધિત્વના સ્વરૂપમાં ફરતા રહે છે.

જો રૂહો અને મલાયકો તથા સુક્ષ્મ શરીરોની ઉપમા એવા પતંગીયાઓથી આપવામાં આવે કે જે, જો કે અશક્ય છે છતાં ધારી લ્યો કે ક્યારેય ન મરતા હોય અને ઇન્સાનોની ઉપમા રેશમના કીડાથી આપવામાં આવે તો ઘણી સહેલાઇથી સુક્ષ્મ શરીરથી ઘટ્ટ શરીરમાં રૂહના રૂપાંતર થવાનો દાખલો સમજાઇ જશે તમો સારી રીતે વિચાર કરી શકો છો કે આ વાત રૂહના એક જીસમથી બીજા જીસમમાં બદલી થવાની માન્યતાથી વિરૂદ્ધ અને ભેળસેળ–મેળવણીથી પાક છે કેમકે અસલ રૂહનું મૂળ કુરાનના કથન મુજબ (૧૭/૮૫) કુનના કલમાથી સંબંધિત છે. તે (રૂહ) ત્યાંથી ક્યારેય અલગ નથી થઇ શકતી અને ન તો પોતાની જગ્યાને મૂકીને કોઇ પણ વખતે આ ભૌતિક દુનિયામાં આવી શકે છે, પણ હા, એ હકીકત છે કે તેના ઘણા બધા જીવંત

પ્રતિબીબ (એટલે છબીઓ) સુક્ષ્મ અને ઘટ્ટ શરીરોમાં પેદા થઇ જાય છે અને આપણી આ હસ્તી આપણી ઊચ્ચ રૂહનો એક જીવંત પડછાયો છે અને આ પડછાયો વારંવાર આવતો જતો રહે છે પરંતુ રૂહનું કેન્દ્ર આલમે અમરમાં પોતાની જગ્યા ઉપર કાયમ છે. જેમકે સુર્ય તો હંમેશને માટે કાયનાતની વચ્ચેના ભાગમાં ઊભેલો છે તે પોતાની જગ્યાને નથી છોડી શક્તો અને ધરતીની સપાટી ઉપર ફક્ત તેનો પ્રકાશ ફેલાયેલો છે. સુર્યની કિરણોને કબૂલ કરવામાં સઘળી વસ્તુઓ એક જેવી નથી હોઇ શક્તી, ફક્ત અરીસા અથવા નિર્મળ પાણી જેવી વસ્તુઓમાં સુર્યનું પ્રતિબીબ બની જાય છે. આ ઇન્સાની રૂહનો દાખલો છે. સુર્ય જાણે કે રૂહની મૂળ જગ્યાની જેમ છે, પ્રતિબીબ નીચલી-નીચેની રૂહો છે અને અરીસો શરીર છે.

સુક્ષ્મ શરીરથી ઘટ્ટ શરીરમાં રૂહના રૂપાંતરનો દાખલો ફીલ્મથી પણ આપી શકાય છે એટલે કે જ્યારે કોઇ માણસની ફીલ્મ લઇને (તે) ચિત્ર (પીક્ચર) દેખાડવામાં આવે છે તો તેથી તે શખ્સની બીજી **(Secondary)** હસ્તી બની જાય છે (અને તે પણ) અસલ હસ્તીમાં કોઇ પણ ઓછપ આવ્યા વગર, જો આ ચાલવા ફરવા વાળા ચિત્રમાં કોઇ જાન અને અક્લ હોત તો તે એ શખ્સને ઓળખી શક્તે કે જેનાથી તે બની છે અને દૂર થઇ ગઇ છે.

<u>પાંચમા સવાલનો જવાબ :</u> તમારો આ સવાલ કે જે રૂહાની ઊંચાઇ સંબંધે છે, જો તે ઊચ્ચ રૂહના વિષયમાં હોત તો હું જરાયે વિલંબ વિના જવાબ આપત કે તે હંમેશા ઊંચાઇના છેવટના મુકામ પર છે અને તે ક્યારેય નાઝીલ થઇ નથી જેમ અહી એ હકીક્તનો દાખલો

સૂર્યથી આપવામાં આવ્યો છે, પણ સ્પષ્ટ છે કે તમોએ નીચેની રૂહના બાબતમાં પૂછ્યું છે માટે અમને આ બારામાં સર્વ પ્રથમ વિચારવું છે કે ઊંચાઈની હકીકી કલ્પના શું છે ? શું આ પણ ખુદાઇ રચનાની કલ્પના જેમ એક વર્તુળ ઉપર રહેલી છે ? કે સીધી લીટીના સ્વરૂપમાં છે ? હું તો અહીં એ કહીશ કે ઊંચાઇ અને ઊંચે ચડવું એ સીધી લીટીના સ્વરૂપમાં નથી પણ વર્તુળના સ્વરૂપે છે અને ખુદાઇ રચનાની કલ્પના જ ઊંચાઈની કલ્પના છે જેમકે કુરાનમાં છે કે "વતીલ્કલ અય્યામુ નુદવીલહા બૈનન્નાસ..." (૩/૧૩૯) અને આ જ દિવસો છે જેને અમે લોકો વચ્ચે અદલી બદલી કરતા રહીએ છીએ. આ હિકમત-વાળી આયત ઊંચાઇ તથા નાઝીલ થવું (નીચે આવવું) અને અલ્લાહની આદતના વર્તુળથી સંબંધિત છે આમાં ન ફક્ત જાહેરી જગતના દુઃખ તકલીફ અને રાષ્ટ્રોની ચડતી પડતીનો ઉલ્લેખ છે બલ્કે હિકમતની ભાષામાં ખુદાતઆલાના તે મહાન દિવસોના ઘણા યુગોનો પણ ઉલ્લેખ છે જેમાંથી પ્રત્યેકનું પ્રમાણ પચાસ હજાર વર્ષનું છે (૭૦/૪) અને આવા એક દિવસમાં કોઇ પરીપૂર્ણ રૂહ (નફસે વાહીદા ૩૧/૨૮) રૂહો અને મલાયકોની અક્લ અને જાન બનીને અલ્લાહતઆલાની હુઝુરમાં ઊંચાઇ પામે છે (૭૦/૪).

રૂહની બુલંદી વિષે આ જગતની એકતાના વહીવટને પણ જાણવો જરૂરી છે અને તે એ રીતે છે કે પથ્થર-ખનીજની જાન વનસ્પતિ છે, વનસ્પતિની જાન હેવાન છે, હેવાનોની જાન સામાન્ય માનવી છે, સામાન્ય માનવીઓની જાન ખાસ માનવી છે અને ખાસ માનવીઓની અક્લ અને જાન પરીપૂર્ણ માનવી છે જેની અમલી

બુલંદીમાં દરેક વસ્તુ પોતાની યથાશક્તિ બુલંદી ઉપર છે અને કાર્ય મુજબ આ ઊંચાઇ સુધી પહોંચવાને માટે પથ્થરને વનસ્પતિમાં ફના થઇ જવું જોઇએ, વનસ્પતિને હેવાનમાં મટી જવું જોઇએ, હેવાન માનવીના માટે કુરબાન થઇ જાય અને પ્રત્યેક માનવીની એ ફરજ છે કે પરીપૂર્ણ માનવીની તાબેદારી કરે એ રીતે કે જે રીતે તાબેદારી કરવાનો હક છે, કે જેથી પોતાની અસલ સ્થિતિને પામે.

તમારૂં સ્વપ્નું નૂરાની હતું અને તેમાં રૂહાની પ્રગતીની ખુશખબરી હતી જેમાં ચોક્કસપણે તમોએ વૃક્ષના સ્વરૂપમાં વનસ્પતિની રૂહનો અનુભવ કર્યો, ઝાડ ઉપર ઘણી બધી કળીઓની તાવીલ છે વનસ્પતિ રૂહની કોપીઓ (COPIES) તેમાં એક કળી કેન્દ્રીય અથવા અસલી વનસ્પતિ-રૂહને જાહેર કરતી હતી જે રીતે અમોએ રૂહના પુસ્તકમાં લખ્યું છે કે વનસ્પતિ, હેવાની અને ઇન્સાની રૂહમાંથી દરેકમાં પોતાના પ્રકારની અસંખ્ય રૂહો હોતી હોય છે, તો તેને એમ સમજવું જોઇએ કે વનસ્પતિની રૂહમાં વનસ્પતિનું જગત છુપાયેલું છે. હેવાની રૂહમાં હેવાની જગત છુપાયેલું છે અને ઇન્સાની રૂહમાં ઇન્સાની જગત છુપાયેલું છે. માટે દરેક દરજ્જાની રૂહની સાથે તેના પ્રકારની અસંખ્ય રૂહો મોજૂદ હોય છે.

મારી આશા પણ છે અને વિનંતીભરી દુઆ પણ છે કે તમો ઇન્શાઅલ્લાહ આના પછી ન ફક્ત હેવાની રૂહનો અનુભવ કરશો પરંતુ પોતાની અતીઘણી આજીઝી, ઇમામની હિકમતભરેલી મહોબ્બત અને જગતની ઇલ્મી ખીદમત જેવી મહાન ઇબાદતના પરિણામે પોતાની

રૂહની ઓળખ પણ પ્રાપ્ત કરશો કે જેથી આપણે બધા મળીને પાક-પવીત્ર ઈમામના ઈલ્મના નૂરને દુનિયાભરમાં ફેલાવીએ, આમીન.

**-નસીરૂદ્દીન નસીર હુંઝાઇ**
**૧૪ ફેબ્રુઆરી ૧૯૮૪**

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# સુરહ માઊનની તાવીલ

બિસ્મીલ્લાહિર્રહમાનિર્રહીમ. તરજૂમો : (શરૂ કરૂં છું) ખુદાના નામથી જે ઘણો મહેરબાન અને અતીશય રહેમ કરનાર છે. શું તમોએ તે માણસને પણ જોયો જે ક્યામત (ના દિવસને) નથી માનતો. એ તો તેજ (કમબખ્ત) છે જે યતીમને દુઃખ દ્યે છે અને મીસ્કીન (નીરાધારો)ને ખાવાનું ખવડાવવા માટે ઉત્તેજન નથી આપતો, માટે અફસોસ છે તે નમાઝીઓ માટે જેઓ પોતાની નમાઝથી બેદરકાર (ગાફીલ) રહે છે, જેઓ દેખાડવા માટે કરે છે (નમાઝ પઢે છે) અને ઝકાત નથી આપતા. (૧૦૭/૧થી ૭).

તાવીલ : બદલાનો દિવસ એટલે કે ક્યામત, હઝરત કાયમ સલ્વાતુલ્લા અલૈહીથી સંબંધ રાખે છે અને ક્યામત કાયમ કરનારનો અસ્વીકાર કરવો, બદલાના દિવસનો (ક્યામતનો) અસ્વીકાર કરવો–(તેને ન માનવું) એમ છે. અને જે શખ્સ આ રીતે ક્યામતને ન માનતો હોય તે માનવંત ઈમામ (અ.સ.)ને કે જેઓ એવા મોતી સમાન છે કે દુર્રેયતીમ જે છીપમાંથી બહાર નીકળે છે, તેને દુઃખ આપે છે, જ્યારે કે ઈમામ ઈલ્મના નૂરના સ્વરૂપમાં તેના જાહેરી અને બાતિન ઉપર ઉદય પામવા લાગે છે. સ્પષ્ટ છે કે એવા શખ્સમાં હુજ્જત (મીસ્કીન)ના રૂહાની ખોરાકનો શોખ પણ પેદા નથી થઇ શકતો કે તે પોતે પણ તે

ખાય અને બીજાને પણ તે ખાવા માટે ઉત્તેજે આમ તે નમાઝીઓ ઉપર બરબાદી છે કે જેઓ પોતાની નમાઝની રીતથી અને તાવીલી હિકમતથી અજ્ઞાન છે, જેઓ દેખાડવા માટે કરે છે એટલે કે નમાઝના બાતિનને નથી જાણતા–નથી સમજતા અને ઝકાત નથી આપતા એટલે અકલી અને રૂહાની રીતે પાક નથી થઇ શક્તા.

યતીમની તાવીલ છે બરહક ઈમામ કેમકે ઈમામજ "દુર્રે યતીમ"એટલે કે અણમોલ મોતી છે, જ્યારે કે યતીમનો અર્થ છે એકલો, બેનમૂન "દુર્રે યતીમ"નો અર્થ છે કિમતી અથવા બેનમૂન મોતી.

મીસકીનની તાવીલ છે હુજ્જત, જેના ઈલ્મમાં મોમીનોના માટે સંતોષ છે અને "તઆમે મિસ્કીન"નો હેતુ છે હુજ્જતનું ઈલ્મ કે જે અકલી અને રૂહાની ખોરાક છે, વળી મિસ્કીનનો અર્થ એ પણ છે કે હુજ્જત હંમેશા પાક–પવીત્ર ઈમામના દરવાજા ઉપર ભિક્ષા માગતો રહે છે અને એ રીતે મિસ્કીનને ખાવાનું દેવા માટે ઉત્તેજન આપવું એમ છે કે કોઇ મોમન મહોબ્બત અને ઈશ્કથી ઈમામની તાબેદારી કરે કે જેથી તેની રૂહને કે જે એક રીતે મિસ્કીન છે, અકલી અને રૂહાની ખોરાક પ્રાપ્ત થાય.

આ હિકમત ભરેલી સુરહના વ્યાજબી અને ગેરવ્યાજબી બે પાસા છે વ્યાજબી પાસુ એ છે કે ઝમાનાના ઈમામની રૂહાનીયત અને કાયમુલ ક્યામતનો મરતબો કબૂલ કરવામાં આવે કે જેથી તે દુર્રે યતીમ એવા મોમીનોના બાતિનમાં દાખલ થઇ શકે અને મોમીન હુજ્જતના ઈલ્મની દૌલતથી માલામાલ થઇ જાય કે જેથી તેની નમાઝ અમલી અને હકીકી થઇ જાય, એટલે કે તે નમાઝની હિકમતોથી જાણકાર થાય

અને પછી તે પાક થઈને ઈલ્મી ઝકાત દેતો સ્યે. આ છે સુરહ માઉનની હિકમત.

**-નસીરૂદ્દીન નસીર હુંઝાઇ**
**૮ માર્ચ ૧૯૮૪**

ISW
LS
Institute for
Spiritual Wisdom
and
Luminous Science
Knowledge for a united humanity

# ઉમ્મુલ કિતાબની હિકમત
## (ઉમ્મુલ કિતાબ : પુસ્તકની માં)

બિસ્મીલ્લાહિર્રહમાનિર્રહીમ. યમહુલ્લાહુ માયશાઉ વ યુસ્બીતુ વ ઈન્દહુ ઉમ્મુલ કિતાબ. (૧૩/૩૯) ખુદા જેને ચાહે છે મિટાવી નાખે છે અને (જેને ચાહે છે) બાકી રાખે છે અને તેની પાસે અસલ પુસ્તક (લોહે મહેફૂઝ એટલે કે નૂરે ઈમામત) મૌજૂદ છે.

વળી બીજું ફરમાન છે હા મીમ, વલ કિતાબિલ મુબીન, ઈન્ના જઅલ્નાહુ કુરાનન અરબીય્યન લઅલ્લકુમ તઅકીલૂન વ ઈન્નહુ ફી ઉમ્મુલ કિતાબી લદઈનલ આલી હિકમી (૪૩/૧થી ૪) હા, મીમ આ સ્પષ્ટ (બોલનાર) પુસ્તકના સોગંદ છે કે બેશક અમોએ તેને અરબી કુરાન બનાવ્યું કે જેથી તમે સમજો અને નિઃસંશય તે (કુરાન) અસલ પુસ્તક (લોહે મહેફૂઝ એટલે કે ઈમામતના નૂર)માં અમારી પાસે ખૂબ આલીશાન અને હિકમતવાળું છે.

પહેલી આયતનો તાવીલી ભેદ :– કુરાનના વિષયોની ખુદાઈ ઓળખ આપનાર એટલે કે ઈરફાની કુંજીઓ હોય છે અને એવી જ કુંજીઓ અલગ અલગ બુઝુર્ગ આયતની પણ હોય છે અને એ મુજબ "ઉમ્મુલ કિતાબ"ની ઓળખ ન ફક્ત ઉપર મુજબની સંબંધિત આયતોની સમજૂતીના માટે જરૂરી છે પણ એ મારફત (એ ઓળખ)થી પવીત્ર કુરાનની ઊંડી હિકમતોનો એક ઘણો મોટો દરવાજો પણ ખુલી જાય છે અને એ વિષયમાં સૌથી પહેલે એ જાણવું જોઈએ કે "ઉમ્મુલ કિતાબ" શું છે ? ઉમ્મુલ કિતાબના જેટલાં પણ ડીક્ષનરી (શબ્દકોષ) મુજબના

અર્થો છે તે સઘળાં બરાબર છે અને તે સઘળાં અર્થોનું કેન્દ્ર (મૂળ) એકજ છે, જે છે લોહે મહેફૂઝ (૮૬/૨૨) જેના કેટલાંય નામો છે જેમકે ઈમામે મુબીન (૩૬/૧૨) કિતાબે મકનૂન (૫૬/૭૮) સુહુફે મુકર્રમા (૮૦/૧૩) વિગેરે, પરંતુ મારફતવાળાઓ ઓળખે છે અને જ્ઞાનવાળાઓ જાણે છે કે ઉમ્મુલ કિતાબ અને લોહે મહેફૂઝ એક જીવંત અને બોલતું નૂર છે, કેમકે ઉમ્મુલ કિતાબની જે નીશાનીઓ છે તે ખાસ આના માટે જ છે અને કોઈ અન્ય વસ્તુમાં આ ખાસીયત નથી અને તે છે અલ્લાહતઆલાની નજદીકી જે ફક્ત પરીપૂર્ણ માનવીને જ પ્રાપ્ત છે અને આ ખાસ નજદીકીનું કારણ ખુદાની ખાસ રહેમત અને ઈનાયત છે કે તેણે માનવંત પયગમ્બર સાહેબના નૂરને કલમનો દરજ્જો આપ્યો અને ઈમામે આલી મુકામના નૂરને લોહ તરીકે ગણાવ્યું. આ કલ્પના સિવાય, નિર્જીવ અને બે-અક્કલ વસ્તુઓમાંથી કોઈ વસ્તુને કલમ અથવા લોહના અર્થમાં રબ્બુલ ઈઝઝતની નજદિક માનવું વ્યાજબી નથી, કેમકે ખુદાવંદની નજદીકીનો અર્થ અકલી અને રૂહાની છે અને તે પરીપૂર્ણ માનવી સાથે સંબંધિત છે, એ માટે કે તેજ સૌથી વધીને પૂર્ણ અકલ અને પાક પવીત્ર રૂહ ધરાવે છે, તેથી ઈલ્ટું જો ખુદાની નજદીકીનો દરજ્જો ભૌતિક વસ્તુને મળેલો હોત તો પછી સોનું, ચાંદી અને જવાહીરો નિર્જીવ અને બે-અકલ હોવા છતાં ફક્ત ભૌતિક ખૂબીઓને કારણે અશરફુલ મખ્લુકાત કહેવાતે પણ સઘળાં જુએ છે કે એવું નથી અને આ એક હકીકત છે કે કાયનાત અને તેમાં રહેલી સઘળી વસ્તુઓથી ઈન્સાન ઊચ્ચ છે (અશરફ છે) તો પછી તેમાં એ પણ માનવું પડશે કે ફક્ત ઈન્સાન જ આવી ખૂબીઓના કારણે અલ્લાહ પાકની આગળ સૌથી વધુ નજિક હોવાનો ગુણ ધરાવે છે અને નિર્જીવ

તથા બેઅક્લ વસ્તુઓ (મખ્લુકાત) આવા સદ્‌ભાગ્યથી વંચિત છે.

આ વર્ણનથી એ હકીકત સ્પષ્ટ થઇ કે નબુવ્વતનું નૂર લા-મકાનની દુનિયામાં ઈલાહી કલમના મરતબામાં કામ કરે છે અને ઈમામતનું નૂર લોહે મહેફૂઝનો દરજ્જો ધરાવે છે, જેનું બીજું નામ "ઉમ્મુલ કિતાબ" છે, જેમકે હઝરત નબી મુહમ્મદ (સ.અ.સ.)ના એક ઈરશાદનો સાર આ મુજબ છે કે "ઉમ્મુલ કિતાબ જાહેરીમાં સુરહ ફાતેહાનું નામ છે અને બાતિનમાં મુર્તઝા અલી (અ.સ.) છે. કારણ કે કિતાબનો હેતુ ઈમામથી છે અને રૂહાની રીતે જન્મ લેવાના હિસાબે અસાસ ઈમામોની માતા છે અને નાતિક તેનો પિતા છે."

આ સ્થાન ઉપર અક્લ પૂછે છે કે ઉમ્મુલ કિતાબથી દરેક આસમાની પુસ્તકનો જે સંબંધ છે તે તો સ્પષ્ટ છે પણ એ ખબર નથી કે ઉમ્મુલ કિતાબની સાથે કાયનાતના પવીત્ર પુસ્તક અને કિતાબે નફસનો શું સંબંધ છે ? એનો જવાબ આ છે : ઉમ્મુલ કિતાબ જ્યાં નફસે કુલ્લી છે ત્યાં એ હકીકત સ્પષ્ટ છે કે કાયનાતના પુસ્તક અને કિતાબે ઝાત એટલે કે રૂહ પણ એ જ અસલથી છે અને ખુદાનું કોઇ વસ્તુને મિટાવી દેવાનો સંબંધ આ ત્રણે પુસ્તકોથી છે, દાખલા તરીકે અલ્લાહતઆલા આ ભૌતિક કાયનાતના સીતારાઓને મિટાવે છે અને બનાવતો રહે છે, તે ઈન્સાનને પણ મિટાવે છે અને બનાવે છે કેમકે આદમ (અ.સ.)થી પહેલાં પણ ઘણા આદમોના યુગો વીતી ચૂક્યા છે તો આ કલ્પનાનો સ્પષ્ટ મતલબ એમ હશે કે ખુદાએ પોતાના એ સિદ્ધાંત પ્રમાણે, એ અસંખ્ય યુગોની ભૌતિકતાને મિટાવી દીધી છે, જેમકે કુરાનમાં છે કે "કુલ્લુ મન અલૈહા ફાનીવ્વયબકા વજહુરબ્બીક

ઝુલજલાલી વલ ઈકરામ (૫૫/૨૬–૨૭) અર્થ : દરેક વસ્તુ કે જે તે (પૃથ્વી) પર છે તે નાશ પામનાર છે અને તારા પરવરદીગારની પ્રભાવશાળી અને કૃપાવંત જાત (માત્ર) બાકી રહેનાર છે.

બીજી આયતના તાવીલી ભેદો : હા મીમ, અરબી અક્ષર "હે" ૮ અને મીમ=૪૦ બન્ને જમા કરીએ તો ૪૮ જેમાં ચાર અક્દ થયા અને આઠ બાકી રહ્યા. જેની તાવીલ છે ચાર અસલ એટલે કે અક્લે કુલ, નફસે કુલ, નાતિક અને અસાસ સાત ઈમામ અને હઝરત કાયમ અલૈહીસ્સલામના ખલીફા, એ હદ્દૂની કસમ અને નાતિક કિતાબ (નૂર)ની કસમ, કે અમોએ રૂહાનીયતના પુસ્તકને (અજમના મુલ્કની એટલે કે) અજમી નહી પણ અરબી (એટલે કે તમારી પોતાની ભાષામાં બનાવ્યું કે જેથી તમો તેને સહેલાઈથી સમજી શકો અને ચોક્કસ રીતે તે અમારી પાસે અસાસીયતના મરતબામાં ઊચ્ચ દરજ્જા અને હિકમતવાળું છે બીજાં શબ્દોમાં કહીએ તો તે અલી અને હકીમ છે.

•કિતાબે મૂબીન•નો એક ખાસ અનુવાદ "બોલવાવાળી કિતાબ" વ્યાજબી છે. તેની દલીલના માટે સુરહ ઝુખરૂફ (૪૩)ની આયત (૧૮)ને જુઓ, વળી આ (અનુવાદ) એ બુનિયાદ પર પણ વ્યાજબી છે કે ઈમામે મુબીન (૩૬/૧૨)નો એક અર્થ છે બોલવાવાળો, એટલે કે તાવીલ કરવાવાળો ઈમામ કેમકે દરેક વસ્તુઓ તન્ઝીલ (જાહેર)ના વર્તુળની મર્યાદામાં નથી સમાતી બલ્કે તાવીલની વિશાળતામાં સઘળી અક્લી અને રૂહાની વસ્તુઓ મર્યાદિત થઇ જાય છે જેમકે અલ્લાહ તઆલાનું પવીત્ર ફરમાન છે કે "સુમ્મા ઈન્ના અલૈના બયાનહુ"

(૭૫/૧૯) અર્થ" પછી તેનું વર્ણન (એટલે કે તાવીલ) કરવું અમારા શીરે છે." તમો જરાં ગંભીરભાવે કુરાનની આ આયતથી પહેલાંની આયતને પણ જુઓ કે તેમાં કુરાનને પઢવા (એટલે કે તનઝીલ)નો ઉલ્લેખ છે અને પછી કુરાનના વર્ણનનો ઉલ્લેખ ફરમાવવામાં આવેલ છે, આ વિષે બીજી મોટી હિકમત એ છે કે ખુદાએ જે રીતે પવીત્ર કુરાનની તન્ઝીલ અને તેને સંભળાવવું હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ના શીરે સોંપ્યું છે તે જ રીતે તેના વર્ણનને તેમની સાથે સંબંધિત નથી કર્યુ પરંતુ તે પછી વર્ણનની જવાબદારી ખુદાએ પોતે લઇ લીધી અને ફરમાવ્યું કે તાવીલ આવનાર છે (૭/૫૩નો સાર) તો તેનો અર્થ એ થયો માનવંત ઈમામોજ ખુદા અને રસૂલના તરફથી તાવીલનું કામ કરનારા હતા.

ખુદાના હુકમ મુજબનો આ બનાવ કુરાનના જબરદસ્ત મોઅજીઝાઓમાંથી છે કે તેની હેસીયત જ્યાં કુરાનમાં છે ત્યાં તે અરબીમાં છે, જેમ કાયનાતના પવીત્ર પુસ્તકમાં છે તેમ તખ્લીક એટલે કે ખુદાઇ રચના અને કારીગરીના લખાણોમાં છે, લોહે મહેફૂઝમાં છે તો રૂહાની લખાણમાં છે. "કુન"ની આજ્ઞાઓ સંપુર્ણ કલમામાં છે. ઈલાહી કલમમાં અકલી હલનચલનમાં છે કલીમાતે તામાતમાં ફેલાએલા અર્થમાં છે. ઈસ્મે આઝમમાં ઝીકરના નૂરમાં છે, પાછલા આસમાની પુસ્તકની રૂહ અને રૂહાનીયતમાં છે અને જ્યાં આ અમલી તાવીલના સ્વરૂપમાં હોય છે ત્યાં ફરજિયાત રીતે રૂહાની કેફીયત અને વ્યક્તિગત ભાષામાં હોય છે કેમકે કુરાન પોતે હિકમતની ભાષામાં કહે છે કે તેની તાવીલી રૂહ અને રૂહાનીયત કોઇ પણ મોમનના માટે અજાણી કે પારકી ભાષા નથી.

જો અલ્લાહતઆલાની પાસે પવીત્ર કુરાન અને મૌલા અલી (અ.સ.)નો એકજ હોવાનો સંબંધ ન હોત તો હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.) આ ન ફરમાવતે કે "કુરાન અલીની સાથે છે અને અલી કુરાનની સાથે છે" અને ન તો તેવાણ નામદાર હદીસે સકલૈન ના ફરમાનથી અહેલેબૈતના ઈમામોને કુરાનથી સંબંધિત કરીને પોતાના વારસદાર ગણાવતે આ પરથી સ્પષ્ટ છે કે કુરાન અને ઈમામ જાહેરીમાં અને બાતિનમાં એક બીજાથી સંબંધ રાખે છે.

ખુદાની ખુદાઈમાં જે વસ્તુઓ મળે છે તે ત્રણ પ્રકારની છે. અકલી, રૂહાની અને જીસ્માની અને આ વસ્તુઓ બે જગ્યાએ છે આફાકમાં અને અન્ફુસમાં. અન્ફુસનો સુંદરતમ નમૂનો હઝરત પયગમ્બર (સ.અ.સ.)ના પછી ઈમામ (અ.સ.)ની જ શખ્સીયત છે. એટલે કે તેઓની જ પવીત્ર શારીરિક (જીસ્માની) હસ્તી એ રજકણોનું જગત છે કે જે રજકણોની કાયનાતનું લોહે મહેફુઝ છે અને પછી તેવાણ નામદારની ઊચ્ચ રૂહ છે કે જે રૂહોની રૂહ, મહાન રૂહ, નફસે કુલ્લી અને જાહેરી લોહે મહેફૂઝનો દરજ્જો ધરાવે છે અને આ બેઉ લોહે મહેફૂઝની એક્તા એવી છે કે જેમ સુર્ય અને તેનું પ્રતીબિંબ (કે જે તદ્દન સાફ અરીસામાં પડે છે) હકીક્તમાં એક હોય છે.

એ ઘણી હેરત પમાળનાર વાત છે કે માનવી રૂહાની પ્રગતી અને બહેશ્તના ઊંચામાં ઊંચા દરજ્જાઓની કલ્પના તો ધરાવે છે પણ પરીપૂર્ણ માનવી કે જે ખુદાના તરફથી ન ફક્ત આ ઊંચાઈ અને પ્રગતીનો નમૂનો છે બલ્કે હીદાયતનો વસીલો પણ છે તેની મહાનતા અને બુઝુર્ગીને નથી સમજતો. દાખલા તરીકે તે આ હદીસ ઉપર

ઈમાન ધરાવે છે કે "મોમીન બંદાનું દીલ અલ્લાહનું સિંહાસન છે" પણ તે નથી વિચારતો કે આ હકીકતનો તાદશ નમૂનો ઈમામ છે વળી તેમાં એ અગત્યની બાબત પણ છે કે જ્યાં એક સામાન્ય મોમીન ખુદાનું સિંહાસન બની શકે છે તો ત્યાં અલ્લાહતઆલાની રહેમતો અને નવાઝીશો પહેલાંથી જ ઈમામ (અ.સ.)ને લોહે મહેફૂઝ બનાવી રાખેલ છે. આ વિષે મૌલાના રૂમીએ કહ્યું છે કે :

"અકલે કુલ વ નફસે કુલ મરદે ખુદા અસ્ત અર્શ વ કુરસી મદાન કઝવી જુદા અસ્ત" અર્થ : મરદે ખુદા એટલે કે પરીપૂર્ણ માનવી (ઈમામ) જ અકલે કુલ અને નફસે કુલ છે તું એમ નહી સમજજે કે અર્શ અને કુરસી તેનાથી (ઈમામથી) ક્યાંય પણ જુદાં છે.

ઉમ્મુલ કિતાબનો અર્થ છે લોહે મહેફૂઝ એ તો ઠીક છે, પણ સવાલ તેની કેફીયત અને હાલત વિષે છે કે તે કેવું પાટીયું (તખ્તો) છે કે જે સઘળી વસ્તુઓને અકલી, રૂહાની અને ભૌતિક પ્રકારોમાં મહેફૂઝ (સુરક્ષિત) રાખી શકે છે ? કેમકે કોઇ તખ્તો (પાટીયું) કે જે અકલ અને જાન વગરનું હોય તે અકલ અને રૂહોને ઘેરી નથી શકતું સિવાય કોઇ મહાન રૂહના, કેમકે તે એક તરફથી જીસ્માની વસ્તુઓને અને બીજી તરફથી અકલી વસ્તુઓને પોતાની હસ્તીથી સંબંધિત કરી લ્યે છે, જેનો દાખલો માનવીના નફસ (નફસે જુઝવી)થી મળે છે કે તેણે શરીર અને જાનના અસંખ્ય કણોને અને અકલની અગણિત વાતોને પોતાની હસ્તીમાં મહેફૂઝ કરી રાખેલ છે.

જે રીતે આંકડા શાસ્ત્રમાં (૧) એક પછી (૨)નું હોવું જરૂરી છે કે જે એક અને વધુની વચ્ચે સંબંધ અને વસીલો છે, એ જ રીતે

ISW Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

ઈસ્લામમાં એક ખુદાના સ્વીકાર પછી બે મહાન હસ્તીઓની કલ્પના છે તે છે કલમ અને લોહ અને તેનો નમૂનો (તેનો દાખલો) મહાન જગતમાંના સુર્ય અને ચંદ્ર છે, નાના જગતમાં અક્લ અને જાન છે જીંદગીના વખતમાં આખરત અને દુનિયા છે અને મોટા ઝમાનામાં નાતિક અને અસાસ છે. એ જ કલમ અને લોહ બે મહાન ફરિશ્તા એટલે કે અકલે કુલ અને નફસે કુલ પણ છે અને અર્શ તથા કુરસી પણ અને આ બંનેના જાહેરી સ્વરૂપ, શારીરિક જગતમાં પયગમ્બર અને ઈમામ છે.

એ હકીક્ત છે કે જાહેરીમાં સુરહ ફાતેહા ઉમ્મુલ કિતાબ છે પણ એ ઉપમામાં ઉમ્મુલ કિતાબ અને કુરાનની વચ્ચે જે જાહેરી તફાવત છે તે છૂપો નથી માટે જો કોઇ શખ્સ ઉપસ્તળે જુએ તો તેને ફક્ત અલહમ્દનું બહારનું સ્વરૂપ નજર આવશે અને તેમાં જાહેરી રીતે-ભૌતિક રીતે પરીપૂર્ણ કુરાનના માટે કોઇ શક્યતા કોઇ જગ્યા નહી હોય પણ જ્યારે કોઇ જ્ઞાની-અકલવાળો તેમાં હકીક્તની નજરેથી જુએ છે તો તેને એ વાતની ખાત્રી થાય છે કે બેશક કુરાને પાક સુરહ ફાતેહાની વિશાળ રીતે ફેલાયેલા અર્થની કેફીયતમાં સમાવેલું છે, આ એ હકીક્તની એક સ્પષ્ટ અને ઉમદા ઉપમા છે કે મૌલા અલી સલ્વાતુલ્લા અલૈહી બાતિની અને રૂહાની ઉમ્મુલ કિતાબ છે.

દરેક શખ્સ રૂહાની રીતે પોતાના આમાલનામાને જન્મ દયે છે અને આ એક રદીયો ન આપી શકાય એવી હકીક્ત છે. આ અર્થમાં દરેક માનવી પોતાના વ્યક્તિગત પુસ્તક એટલે કે આમાલનામાની માં છે જેમકે કુરાનમાં જણાવેલું છે કે "તારૂં લખાણ (આમાલ નામું) પોતે

જ વાંચી લે. આજના દિવસે તારા પોતાનો હિસાબ લેવાને તું પોતે જ બસ છે. (૧૭/૧૪). આ બનાવ એવો નથી કે ફક્ત શારીરિક રીતે મરી જવા પછી રૂહાની પુસ્તક એટલે આમાલ નામું મળી જતું હોય બલ્કે જે શખ્સ જીવતા જીવંત નફસની મોતથી મરી જાય તેને પણ આ પુસ્તક આપવામાં આવે છે. આ નમૂનો અને સાબિતી છે કે બોલતું પુસ્તક એટલે કે અસાસ (અ.સ.) ઉમ્મુલ કિતાબની એકંદર હેસીયતે છે.

**–નસીરૂદ્દીન નસીર હુંઝાઇ**
**૧૭ માર્ચ ૧૯૮૪**

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

# સુરતુલ બુરૂજના તાવીલી ભેદ

બિસ્મીલ્લાહિર્રેહમાનીર્રેહીમ. (૧) કસમ છે (બુરૂજોવાળા) નક્ષત્રોવાળા આકાશની (૨) અને તે દિવસની કે જેનો વાયદો કરવામાં આવ્યો છે (૩) અને સાક્ષી આપનારની તથા જેની સાક્ષી આપવામાં આવે છે તેની એટલે કે અક્લે કુલ, નફ્સે કુલ નાતિક અને અસાસની કસમ.

બૂરૂજનો અર્થ છે મજબૂત કિલ્લા, મહેલો અને બાર આસમાની બૂરૂજ અને બૂરૂજોવાળા આકાશનો હેતૂ છે અક્લે કુલ, કેમકે તેનાજ ઝળકતા અસ્તિત્વમાં અક્લ અને જ્ઞાન તથા ઈલ્મ અને હિકમતના મજબૂત કિલ્લા, સુંદર મહેલો અને હુદૂદે દીનના બાર બૂરૂજ મૌજૂદ છે, જેમકે મુસ્તજીબ, નાનો માઝૂન, મોટો માઝૂન, દાઈએ મકફૂક, દાઈએ મુતલક, હુજ્જતે જઝીરા, હુજ્જતે આઝમ (હુજ્જતે મુકર્રબ) ઈમામ, અસાસ, નાતિક સાની (બીજા) અવ્વલ (પહેલા).

યૌમે મૌઅઉદ એટલે વાયદાનો દિવસ સાની છે એટલે કે નફ્સે કુલ, એ માટે કે વખત (સમય)નું જાહેરી ને બાતિની અસ્તિત્વ તેનાથી જ બન્યું છે અને આ તે ક્યામત છે જેની હસ્તી આકાશ અને ધરતી ઉપર છવાયેલી હોવાને લીધે ભારી થઇ રહી છે. (૭/૧૮૭) સાક્ષી જે છે તે નાતિક છે જેમકે અલ્લાહતઆલાનું ફરમાન છે કે "હે નબી ! અમોએ તને સાક્ષી આપનાર તથા ખુશખબરી આપનાર તથા ડરાવનાર અને અલ્લાહની આજ્ઞાથી તેની તરફ બોલાવનાર તથા પ્રકાશિત ચિરાગ બનાવીને મોકલ્યો છે (૩૩/૪૫-૪૬) અને મશ્હુદ એટલે કે

જેની સાક્ષી આપવામાં આવી છે તેનો હેતૂ છે અસાસ, જેમકે ફરમાવેલું છે કે "અને એવી જ રીતે (હે ઈમામો) અમોએ તમને વચલું (ન્યાયી) મંડળ બનાવ્યું છે કે જેથી તમો લોકો ઉપર સાક્ષી રહો અને રસુલ તમારા ઉપર સાક્ષી રહે. (૨/૧૪૩).

ઉપર મુજબની કસમ પછી ફરમાન છે કે "(૪) કાફરો નાશ પામ્યા, જે રીતે ખાઈઓ વાળાનો નાશ કરવામાં આવ્યો એટલે કે રૂહાની રીતે નાશ પામીને તબાહ થઇ ગયા (૫) કે જે આગ મોટા બળતણવાળી હતી (૬) જ્યારે કે તે લોકો તે (આગ)ની આસપાસ બેઠેલા હતા (એટલે કે ત્રાસવાદ અને ફીત્નાખોરીમાં પરોવાયેલાં હતા) (૭) અને ઈમાન વાળાઓ સાથે જે (ક્રૂર વર્તન) કરી રહ્યા હતા, તેનો તમાશો તેઓ પ્રત્યક્ષ નીહાળતા હતા. (૮) અને તે કાફરોએ એ મોમીનોમાં કોઈ એબ (બુરાઇ) ન મેળવી પણ માત્ર એના બદલામાં (વેર લીધું) કે તેઓ ખુદા ઉપર ઈમાન લાવ્યા હતા કે જે જબરદસ્ત અને સ્તુતી (પૂજા)ને પાત્ર છે. (૯) તે (ખુદા) કે જેની આકાશો તથા જમીન પર બાદશાહત છે (એટલે કે અહી ઈશારો એ વાતનો છે કે ઈમાનવાળાઓને રૂહાની સલ્તનત અર્પણ કરવામાં આવશે) અને અલ્લાહ દરેક વસ્તુનો સાક્ષી છે (દરેક વસ્તુ ઉપર હાજર છે) એટલે કે ખુદાવંદી નૂરના પ્રકાશમાં દરેક હકીકતનો અનુભવ થઇ જાય છે (૧૦) નિઃસંશય જે લોકોએ ઈમાનદાર સ્ત્રીઓ અને પુરૂષોને તકલીફ દીધી અને પછી તૌબા ન કરી તેમના માટે જહન્નમનો આઝાબ છે અને બળવાનો આઝાબ પણ છે (એટલે કે તેમની શક્તિ મુજબ દુનિયામાં તથા આખરતમાં તેમના આમાલ પ્રમાણે અજ્ઞાનતાની આગમાં રહેશે) (૧૧) નિઃસંશય જે લોકો ઈમાન લાવ્યા અને સારાં કાર્યો કર્યાં તેમના માટે

બગીચાઓ છે જેની નીચે નદીઓ વહે છે અને એ જ તો મોટી સફળતા છે (એટલે કે અક્લ, રૂહ અને સુક્ષ્મ શરીરની અપાર–ઘણીબધી ન્યામતો પ્રાપ્ત હશે) (૧૨) નિઃસંશય તારા પરવરીગારની પકડ અત્યંત સખત છે (એટલે કે વ્યક્તિગત અને સામુહિક સ્થિતિમાં ખુદાની જાહેરી અને બાતિની પકડ, કેમકે તેની કુદરત અક્લ, રૂહ અને શરીર ઉપર છવાયેલી છે) (૧૩) ચોક્કસજ તેજ પહેલી વખત પેદા કરે છે અને તેજ ફરીવાર પણ જીવંત કરે છે એટલે કે જે રીતે પહેલી વખત પેદા કરેલ તેજ રીતે ફરીવાર પેદા કરશે. (૧૪) અને તે મહા ક્ષમા આપનાર (બક્ષવાવાળો), મહા હેતાળ છે (એટલે કે તેની માફી દેવાની એ કમાલ છે કે તેના પરિણામે તે મોમીનોથી હેત પણ કરે છે. (૧૫) તે અર્શ (સિંહાસન)નો માલિક છે (આમાં અકલના મસ્તબાના વખાણ છે અને તે તરફજ ધ્યાન દોરવામાં આવ્યું છે.) (૧૬) જે ચાહે છે તે કરીનેજ રહેનાર છે (એટલે કે તેનું ચાહવું ખૂબજ શીસ્તમય અને સચ્ચાઇ તથા ન્યાયથી ભરપૂર છે. (૧૭, ૧૮) શું તારી પાસે લશ્કરોની ખબરો પહોંચી છે (એટલે કે ફિરોન અને સમૂદ) (જરૂર પહોંચી છે એટલે કે રૂહાની રીતે તેનું પ્રદર્શન થઇ ચૂક્યું છે (૧૯) બલ્કે એ કાફરો જુઠલાવવામાં લાગી પડ્યા છે એટલે અજ્ઞાન અને નાદાન છે (૨૦) અને ખુદાએ તેમને દરેક તરફથી ઘેરી રાખેલ છે (એટલે કે અકલ અને જાન તથા શરીર તેની કુદરતના કબ્જામાં છે (૨૧) બલકે તે તો કરામતવાળું કુરાન છે કે જે (૨૨) લોહે મહેફૂઝ (સુરક્ષિત પત્ર)માં લખેલું છે (એટલે કે કુરાન જ્યાં લોહે મહેફૂઝમાં છે ત્યાં તે જીવંત અને અકલી ચમત્કારો સાથે ખૂબ જ માનવંત છે.

# અમેરીકાથી બે સવાલ

મારાં ખૂબ જ પ્રીય, સુંદર નામવાળાં નૂરદ્દીનને ખુદાવંદ બેઉ જગતની ઈજ્જત અર્પણ કરે.

હું દીલોજાનની હકીકી મહોબ્બતથી તમોને અને અન્ય મિત્રોને યાઅલી મદદ કહું છું અને ઘણી દરવેશાના દુઆઓ કરૂં છું, પરવરદીગાર કબૂલ ફરમાવે, આમીન !

તમો મિત્રોએ ઘણાં જ થોડાં અરસામાં અમેરીકા જેવા ભૌતિક પ્રગતીના તોફાની દેશમાં જે રૂહાની અને ઈલ્મી પ્રગતી કરી છે તેને જોઈને દિલ થાય છે કે હજાર વાર કુરબાન થઈ જાઉ. મારૂં ગરીબ દિલ કહે છે કે પાક પવીત્ર ઈમામ સલ્વાતુલ્લા અલૈહી તમારાથી ઘણા જ રાજી છે જેની કેટકેટલી નીશાનીઓ જાહેર છે, દાખલા તરીકે :

(૧) તમને એક ખાસ લાગણી અને ભાન (સાન) મળ્યાં છે કે ઈલ્મ અને ઈબાદતમાં વધુથી વધુ હુશીયાર રહો, અને નમ્રતાથી કામ લ્યો (૨) તમો ઈલ્મી વસીલાઓની શોધમાં દરેક રીતે સફળ થયા છો અને હવે ફક્ત ઈલ્મી દોલત જમા કરવાનું બાકી છે. (૩) તમોને સૌથી સુંદર સેવા કરવાની સદ્‌બુદ્ધિ અર્પણ થયેલી છે અને તમો તે સેવા બજાવી રહ્યા છો એટલે કે તમો આ ધરતી ઉપર હકીકી ઈલ્મનો પ્રકાશ

ફેલાવનારાઓના જાંનીસાર મિત્ર અને મદદગાર બની ચૂક્યા છો, એવા મિત્ર કે તે તમોને પોતાની પ્યારી રૂહની જેમ અથવા તેથી પણ વધુ ચાહે છે (૪) રોજેરોજ ઈલ્મ અને ઈબાદતથી તમારી ચાહના વધતી જાય છે, અને તમો દરેક વખતે એ વાતની વાટ જુઓ છો કે ઈલ્મ અને હિકમતનું કોઇ તાજું ફળ કે ફૂલ ક્યારે મળશે, કોઇ એવો પત્ર કે નિબંધ અથવા પુસ્તક ક્યારે મળશે જેમાં ઈમામેઝમાનના ભેદોની વાતો હોય (૫) એક મઝહબી મહોબ્બત અને તડપના સ્વરૂપમાં તમોને એ સદ્બુદ્ધિ પણ અર્પણ થયેલી છે કે મૌલાએપાક ના ઘેર જતા રહો અને જમાતી રૂહની મહાન હિકમતોથી ફાયદો ઉપાડો, એટલે કે ખાસ ઈલ્મના સાધનથી જોડાયેલાં રહો. અલહમ્દોલિલ્લાહ, આ સઘળી નીશાનીઓ તમારામાં જોવા મળે છે.

અમારાં વહાલાં નુરદીન ! તમોએ તમારાં જે સ્વપ્નનો ઉલ્લેખ, અમારાં ઘણાં વહાલાં, "આરીફ"ના પ્રમુખ, ભાઇ મહંમદ આગળ કર્યો છે, તે એક નૂરાની સ્વપ્ન છે જેમાં રૂહાની પ્રગતીના આરંભ થવાનો ઈશારો છે, કેમકે રૂહાની ઊંચાઇના પગથીયા ચાર રૂહો ઉપર નિર્ભર છે, તે છે વનસ્પતીની રૂહ, હેવાની રૂહ, ઇન્સાની રૂહ અને રૂહે કુદસી (પવીત્ર રૂહ). હા, રૂહાની પ્રગતીનો અનુભવ વનસ્પતીની રૂહ (ના દરજ્જા)થી શરૂ થઇ જાય છે. કુરાને હકીમ બીબી મરીયમ (અ.સ.)ના એક દરજ્જાથી સંબંધિત રહીને ફરમાવે છે "અને ઉગાવ્યો તેને ઉગાવવો સારો. (૩/૩૭). જેની તાવીલ એ છે કે હઝરત મરીયમ બૈતુલખયાલની શરૂઆતની પ્રગતીના વખતે સ્વપ્ન અને વિચારોમાં બગીચા અને ગુલશન જેવી ઉગવાવાળી સુંદર વસ્તુઓ જોતી હતી. આ રૂહે નબાતી એટલે વનસ્પતીની રૂહના દરજ્જાને પાર કરી લેવાની નીશાની છે. પણ અહી

એક વાત યાદ રાખો કે આગળ જતાં પણ આવાં દૃશ્યો જોવામાં આવી શકે છે કેમકે વસ્તુઓ પહેલાં તો ક્રમવાર સામે આવે છે અને પછી ઈચ્છા મુજબ દરેક વસ્તુનો અનુભવ થાય છે, જેમ બહેશ્તનો સિદ્ધાંત છે. (૫૦/૩૫)

તમારો એક બીજો સવાલ મારી પાસે આવ્યો છે, જે આ આયત સંબંધે છે. "ક્યફ તકફુરૂન બિલ્લાહી વકુન્તુમ અમ્વાતન ફ અહ્યાકુમ સુમ્મ યુમીયતુકુમ સુમ્મ યુહીયકુમ સુમ્મ ઈલૈહી તુરજઉન" (૨/૨૮) શા માટે તમે અલ્લાહનો ઈન્કાર કરો છો, જ્યારે તમે જીવ વગરના હતા (મુર્દા હતા) ત્યારે તેણે તમને જીવ આપ્યો, પછી તમને મૃત્યુ આપશે અને ફરીથી તમને સજીવન કરશે પછી તમે તેની તરફ પાછા ફેરવવામાં આવશો.

આ સવાલ પોતે પોતે બનેલો નહિ હતો, તેથી જ્યાં સુધી હું સમજું છું કે તે એ છે કે તેમાં મૂળ સવાલ "કુન્તુમ અમ્વાતન"માં છુપાયેલો છે એટલે કે તમે (મુર્દા) જીવ વગરના હતા, એમ ફરમાવવામાં શું હિકમત છે ? જો કે સામાન્ય રીતે એમ સમજવામાં આવે છે કે માનવી હાલની જીંદગી પહેલાં કંઈ પણ નહિ હતો, અને જો એ જ કલ્પના વ્યાજબી અથવા બરાબર હોત તો કુરાનમાં ફરમાવ્યું હોત કે તમો કંઈ પણ નહિ હતા, પણ જ્યારે કુરાન જેવાં હિકમતવાળાં પુસ્તકમાં "કુન્તુમ"નો શબ્દ આવ્યો તો હોશમંદ લોકો માટે જરૂરી છે કે તેઓ એમાં વિચાર કરે અને પૂછે, કેમકે અરબી અને પછી કુરાનની ભાષા એવી નથી કે જેમાં અર્થ તારવવાને માટે કોઈ જાતની મજબૂરી હોય. આ સવાલને આપણે આ રીતે પણ સામે લાવી શકીએ છીએ કે જ્યારે કોઈ માણસ શારીરિક રીતે મરી જાય છે તો લોકો કહે છે કે

ફલાણો જાણ મરી ગયો છે અથવા કહે છે કે મરી ગયો હતો, આ બિલ્કુલ "કુન્તુમ અમ્વાત"ની જેમ છે એટલે કે તમો મુરદા હતા, એ માટે કે જ્યારે માનવી મરી જાય છે તો તે અસલ અસ્તિત્વ (અસલ વજૂદ)ના પ્રમાણે "મુરદા" અને "હતો" એવા બેઉ અર્થો ધરાવે છે કેમકે મરી જવાની સાબિતી શરીર છે જે આગળ જતાં મટી જશે. (અંત પામી જશે) અને "છે" અથવા "હતો"ની દલીલ રૂહ છે જે મૌજૂદ છે પણ શરીરથી અલગ થઇ ચુકી છે.

ગમે તેમ, પણ આ સવાલનો જવાબ એ છે કે માનવી કોઇ આરંભ કે અંત વગર હંમેશા હંમેશા ફના અને બકાની વચ્ચે એ પ્રકારે મુસાફરી કરી રહ્યો છે કે ક્યારેક મુરદા કહેવાય છે અને ક્યારેક જીવંત, અને આ બન્ને વાતો કેટલાંય અર્થોમાં ખરી છે પણ તેમાં જે મૌત કે ફના છે તે કંઇ નહી હોવું (NOTHING NESS) નથી, બલ્કે દરેક જીવંત મખ્લુકની જીંદગીની એક હદ નક્કી થયેલી છે એ જ રીતે માનવીની હૈયાત અને બકાના માટે પણ અહેસાસ (લાગણી) અને (શઉર) ભાનની એક મર્યાદા (હદ) છે. આમ જો કોઇ માનવી આ મર્યાદાની પાછળ છે. તો હોવાના અર્થમાં મુરદા છે અને આગળ નીકળી ચૂક્યો છે તો ફરીશ્તો બની જવાના અર્થમાં મરી ચૂક્યો છે, જેમકે ફરમાવવામાં આવ્યું છે કે "મરી જવાથી પહેલાં મરી જાઓ" (૫૫/૨૬/થી ૨૮) જેમ સુરહ રહેમાનમાં ફનાફિલ્લાહ અને બકાબિલ્લાહનો ઉલ્લેખ છે (૫૫/૨૬થી ૨૮) તેમ "કુન્તુમ અમ્વાત"માં એવી મોતનો ઉલ્લેખ છે કે તે બિલ્કુલ મોત નહી હતી પરંતુ તે આલમે અમ્રની એક એવી જીંદગી હતી કે જેમાં રૂહ હોય છે પણ ઇલ્મ નથી હોતું.

કુરાનની આ આયતની એક બીજી તાવીલી બાજુ છે તે એ કે "ઓ મોમીનો તમો શા માટે અલ્લાહ સાથે નાશુકરી કરો છો, જ્યારે કે તમારામાં ઝીકર અને ઈબાદત તથા સાચા દીન (દીને હક)ના ઈલ્મની રૂહ નહી હતી, ત્યારે તેણે  તમોને એ રૂહ અર્પણ કરીને જીવતા કર્યા પછી તમારા ઉપર રૂહાનીયતના ક્રમમાં (રૂહાનીયતના સીલસીલામાં) અઝરાઈલનો ક્રમ આવશે (વારો આવશે) જેમાં નફસાની એટલે કે નફસની મોત છે પછી તમોને ઈલ્મ અને હિકમતના નૂરથી જીવતો કરશે અને પછી પરિણામ રૂપે તમો ખુદા સુધી પહોંચી જશો."

મિત્ર નૂરદીન ! તમો તમારાં વ્હાલાં સાથીદારોને મારા તરફથી યા અલી મદદ કહી દયો, આશા છે કે આ પત્ર મિત્રો-સાથીઓના વર્તુળમાં વંચાશે, વળી તેની નકલ ખાનાએ હિકમત અને આરીફના હેડક્વાર્ટર્સ અને સઘળી શાખાઓને પણ મોકલવામાં આવશે અને એ જ અમારો સિદ્ધાંત છે કે અમારો પત્ર ઈલ્મી નિબંધના સ્વરૂપમાં હોય છે અને તેમાં થોડો સમય લઈને ઘણી જ જવાબદારી સાથે લખવામાં આવે છે અને આગળ જતાં એ જ પત્રો કાયમી પુસ્તકનો ભાગ બની જાય છે, અને આ પત્ર ઈલ્મી પણ છે અને ઐતિહાસિક પણ.

**ફકત તમારો દુઆગીર**

**નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**

# સુરહ કયામત

બિસ્મીલ્લાહિર્રમાનીર્રહીમ. (૧) હું ક્યામતના દિવસ (એટલે કે રૂહાનીયત)ની કસમ ખાઉ છું (૨) અને (બુરાઈથી) ડંખનારા અંતઃકરણની કસમ ખાઉ છું (કે ફરી ઉઠવું બરહક છે) (૩) શું માનવી એમ ધારે છે કે અમે તેના હાડકા (સડી ગયા પછી) ભેગા નહી કરીએ ? હાડકાનો અર્થ છે સુક્ષ્મ કણ જેને એકઠો કરવાથી શુક્ષ્મ શરીર બની જાય છે. (૪) જરૂર ! અમે તે ઉપર કાબૂ ધરાવીએ છીએ કે તેની આંગળીઓના જોળેજોળ, સરખા કરી દઈએ. બન્ને હાથોની આંગળીઓમાં અઠ્ઠાવીસ (૨૮) (હાડકા) છે જે ૨૮ હુજ્જતોને જાહેર કરે છે, જેમાંથી બન્ને અંગુઠાના ચાર જોડ ચાર મુકર્રબ હુજ્જતોના રૂપે છે અને બાકી આંગળીઓના ૨૪ જોડ દિવસ અને રાત્રીના બાકીના ચોવીસ હુજ્જતોની દલીલ છે, જેનો સંબંધ બાર જઝીરાઓથી છે, કેમકે ઈન્સાનની રૂહાની હૈયાત અને બકા અને વ્યક્તિગત ક્યામતનો સંબંધ સુક્ષ્મ કણો, દિવસ અને રાત્રીના હુજ્જતો તથા ઈમામ સાથે છે (૫) પણ માનવી તો ઈચ્છે છે કે આગળ જતાં (ભવિષ્યમાં) પણ (હમેશા) બુરાઈ કરતો જશે (૬) પૂછે છે કે ક્યામતનો દિવસ ક્યારે આવશે (૭) તો જ્યારે આંખો અંજાઈ જશે. એટલે કે જ્યારે રૂહાનીયતની ખૂબ પ્રકાશીત રોશનીથી આંખો અંજાઈ જશે. (૮) અને ચંદ્રને ગ્રહણ લાગી

જશે. એટલે કે રૂહાની મુસાફરની હેસીયત જે સંપૂર્ણ મહિના (પૂનમ)ની જેમ ચમકવા લાગી હતી તે એક વાર મંદ થઇ જશે, જેમકે એ ઉલ્લેખ થઇ ચૂક્યો છે કે પહેલાં રૂહાની પેદાઇશ છે પછી નફસાની મોત આવે છે, અને અંતમાં ઉઠવાનું છે. (૯) અને સૂર્ય તથા ચંદ્ર ભેગાં કરી દેવમાં આવશે. એટલે તે વખતે રૂહાની મુસાફરની અના (હું પણું) હદ્દે દીનની સીડી ઉપર કે જે હુજ્જતે આઝમ સુધી પહોંચી ગયેલ તે પાક-પવીત્ર ઈમામથી મળી જશે અને એજ તેનું ઉઠવાનું છે. (૧૦) (તે દિવસે) મનુષ્ય કહેશે કે હવે નાસીને ક્યાં જાઉં. એટલે કે ઉઠવાનો સંબંધ રૂહ અને અનાથી છે પણ જ્યાં સુધી શરીર જીવંત છે, તેની ઉપર સખત પ્રકારની તકલીફો આવવી જરૂરી છે જેનો દાખલો અંબીયા અલૈહિમુસ્સલામની પવીત્ર હૈયાતી (જીંદગી) ઉપરથી મળી શકે છે. (૧૧) ખાત્રીથી જાણો કે કોઇ આશ્રય સ્થાન (પનાહ) નથી. (૧૨) તે દિવસે આશ્રય લેવાની જગ્યા તો માત્ર તારા પરવરદિગારની પાસે જ હશે એટલે કે શારીરિક તકલીફ અને મુસીબતોથી જીંદગીમાં હંગામી (કામચલાઉ) નજાત અને મરવા પછી દાયમી (હંમેશની) નજાત ખુદાતઆલાની હુઝુરમાં જ મળશે (૧૩) તે દિવસે મનુષ્યને તેણે જે કંઇ આગળ-પાછળ કર્યું છે તે બતાવી દેવામાં આવશે (૧૪) બલ્કે મનુષ્ય પોતે પોતાનો પૂરાવો હશે. એટલે કે ભાનમાં હોવા સમયની (શઉરી) ક્યામતમાં આમાલનામું કે જે બોલતું પુસ્તક છે તેનાથી સર્વ કાંઇ જાહેર થશે, આ અર્થમાં માનવી બાતિનની દ્રષ્ટિ વડે પોતાનો સમગ્ર અહેવાલ જોઇ શકે છે (૧૫) પછી ભલેને તે પોતાના (ગુન્હાઓના) બહાના રજૂ કર્યા કરે. (૧૬) (અય રસૂલ) તું તારી જીભ, (વહી) ને જલ્દી યાદ કરવાના હેતૂથી નહી હલાવ.

અહી હઝરત રસુલ (સ.અ.વ.)ના ઈસ્મેઆઝમ અને દીલના ઝીકર સંબંધે હિદાયત પણ છે. (૧૭) ચોક્કસપણે તેનું (તમારા દીલમાં) ભેગું કરવું અને તેનું પઢાવવું અમારા માથે છે. એટલે કે માથાની જીભથી નહી પણ દિલની જીભથી ખુદાના પયગમ્બરે ઈસ્મે આઝમનું રટણ કર્યુ અને અસલમાં તે ફરીશ્તાની ભાષા છે, જેમાં આપ નામદાર ઉપર કુરાન નાઝીલ થયું (૧૮) પછી જ્યારે અમે તેને (જીબ્રાઈલ દ્વારા) પઢાવી રહીએ ત્યારે તમે પણ તે જ પ્રમાણે પઢ્યા કરો, (તે વાંચનનું અનુકરણ કરો) (૧૯) પછી તે (ની તાવીલ)નું સમજાવી દેવું પણ અમારા માથે છે. એટલે કે દરેક ઝમાનામાં કુરાન શીખવનાર હશે કે જે ખુદા અને રસુલના તરફથી તાવીલ કરવાવાળો હશે. (૨૦-૨૧) (અય લોકો જેવું તમો સમજો છો) એવું નથી બલ્કે તમે દુનિયા (ક્ષણ ભંગુર સંસાર)ને ચાહો છો અને આખરતને છોડી બેઠા છો, એટલે કે રૂહાનીયતના સિદ્ધાંતને ભુલાવી રહ્યા છો (૨૨-૨૩) તે દિવસે ઘણા ચહેરા ચમકતા-દમકતા હશે અને પોતાના પરવરદિગારને જોઈ રહ્યા હશે. એટલે કે તે લોકોને સૌથી મોટી ખુશી એ વાતની હશે કે તેઓ પોતાના રબ્બુલઈઝ્ઝતને એક રીતે જોઈ શકશે અને ઓળખી લેશે. (૨૪) અને ઘણા ચહેરા તે દિવસે શોકાતૂર (ઉદાસ) હશે (૨૫) અને એમ સમજી રહ્યા હશે કે કેડ ભાંગી દેનારી મુસીબતો તેમના ઉપર પડનારી છે. અહી ઈલ્મી અને ખુદાને ઓળખવાની મુફલીસી તરફ ઈશારો છે. (૨૬/૨૭) (અય લોકો જેમ તમે સમજો છો) એમ નથી, જ્યારે જાન (શ્વાસ) (શરીરથી ખેંચાઈને) ગળા સુધી આવી જશે અને કહેવામાં આવશે કે (આ વખતે) કોઈ જંતર મંતર કરનાર છે ? (૨૮) અને મરનારે સમજી લીધું કે હવે (સૌથી) જુદા થવાનું છે. અહી નફસાની

અને જીસ્માની બંને પ્રકારની મોતનો ઉલ્લેખ છે (૨૯–૩૦) અને (મોતની સકરાતની સખ્તાઇથી) પીડલી ઉપર બીજી પીડલી લપેટાઇ જાય છે (ચઢી જાય છે) તે દિસે તને તારા પરવરદિગારની બારગાહમાં કૂચ કરવી છે. (૩૧) છતાં તેણે ન (ખુદાના કલામનો) સ્વીકાર કર્યો, ન નમાઝ પઢી. (સત્યની સાબિતી (સ્વીકાર) અસાસ–અલીના વસીલાથી થાય છે એટલે કે અસાસની તાવીલનું અનુકરણ કરવું સત્યનો સ્વીકાર છે અને નમાઝની તાવીલ પવીત્ર ઈમામોથી સંબંધિત છે. (૩૨–૩૩) બલ્કે જુઠલાવ્યા કર્યું અને ઈમાનથી મોઢું ફેરવ્યું પછી પોતાના ઘરની તરફ હેકડાતો (ઘમંડ કરતો) ગયો. (૩૪–૩૫). તારી કમબખ્તી પર કમબખ્તી આવવા વાળી છે. પાછું (સાંભળી લે) તારી કમબખ્તી પર કમબખ્તી આવવા વાળી છે. (૩૬) શું મનુષ્ય એમ ધારે છે કે તેને એમ જ છોડી દેવામાં આવશે. એટલે કે જો કોઇ માનવી અજ્ઞાનતાની આગમાં હલાક થઇ જાય તો પછી પણ તેને રહેમતનો કાનૂન જીવતો કરી દેશે (૩૭–૩૮) શું તે (શરૂમાં) વીર્યનું એક બિંદુ નહિ હતો જે ગર્ભસ્થાનમાં નાખવામાં આવ્યું હતું. પછી તે બાઝી ગયેલું લોહી બની ગયું. પછી ખુદાએ તેનો ઘાટ ઘડ્યો પછી તેને ઠિકઠાક બનાવ્યો, અહી ન ફક્ત શારીરિક રચનાનો ઉલ્લેખ થયો છે પણ રૂહાની પૂર્ણતાનો પણ ઉલ્લેખ છે (૩૯) પછી તેમાંથી બે જોડી પેદા કરી (યાને એક) નર અને (એક) માદા, એટલે કે એક જ નૂરથી અકલે કુલ્લી અને નફસે કુલ્લની હસ્તી બનાવી, એટલે કે એક જ નૂરથી નાતિક અને અસાસ મૌજૂદ થયા. (૪૦) તો શું તે (અલ્લાહ) આ ઉપર કાબુ ધરાવતો નથી કે (રૂહાનીયત અને કયામતમાં) દરેક પ્રકારના મુડદાઓને જીવતા કરે, એટલે કે એ ખાત્રીવાળી વાત છે કે

અલ્લાહ તઆલા સઘળાં અકલી, રૂહાની અને શારીરિક મુડ્દાઓને જીવતા કરશે કેમકે તે સર્વ ઉપર કાબૂ ધરાવે છે.

ખુલાસો : કુરાનમાં ઘણીવાર એક એવી ક્યામતનો ઉલ્લેખ મળે છે કે જે એક તરફથી વ્યક્તિગત છે અને બીજી તરફથી સમૂહગત, કેમકે તે ભાન વાળી અવસ્થા એટલે કે શઊરી પ્રકારે ફક્ત એક જ માણસની ક્યામત હોય છે પણ ભાન વગર એટલે કે ગૈર શઊરી અવસ્થામાં સૌની. જેનો અર્થ એ છે કે ક્યામતનો બનાવ ક્ણોના જગતમાં થાય છે કે જ્યાં સઘળા મુર્દા અને જીવંત લોકોનો ક્ણ સ્વરૂપે ખુબ જ મોટો મેળો હોય છે પણ લોકો તેનાથી અજાણ હોય છે, જેમકે ફરમાવેલું છે :

"અને તમે અમારી પાસે એક એક કરીને આવ્યા છો, જેવી રીતે અમોએ તમને પ્રથમવાર સર્જ્યા હતા. (૬/૯૪). આ હિકમત વાળી આયતમાં સમૂહગત ક્યામતના પાસાને છોડીને વ્યક્તિગત ક્યામતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, અને સાબિતી રજૂ કરવામાં આવી છે કે જે રીતે લોકો જગતમાં વ્યક્તિગત રીતે (એક એક કરીને) આવે છે તે જ રીતે આ કમાલીયતના દરજ્જા ઉપર ખુદાતઆલાની તરફ એક પછી બીજો રજૂ થાય છે. જેનો એક સ્પષ્ટ નમૂનો માનવંત અંબીયા અને ઈમામોનું જુદા જુદા વખતમાં એક એક કરીને આવવા જવાથી જાહેર છે. વસ્સલામ.

**–નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**
**૫ એપ્રીલ ૧૯૮૪**

# તજલ્લીઓ અને ઝહુરાત

ખાનાએ હિકમત કરાચીના તે વહાલા (સભ્યો)ની સેવામાં.

ખુદાવંદ પૂર્વ અને પશ્ચિમના સઘળા મિત્રોને બન્ને જગતની સલામતી અર્પણ કરે આમીન.

અત્યારે આ ગરીબ બંદો આ પત્ર પોતાના ગામ હૈદરાબાદ (હુંઝા)થી લખી રહ્યો છે, ગઈ કાલે સોમણી દુઆ પછી ખાનાએ હિકમતની એક મહત્ત્વની મીટીંગ થઈ હતી જે બાર વાગ્યા સુધી ચાલી જેમાં વધુમાં વધુ સમય મને આપવામાં આવ્યો, મને અહીંના મિત્રોને મળીને ઘણી જ ખુશી થઈ કેમ ન થાય, મારાં મિત્રો, દરેકે દરેક, પાક મૌલાના રૂહાનીયતના બાગના જીવંત ફૂલ છે, એવા ઊચ્ચ અને પસંદ થયેલાં ફૂલ કે જે અક્લ અને જ્ઞાનના તથા હિકમતની રંગીનીઓ અને સુવાસ (સુગંધ)થી ભરપૂર છે, જેમનો સાથ આંખોને ચમકદાર અને મગજને તર કરી દયે છે અને એજ રીતે નૂર અને સફર તથા તૂરના જલ્વાનો કિસ્સો છેડાઈ જાય છે.

મારાં બેહદ વહાલા મિત્રો ! ઈમામે ઝમાન સલ્વાતુલ્લાહ અલૈહીની પાક મહોબ્બત અને પછી મારફતમાં જે અપાર ખજાનાઓ છુપાયેલાં છે અને જેવી અનંત દૌલત સમાયેલી છે, તેનો વારંવારનો ઉલ્લેખ વારંવારના વસંતઋતુના આગમન બલ્કે તેથી પણ વધીને નૂરના

આપરંપાર જલ્વા જેવી ખુશી લાવે છે.

આપણે હકીકતના નૂરના પ્રકાશમાં સારી રીતે વિચારવું જોઈએ કે "કુલ્લ યૌમિન હુવફી શાન" ૫૫/૨૯નો શું અર્થ છે ? દરરોજ તે એક શાનમાં હોય છે. જે રીતે દિવસો ખતમ નથી થતા એ જ રીતે તેની પ્રવૃત્તિઓ (શાન) અનંત છે, તેનો અર્થ તજલ્લીઓ અને ઝહુરાત છે અને તે ત્રણ પ્રકારોમાં છે, અકલી અથવા ઇલ્મી, રૂહાની અને જાહેરી, આપણે આપસમાં તે ઉપર પણ ચર્ચા કરવી જોઈએ કે અકલી, રૂહાની અને જાહેરી તજલ્લીઓમાં શું તફાવત છે ?

અકલવાળા (સમજ ધરાવનારા) લોકોને માટે ખુદાની ઓળખ (મારફત) એક પૂરેપૂરી (સંપૂર્ણ) હકીકત છે, જે તજલ્લીઓથી સંબંધ રાખે છે અને એ પ્રકાર પ્રકારની તજલ્લીઓ અને ઝહુરાત ગુણવાચક નામોથી સંબંધ રાખે છે. જેમ ઉપર ઉલ્લેખ થયો, દરેક ગુણ (સીફત)ના ત્રણ પાસા અથવા ત્રણ રૂપ છે અથવા ત્રણ જલ્વાગાહ (પ્રગટ થવાની જગ્યા) છે. જેમ અલ્લાહનું એક નામ "અન્નૂર" છે જેનું જાહેર થવું (ઝહુર) ત્રણ દરજ્જાઓમાં થતું હોય છે. એ ત્રણ દરજ્જાઓ છે, આલમે અકલ, આલમે રૂહાનીયત અને આલમે ઈન્સાનીયત, દરેક દરજ્જામાં કેટલાંય નીચલા દરજ્જાઓ હોય છે અને એકંદરે ઊંચા દરજ્જાઓ આસમાન અને નીચા દરજ્જાઓ ધરતી કહેવાય છે.

ખુદાનું એક ગુણવાચક નામ (ઈસ્મે સીફત) "રબ્બ" છે એટલે કે પરવરદીગાર (પાલણહાર) કે જે ઈન્સાનીયતનું અકલી, રૂહાની અને સંસ્કાર (અખ્લાકી) રીતે પાલણ પોષણ કરે છે જેનો ઊંડાણપૂર્વક અનુભવ, મારફતના કાનૂન મુજબ કરવો જરૂરી છે, કેમકે રાહગીર (મુસાફર),

આશીક અને આરીફના માટે તજલ્લીઓ તથા ઝહુરાતના અનુભવો ખૂબ જ જરૂરી છે અને પવીત્ર કુરાનની સમગ્ર હીદાયતનો મતલબ, (હેતુ) છે નામોનો અનુભવ જેની શરૂઆત ખુદાના એક એવા નામથી થાય છે કે જે સદ્‌ભાગી લોકોના માટે નજીક અને સરળ છે કેમકે અલ્લાહ પાક પોતાના બંદાઓના માટે દરેક પ્રકારની સરળતા ઈચ્છે છે, મુશ્કેલી નથી ઈચ્છતો. પરવરદીગારે આલમનું એ નામ ઈમામે ઝમાન છે કે જે કુરાને હકીમની ભાષામાં "અઝઝાહીર" છે. એજ નામ જે જાહેર છે તે જીવંત એટલે "હંય" પણ છે અને કૈયુમ પણ. જેમ તે ઝાહીર છે તેમ તે મઝહર પણ છે અને મુઝહીર પણ, અને મુઝહીર તથા મઝહરના અર્થમાં તે ગુણો અને તજલ્લીઓનું દર્પણ પણ છે અને તે અર્થમાં નૂરે ખુદા (ખુદાનું નૂર) પણ છે.

જ્યારે ખુદા એક છે તો તેનું મહાન નામ (ઈસ્મે આઝમ) પણ એક જ છે પણ તેના જાહેરી રૂપ ઘણા છે એટલે કે ખુદાના ઘણા નામ ઈસ્મે બુઝુર્ગના જુદા જુદા જલ્વાઓ અથવા તજલ્લીઓ છે, અને કોઈ શંકા નથી કે ખુદાનું બુઝુર્ગ અને જીવંત નામ ઈમામે ઝમાન છે.

**ઈમામે ઝમાનના ગુલામોનો ગુલામ**
**નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**
**૧૫ એપ્રીલ ૧૯૮૪**

# કિતાબે મકનૂન (છૂપાયેલ પુસ્તક)

મારાં ઘણાં જ વહાલા, ખાનાએ હિકમતના પ્રમુખ ફતેહઅલી હબીબ અને અમારી આસમાની પૂત્રી ગુલશકર સલામત રહે !

હું હજારગણી ભલી ઈચ્છાઓ અને અતીશય સહૃદયતાથી તમોને અને પૂર્વ તથા પશ્ચિમના સઘળાં મિત્રોને યા અલી મદદ કહું છું અને પ્રત્યેક વિનંતી સભર દુઆઓમાં યાદ કરૂં છું, ખુદા તેને કબૂલ ફરમાવે આમીન !

આ વાત ઘણી ખુશી અને સચ્ચાઈથી ભરપૂર છે માટે તેને ફરી ફરીને ઉલ્લેખવી જોઈએ કે તમો બંને મારાં લખ્તે જીગર છો, મારાં ગર્વ લેવા લાયક શિષ્ય અને ઈલ્મી ફરઝંદ, મારાં સીનીયર અમલદાર અને ઘણાં જ વહાલા બચ્ચાં, મારાં ઘણા ઈલ્મી ભેદોને જાણનારા, મારી પુશ્તપનાહી કરનારા (ટેકો આપનાર), મારાં ખાનાએ હિકમતના ફળદાર વૃક્ષ કે જેની પ્યારી પ્યારી ડાળો વ્યક્તિઓ પણ છે અને સંસ્થાઓ પણ, જેના ફૂલ અને ફળ રંગ, સુગંધ અને લીજ્જત તથા મીઠાશથી ભરેલાં છે.

ખાનાએ હિકમત અને આરીફની સંસ્થા સાથે સંકળાયેલાં લોકોનું કેટલું મોટું સદ્દભાગ્ય છે કે તેઓ કુરાન અને રૂહાનીયતના

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

ઊચ્ચત્તમ ખજાનાઓથી ઈલ્મ અને હિકમતના કીમતી જવાહીરોનો સંગ્રહ કરી લ્યે છે કે જેથી પ્યારી જમાતની સુંદર ઈલ્મી ખિદમત કરી શકે. ચોક્કસ પણે પવીત્ર ઈમામ સલ્વાતુલ્લાહ અલેહીને જાણવાના (ઈરફાની) ભેદો ઘણા જ આશ્ચર્ય પમાડનારા છે જેને ફક્ત સદ્‌ભાગી લોકોજ જાણે છે આ ભેદો, અલ્લાહતઆલાના મહાન ઉપકારો છે જેમાં મોમીનોની ઈઝઝત અને મોટાઇ છૂપાયેલી છે.

આ બારામાં એક દાખલો એમ છે કે હઝરત ઈમામ અલૈહીસ્સલામ કિતાબે મક્નૂન છે જેમાં કુરાનની હિકમત છુપાયેલી છે, એનો અર્થ એ છે કે ઈમામનો ઈલ્મી મરતબો લોકોથી છૂપાયેલો છે અને ઈમામનું નૂર મોમીનોની રૂહાનીયતમાં કામ કરે છે અને એ પણ ખરૂં છે કે કિતાબે મક્નૂન, કિતાબે અક્લ છે એટલે કે અક્લનું નૂર (નૂરે અક્લ) કે જે રૂહાનીયતનો છેલ્લો મરતબો છે અને આ સઘળાં અર્થોમાં ઈમામે ઝમાનના વખાણ છે.

કિતાબે મક્નૂન, જેમાં કુરાન છે, તેને કોઇ અડી નથી શકતું સિવાય તેઓ કે જેને પાક કરવામાં આવ્યા છે (૫૬/૭૭-૮૦) અર્થાત પવીત્ર ઈમામના આ ઉચ્ચ મરતબાથી ઈલ્મ અને મારફત (ખુદાની ઓળખ) પ્રાપ્ત કરવાને માટે ફક્ત પાકીઝગી-પવીત્રતા જોઇએ એટલે કે દરેક પ્રકારની પવીત્રતા, પણ આ પવીત્રતા, જેમકે કુરાનમાં ઉલ્લેખ છે, ખુદાના હુકમથી પયગમ્બર (સ.અ.સ.) અને ઈમામ (અ.સ.)ના વસીલાથી થઇ શકે છે.

જો કે જાહેરીમાં કુરાન સામે જ છે પણ તેના મહાન ભેદો કિતાબે મક્નૂનમાં છુપાયેલાં છે જો તમો ઈલ્મુલ યકીનના દરજજા ઉપર

કુરાની ભેદોમાંથી જાણી લ્યો છે તો એ તમારી ઘણી મોટી ખુશનસીબી છે અને તમારી "અના" (હું પણું અથવા આંટ) પવીત્ર છે, નહી તો આ મોટાઇ ન મળતે.

બેશક કિતાબે મકનૂન ઈમામજ છે અને તેની પવીત્ર હસ્તી સુધી પહોંચવું કુરાનની ભાષામાં (મસ્સ ૫૬/૭૯) અડવું ત્રણ દરજ્જાઓ ઉપર પૂર્ણ થઇ જાય છે. પહેલો જાહેરી છે. બીજો રૂહાનીયતમાં અને ત્રીજો અક્કલના મુકામ ઉપર જેમ કોઇ ખામોશ પુસ્તકને અડવાનો હેતૂ છે વાંચવું, એ જ રીતે બોલનારા પુસ્તકને અડવાનો અર્થ છે પહોંચવું અને ઘણાં જ નજિક સુધી પહોંચવું કે જેથી તે પોતે પોતાની ઈલ્મી અને ઈરફાની હસ્તીને વાંચી વાંચી ને તમને સંભળાવે અને શીખવે.

મોમીનો અને મોમીનાતને ક્યામત એટલે કે રૂહાનીયતમાં કિતાબે મકનૂન (ઈમામના નૂર)થી ખૂબ જ નજિકની પહોંચ મળી જાય છે અને એ કિતાબ તેમની આગળ અને જમણી બાજુ ચાલતી રહે છે (૫૭/૧૨) અને એ જ અમલમાં સઘળી હિકમતો એકઠી થઇ જાય છે.

કુરાની શબ્દો અને વાક્યોના એકબીજામાં અર્થપૂર્ણ સંબંધો હોય છે માટે કિતાબે મકનૂન અને લુલુએ મકનૂન (છુપાયેલું મોતી) એ બંનેનું મમ્સુલ (હકીકત) એક જ છે, એ જ રીતે મોતીનો સંબંધ ઢગલાથી છે (ખજાનાથી છે) અને ઢગલા નો સંબંધ ચાવીથી છે કે જે સફળતા (ફતેહ)થી સંબંધ રાખે છે અને એ જ રીતે સમાન પ્રકારની અર્થપૂર્ણતાનું વર્તુળ ખૂબ જ વિશાળ થઇ જાય છે.

# મોમીનોના પગની રજ

નસીરુદ્દીન નસીર હુંઝાઇ

૧૯ એપ્રીલ ૧૯૮૪

ISW
LS
Institute for
Spiritual Wisdom
and
Luminous Science
Knowledge for a united humanity

# વ્યકિતગત રૂહ અને જમાતી રૂહ (સમુહગત રૂહ)

મારાં ઘણાં જ વહાલા બાળક, પ્રમુખ મહમદ અબ્દુલ અઝીઝ અને વહાલી પુત્રી યાસ્મીનને ખુદાવંદે મહેરબાન બંને જગતમાં સલામતી અર્પણ કરે આમીન.

સારૂં દિલ, રૂહાની મહોબ્બત અને સચ્ચાઇથી ભરપૂર યા અલી મદદ કબૂલ હો. હૃદયની એજ દુઆઓ સાથે સઘળાં મિત્રોને પણ યાદ કરું છું અને એ યાદ શુકરગુઝારીનું કારણ બને છે અલહમ્દોલ્લિલાહ અલા અહેસાનહી.

તમો પ્રીય મિત્રોની અતી ઘણી સેવા અને બેમીસાલ (અનુપમ) કુરબાનીઓ કે જે હકીકી ઈલ્મને સદા સુરક્ષિત રાખવા અને ફેલાવવા માટે તમો આગળ ધરો છો તે સદાબહાર બગીચાની જેમ ખુશી દેનારું અને રૂહને ગમે તેવું છે. તમો ઈલ્મના હેતૂ માટે ફિદા થઇ જનારા અને મારફતની શમાના પરવાના છો, તમો અમને ઘણા જ વહાલા છો એ માટે કે તમો અમારી રૂહના એક ભાગ છો. આપણે વ્યક્તિગત રૂહોમાં જુદાં જુદાં છીએ પણ સામુહિક રૂહમાં એક છીએ અલહમ્દોલ્લિલાહ.

એક માણસની રૂહ વ્યક્તિગત રૂહ કહેવાય છે, જમાતની રૂહ

સમૂહગત રૂહ હોય છે. પ્રત્યેક તે મોમન જમાતી રૂહમાં જીવતો થઇ શકે છે જે સાફ નીય્યતથી જમાતને ફાયદો દેનાર ખિદમત કરે છે. ખિદમત જેટલી વધારે અને લાંબો સમય ફાયદો દેનારી હોય, રૂહ તેટલાં પ્રમાણમાં વિશાળ થઇ જાય છે.

તમારામાંથી દરેકમાં એકજ રૂહ છે પણ તેનાં ક્રુણ એટલાં બધા છે જેટલાં કે આ જગતના લોકો, બલ્કે તેથી પણ વધારે. રૂહનો આ સિદ્ધાંત આવો એટલા માટે છે કે જેથી દરેક તે માણસ જે જમાતની ખિદમત કરે છે જમાતી રૂહમાં જીવંત થઇ જાય. તે એ રીતે કે તેની રૂહના ક્રુણોનું એક ગ્રુપ જમાતનું પ્રતિનિધિત્વ કરે છે એટલે કે એક ક્રુણ એક વ્યક્તિને જાહેર કરે છે અથવા વ્યક્તિ, ક્રુણમાં જીવંત થઇને બોલવા લાગે છે, એજ રીતે તમારી અંદર (તમારા વ્યક્તિત્ત્વમાં) પૂરી જમાતની રૂહ સમાઇ જાય છે.

જેમ એ હકીક્ત છે કે પ્રત્યેક વસ્તુ અને પ્રત્યેક માણસની એક રૂહ હોય છે તેમજ એ પણ સાચું છે કે કોમ અને જમાતની પણ કોમી અને જમાતી રૂહ હોય છે. જેમકે અલ્લાહનું ફરમાન છે કે "બેશક ઇબ્રાહીમ (અ.સ.) ખુદાની એક ફરમાનબરદાર ઉમ્મત હતી જેઓ એક તરફના (અલ્લાહની ફરમાનબરદારી કરનારા થઇ રહ્યા હતા) અને મુશ્રીકો (એક ખુદાને ન માનનારા) માંહેના ન હતા." ૧૬/૧૨૦ કુરાનની આ આયતમાં હઝરત ઇબ્રાહીમ (અ.સ.)ના મરતબાઓમાંથી એ મરતબાનો ઉલ્લેખ ફરમાવવામાં આવ્યો છે કે જેમાં તેઓ પૂરી ઉમ્મત (કોમ)ની પવીત્ર રૂહ બની ચૂક્યા હતા એટલે કે તેમની રૂહના ક્રુણોમાં કોમના સઘળા વ્યક્તિગત લોકો જીવંત થઇ ગયા હતા, એ જ

રીતે તેમની હસ્તીમાં ઉમ્મતની રૂહ છુપાયેલી હતી.

એમાં કોઇ શંકા નથી કે જેમ વ્યક્તિગત અને સામુહિક રૂહ છે તેજ રીતે ઉમ્મતી રૂહ પણ છે, જેનો ઉલ્લેખ થયો છે, અને કાયનાતી રૂહ પણ છે જેને નફસે વાહીદા (એકજ નફસ) કહેવામાં આવે છે જેનો ઉલ્લેખ કુરાન અને હદીસ બંનેમાં મોજૂદ છે (૩૧/૨૮) હદીસ આમ છે "ઈન્નમલ મોમનુન ઈખ્વતુંવ્વ અલ અંબીયા નફસીવ્વાહીદ = મોમીનો ભાઇ ભાઇ છે અને અંબીયા એક જાન (એટલે કે કાયનાતી રૂહ)ની માફક છે. આ ફરમાનનો ખુલાસો એ છે કે દરેક નાતિક અને તેનો અસાસ પોતાના મોમીનોના રૂહાની પિતા અને માતા છે અને નફસે કુલ્લીના મરબાના હિસાબે ન ફક્ત બંને બલ્કે સઘળા નાતિકો અને અસાસો એકજ છે અને દરેક ઉમ્મતના મોમીનો એકબીજાનાં ભાઇ ભાઇ છે. અહી એ ફરમાવવામાં આવ્યું છે કે મોમીનો પોતાના રૂહાની માવિત્રોના પગલે ચાલીને છેવટે નફસે વાહીદામાં જીવંત થઇ જશે, કેમકે નફસે વાહીદાનો સંબંધ કોઇ એક વ્યક્તિથી નથી પરંતુ આગળ જઇને એક એક કરીને સઘળા તેમાં સમાઇ જવાવાળા છે જેમકે ફરમાવવામાં આવ્યું છે કે "મા ખલકકુમ વ લા બઅસકુમ ઈલ્લા નફસીવ્વાહીદા (૩૧/૨૮) તમારૂં (રૂહાની રીતે) જન્મવું અને પાછું ઉઠાડવું એક જાન (એક જીવ)ના સમાન છે, એટલે કે જ્યારે તમારામાંથી કોઈને રૂહાની રીતે પેદા કરવામાં આવે છે તો તે પોતાની અંદર રૂહના કણો થકી સઘળા લોકો પેદા કરવાનું પ્રતિનિધિત્વ કરે છે અને જ્યારે તે પાછો ઉઠે છે તો તેમાં પણ સૌનું પ્રતિનિધિત્વ થઇ જશે. આ અર્થમાં સઘળાઓનું રૂહાની પેદા થવું અને ફરીથી ઊઠવું એક જાન (એક જીવ) સમાન છે અને આજ બનાવ ઘણા લાંબા અરસામાં દરેક રૂહ ઉપર

વીતે છે.

**મિત્રોનો ઇલ્મી ખાદીમ**
**નસીરૂદ્દીન નસીર હુંઝાઇ**
**૨૨ એપ્રીલ ૧૯૮૪**

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# ઈલ્મી અને રૂહાની સંબંધ (સગપણ)

ખાનાએ હિકમતના નાયબ પ્રમુખ, મારાં ઘણાં જ વહાલા નસરૂલ્લાહ અને વહાલી પૂત્રી અમીનાને ખુદાવંદ બંને જહાનમાં સફળતા અર્પણ કરે.

હું તેને હૃદયના ઊંડાણથી યા અલી મદદ કહું છું જેણે ઈસ્લામના નૂરના અસંખ્ય અજીબો ગરીબ અને અતી ઘણા ઈલ્મી મોઅજીઝાઓ જોયા છે. તમો બંને મારાં ખુદાદાદ (GOD GIVEN) બચ્ચાઓ છો. માણસનું એક બાળક તે હોય છે જે મા–બાપની હજારો મહેનત પછી ઘણી જ મુશ્કેલીથી દીન અને દુનિયાના ફાયદામંદ કામ કરવા લાગે છે, બીજો ફરજંદ તે હોય છે કે જે પરવરદીગારે આલમે પોતાની અતીઘણી રહેમતથી અર્પણ કરી દીધો હોય. એવો ફરજંદ જાણે કે આસમાનથી કોઇ પણ મહેનત વગર મળે છે, એજ કલ્પના મારા માટે એક મજબૂત હકીકત છે કેમકે હું ન ફક્ત રૂહોના સગપણને માનું છું પણ તેમની વહેદત (એકપણા)ને પણ ખૂબ જ નજિકથી જોઇ રહ્યો છું.

દુનિયાના દરેક હુન્નર અને દરેક ધંધામાં ગુરૂ અને શિષ્ય પિતા–પૂત્રની જેમ હોય છે કેમકે હુનરમંદીની રૂહ કે જે શિષ્યમાં પેદા

થઇ જાય છે તે ગુરૂથી આવે છે અને ખાસ કરીને ઈલ્મની રૂહ એક જીવંત હકીકત છે, માટે તેમાં કોઈ શંકા નથી કે ગુરૂ અને શિષ્ય પિતા–પૂત્રની જેમ એકબીજાને વહાલાં હોય છે અને આ સંબંધ ઘણો જ પ્યારો હોય છે કે જે અતૂટ છે.

બરહક (સાચા) ઈમામ સલ્વાતુલ્લાઅલૈહીની સાથે આપણો દરેકનો જે રૂહાની સંબંધ છે તે સૌથી ઊંચો અને બેનમૂન છે, તેની સામે કોઈ સંબંધ ઊભો નથી રહી શકતો તેમ છતાં આરંભમાં નીચે મુજબની વસ્તુઓ સામે આવી છે અને તેમાં ખુદાઇ ભેદ અને હિકમત છે.

નૂરે ઈમામતની સાથે આપણા એટલે કે મુરીદોના જે જે સંબંધો છે તે બધા આજે જાહેર નથી પણ અમુક જાહેર છે. આ બધામાંથી એક ખાસ સંબંધ એ છે કે ઈમામ આપણો નૂર અને રૂહ છે (૧૭/૮૫, ૫૭/૧૨) ઊચ્ચગૂણોમય ઈમામ સલ્વાતુલ્લાઅલૈહી મોમીનોનું પોતાનું નૂર એ અર્થમાં છે કે ખુદાતઆલાએ ફરમાવ્યું છે કે "નૂરૂ હુમ" (અર્થાત મોમીનોનું નૂર). આ સંબંધ સામાન્ય નથી પણ ખાસ છે જેને સમજવાને માટે કુરાનની સંબંધિત આયતમાં ધ્યાનપૂર્વક તપાસવાની જરૂરત છે, અને ઈમામ અલૈહીસ્સલામ આપણી રૂહ એ માટે છે કે આ ઉપર ઉલ્લેખાયેલ નૂરજ રૂહ છે કે જેની સાથેના આપણા સંબંધનો ઉલ્લેખ થયો. વળી તેની સાબિતી એ પણ છે કે જે રીતે ખનીજ કે પથ્થરની રૂહ વનસ્પતી છે માટે તેને વનસ્પતીમાં બદલાઈ જવું જોઈએ. વનસ્પતીની મોટી રૂહ હેવાન છે માટે તેને હેવાનોમાં ફના થઇ જવું જરૂરી છે. હેવાનની મોટી રૂહ ઇન્સાન છે માટે તેણે અહી આવવાને

માટે કુરબાન થઇ જવું જરૂરી છે અને ઇન્સાનની રૂહે અઝીમ પરીપૂર્ણ માનવી એટલે કે ઇન્સાને કામીલ છે જેમાં બદલી થવાને માટે બે વસ્તુઓની જરૂરત છે, જે છે હકીકી ઇલ્મ અને નેક આમાલ.

કુરાનની હિકમતવાળી ભાષા અને રૂહાનીયતના છુપા ઇલ્મ પ્રમાણે, ઇમામ મોમીનનું દીલ છે અને દીલનો અર્થ થાય છે રૂહ અને અનાએ ઉલવી અર્થાત ઊચ્ચ અના આ ચાવીરૂપ કલ્પનાને લીધે કુરાન અને હદીસના ઘણા ભેદો ખુલ્લાં થઇ શકે છે, કે જે મોમીનોના માટે ખાસ છે.

"તેઓ પોતાની રૂહના આશીક હતા." આ હિકમતભર્યા શબ્દો એક મુબારક ફરમાનના છે, જેનો સાર એ છે કે ઇમામ મોમીનોની સૌથી મોટી રૂહ છે, એ જ અર્થમાં દીનના બુઝુર્ગોનો ઇમામથી ઇશ્ક અસલમાં પોતાનાથી ઇશ્ક હતો, જેમકે પીર નાસીર ખુસરોએ ફરમાવ્યું "પસ વ પેશ વ નહાન વ આશકારા વસ્ત, શનાસાએ ખુદ વ પરવરદીગારા વસ્ત" તરજુમો : આખર, અવ્વલ, બાતિન અને જાહેર તે (ઇન્સાની હકીકત) છે. પોતાની જાતની ઓળખ કરનાર અને ઓળખાયેલ (એટલે કે રબ્બ) તે છે.

**–નસીરૂદ્દીન નસીર હુંઝાઇ**
**૨૪ એપ્રીલ ૧૯૮૪**

# સ્વપ્નના જગતની હિકમતો

સ્વપ્ન એક બાતિની જગત છે કે જે આ જાહેરી જગતથી જુદું અને અજાએબ વ ગરાએબ (ચિત્ર-વિચિત્ર) વસ્તુઓથી ભરપૂર છે. કેમ ન હોય, જ્યારે કે એક બાજુથી વિચાર-ખ્યાલનું જગત તેની સાથે લાગેલું છે અને બીજી બાજુથી રૂહનું જગત મળેલું છે, અથવા ખુલાસો કરવાની રીતે એમ કહીએ કે કામીલ ઈન્સાનોમાં ખ્યાલ, સ્વપ્ન અને રૂહાનીયતના બનાવો અને અનુભવો એક જેવા અને એક થઈ જાય છે. એનો અર્થ એમ થયો કે એક સામાન્ય માનવીનો ખ્યાલ અને સ્વપ્ન રૂહાનીયતના રસ્તાની મુસાફરી છે જેની છેવટની મંઝીલ રૂહાનીયત અને આખરત છે.

ખુદાના મિત્રો (ઔલીયાઓ)ના સ્વપ્ન રૂહાનીયત અને નૂરાનીયતથી ભરપૂર હોય છે, તે સામાન્ય માણસોના સ્વપ્નની જેમ નથી હોતા, કે જેને ભુલાવી દેવાય અથવા જે ઉપર ધ્યાન ન આપવામાં આવે. તે હકીક્ત બનીને સામે આવે છે જેના કેટલાંય દાખલા કુરાનમાં મૌજૂદ છે. જેમકે પયગમ્બરના સ્વપ્ન વહીનો એક ભાગ હોય છે. જેમકે હઝરત ઈબ્રાહીમ (અ.સ.)મે પોતાના વહાલા ફરજંદ હઝરત ઈસમાઈલ (અ.સ.)ને કુરબાન કરી દેવાનો નિશ્ચય સ્વપ્નને લીધે જ કર્યો હતો અને

હઝરત ઈસમાઈલે તેને ખુદાના હુકમનો દરજ્જો ગણાવ્યો હતો. (૩૭-૧૦૨)

મોમીનોના સ્વપ્ન બે પ્રકારના હોય છે. ક્યારેક ઊચ્ચ પ્રકારના અને ક્યારેક નીચા પ્રકારના હોય છે અર્થાત ઈમાનવાળાઓના સારાં સ્વપ્નાઓ બશીર (ખુશખબરી દેનાર) છે અને નરસા સ્વપ્ના નઝીર (ડરાવનારા) છે અને નૂરે નબુવ્વતના આ બન્ને નામો રૂહાનીયતમાં કાર્ય તરીકે-અમલ તરીકે રહેલાં છે.

સ્વપ્નાઓના સારાપણા અને નરસાપણાનો આધાર અમલ ઉપર છે કેમકે સ્વપ્ન એક નાની ક્યામત છે જે દરરોજ નિદ્રાની સ્થિતિમાં આવે છે કે જેથી દરેક શખ્સ પોતે પોતાને જુએ છે કે તે એક મોટી અને છેવટની ક્યામતના માટે તૈયાર છે કે નહી. કુરાનમાં ફરમાવેલું છે કે "બલીલ ઈન્સાનુ અલા નફસીહી બસીરા" (૭૫/૧૪) બલ્કે ઈન્સાન પોતે પોતાનો સાક્ષી છે. બસીરત દીલની નજર એટલે કે બાતિનના અનુભવને કહે છે. તેનો અર્થ એ છે કે માણસ શારીરિક મોતથી પહેલાં જ પોતાની રૂહ અને તેની સઘળી સ્થિતિઓ (સઘળા હાલાત)ને જોઈ શકે છે અને તેનો એક નાનકડો દાખલો સ્વપ્ન છે. કુરાનની આ આયતમાં શબ્દ "નફસ"નો અર્થ રૂહ છે. કોઈ માણસ રૂહાનીયતમાં અથવા કમ અઝ કમ સ્વપ્નમાં કંઈ જૂએ છે, તે તેની રૂહ અને તેની ખુદી છે.

દુનિયાના ચાલુ ઝમાનાના ચલણી સીક્કાને જોવા માટે કે તે ખરો છે કે ખોટો, કોઈ કસોટી, કોઈ ધોરણ હોય છે. મોટર જેવા મશીનોમાં વિજ્ઞાનિકોએ જુદાં જુદાં મીટર લગાડી દીધા છે કે જેથી ગતી, ઉષ્ણતા, બળતણ વિગેરેની જાણ થતી રહે અને એ કેવી રીતે થઈ શકે

કે અલ્લાહતઆલા માનવીની રચનાના વખાણ કરે અને તેના સારાં અને નરસા આમાલને પારખવાને માટે કોઈ ધોરણ જ ન હોય. સાચી વાત તો એ છે કે ખુદાતઆલાએ ન ફક્ત દીન (મઝહબ)ના જાહેરીમાં બલ્કે ઈન્સાનના બાતિનમાં પણ એક ફુરકાન (હક અને બાતિલમાં તફાવત કરનાર)ને નિયુક્ત કરેલ છે. જેમકે કુરાનમાં ફરમાવેલું છે કે "અય ઈમાનવાળાઓ ! જો તમો ખુદાથી ડરશો તો તે તમારા માટે ફુરકાન નિયુક્ત કરી દેશે (૮/૨૯) ફુરકાન જાહેરીમાં ઈમામની પાક-પવીત્ર હસ્તી છે અને બાતિનમાં તેનું નૂર.

સ્વપ્ન, રૂહાની જગતના જેમ છે તેથી જ તે સમય અને સ્થળ (ના બંધનથી) ઉપરવટ છે એટલે કે સ્વપ્નનું જગત આ ભૌતિક દુનિયાથી જુદું-અલગ છે અને તેમાં જે સમય છે (વખત છે) તે દુનિયાના રાત્રિ અને દિવસથી સંબંધિત નથી, બલ્કે તે આખરતના વખતની જેમ "કુન"ના સિદ્ધાંતના ચમત્કારો અને જાહેર થવા (ઝહુરાત)થી સંબંધિત છે. જે રીતે ખ્યાલમાં-વિચારમાં તમો જે મોસમને જે વસ્તુને અથવા જે શખ્સને કે જે સ્થળને જોવા ઈચ્છો છો તે જ તમારી કલ્પનામાં આવે છે, જો કે શરૂઆતમાં ઘણી ઝાંખી (ઓછા પ્રકાશવાળી) હોય છે પણ છેવટે ચોખ્ખી સવાર (સુબહ સાદિક) જેવી પણ થાય છે.

અલ્લાહતઆલાનું પવીત્ર ફરમાન છે કે (૭૮/૯) "અને અમોએ નિદ્રાને તમારા માટે (પરીશ્રમ દૂર કરનાર) આરામ આપનાર બનાવી છે." એટલે કે સામાન્ય લોકોના માટે નિદ્રા અને ખાસ લોકોના માટે રૂહાનીયત. કેમકે "નૌમ" (કુરાનમાં આવેલ શબ્દ જેનો અર્થ છે નિદ્રા)

નીચેના દરજ્જામાં ખાબે ગફલત (ગફલતની નીદ્રા) પણ છે અને ઊચ્ચ દરજ્જામાં રૂહાનીયત પણ. તેનું કારણ એ છે કે ખુદાના દોસ્તોમાં, નિંદ્રા એ રૂહાનીયત બની જાય છે.

સુરહ ફુરકાન (૨૫/૪૭)માં છે કે "વ હુવ્વલઝી જઅલ્લકુમ અય્યલ્લીબાસંવ્વ નૌમ સુબાતંવ્વ જઅલન્નહાર નુશુર" અર્થ : અને તે (ખુદા) એજ તો છે જેણે રાત્રીને તમારા કાજે પડદો અને નિંદ્રાને રાહત બનાવી છે અને દિવસને ઊઠીને ઊભા થવાનો વખત ઠેરવ્યો છે. રૂહાનીયત વાળાઓ એટલે કે હુદ્દે દીનને ફરમાવવામાં આવ્યું છે કે આરંભમાં બાતિનને તમારા માટે પડદો બનાવ્યો જેમાં તમોએ રૂહાનીયતની કમાલ પ્રાપ્ત કરી લીધી અને પછી તમોને ઈલ્મી રીતે જાહેર થવાની તક અર્પણ કરી જેમાં તમો ફેલાઈ જાઓ છો.

સુરહ રૂમમાં ફરમાવેલું છે કે "વ મિન આયાતિહી મનામુકુમ બિલ્લયલી વન્નહારી વબ્તીગા વ કુમ્મીન ફઝલીહી ઈન્ન ફી ઝાલીકલ આયાતીલ્લકૌમીય્યમઉન." (૩૦-૨૩) "અને એની જ નીશાનીઓમાંથી છે તમારૂં રાત્રી અને દિવસનું સુવું (ઊંઘવું) અને તેના ફઝલ (તેની કૃપા)નું શોધવું. જે લોકો સાંભળે છે તેમના માટે તેમાં નીશાનીઓ છે." રાત્રીની નિંદ્રાનો અર્થ છે આરંભની રૂહાનીયત જે બાતિનના પડદામાં છુપાયેલી હોય છે. દિવસની નિંદ્રાનો મતલબ છે છેલ્લી (છેવટની) રૂહાનીયત કે જે ઈલમના સ્વરૂપમાં જાહેર થઈ જાય છે અને તે ખુદાની કૃપા એટલે કે અકલના ખજાનાઓથી ઈલ્મ અને હિકમતની શોધ જરૂરી હોય છે તેમાં ભાન (હોશ)ના કાન વડે સાંભળનારાઓના માટે મોઅજીઝા જ મોઅજીઝા છે.

સુરહ ઝુમરમાં ફરમાવેલું છે કે "અલ્લાહુ યતવફફીલ અન્ફુસ હીઅ મૌતી હા વલ્લતી લમ તમુત ફી મનામીહા ફયમસીકુલ્લતી કઝા અલેહલમૌત વ યુરસીલુલ ઉખરા ઈલા અજલીન મુસમ્મા ઈન્નાફી ઝાલીક્લ આયાતીલ્લી કૌમીય્યતફક્કરૂન" (૩૯/૪૨) ખુદા લોકોની (નફસાની અને જીસમાની) મોતના (મૃત્યુ) સમયે તેમના પ્રાણો કબ્જે કરી લ્યે છે અને જેઓ મરણ પામ્યા નથી તેમના (પ્રાણો) ઊંઘતી વખતે (કબ્જે કરી લ્યે છે) પછી જે રૂહો (જે પ્રાણો) ઉપર મૃત્યુની આજ્ઞા કરી ચૂક્યો છે (મોત આવી જાય છે) તેમને તો રોકી રાખે છે અને બીજાઓ (બાકીના પ્રાણો)ને એક ઠેરવેલા (નક્કી કરેલ) સમય સુધી (તેમના ખોળીયામાં) પાછા મોકલી દયે છે. જે લોકો ચિંત્વન (અને મનન) કરનારા છે તેમના માટે આમાં નીશાનીઓ (મોઅજીઝાઓ) છે.

આ આયતની તાવીલી હિકમત એ છે કે જે મોમીન ઈબાદત અને પ્રેકટીસના મારફત (વસીલાથી) સંપૂર્ણ નફસાની મોતમાં મરી જાય છે તેની રૂહ શરીરથી ફારેગ (જૂદી) થઈને બહેશ્તમાં દાખલ થઈ જાય છે. નફસે મુતમઈન્ના જન્નતમાં દાખલ થઈ જાય છે પછી ભલે તે જીવતો હોય કે મરી ગયો હોય (૮૯/૨૭થી ૩૦) પણ તે મોમીન એક નવી રૂહમાં જીવતો રહે છે અને જે શખ્સ શારીરિક મોતથી મરી જાય છે તે તો મરી જાય છે, એજ રીતે બંને પ્રકારની રૂહોને ખુદા આખરતમાં રાખે છે અને જે લોકો કોઈ પ્રકારે પણ નથી મરી ગયા તેમની રૂહો નિંદ્રા અથવા શરૂઆતની રૂહાનીયતમાં કબ્જે કરી લેવામાં આવે છે અને પછી પાછી મોકલી દેવામાં આવે છે અને આ કામ (આ અમલ) એક ઠરાવેલા (નક્કી કરેલા) સમય સુધી થતું રહે છે.

સ્વપ્નમાં ફક્ત આપણી રૂહજ છે કે જે એક કાયનાત બનીને સામે આવે છે જેમાં સર્વ કાંઇ છે, તેમાં ક્યામત પણ છે, આમાલનામું પણ, બહેશ્ત પણ, દોઝખ પણ, ફરીશ્તા પણ, આશા પણ, ડર પણ, આકાશ પણ અને અંધકાર પણ. એટલે સુધી કે અલ્લાહતઆલાએ સ્વપ્નના જગતને રૂહાનીયત અને આખરતનો નમૂનો બનાવ્યો છે કે જેથી હોશમંદ મોમીનો તેની અસંખ્ય હિકમતોથી ફાયદો ઉપાડે.

સ્વપ્નની જે હકીક્ત (તાબીર) સામાન્ય પુસ્તકોમાં લખાયેલી છે તેનું કંઇ મહત્ત્વ નથી, કેમકે સ્વપ્નની તાવીલ છે કે જે ખુદાઇ વસ્તુ છે, તે લદૂની ઇલ્મ એટલે કે ખુદાઇ ઇલ્મમાં સમાયેલ છે તેમ છતાં તેના ઘણા ઇશારાઓ એવા પણ છે કે જે સામાન્ય રીતે સમજાઇ જાય છે, જેનાથી માનવી પોતાના સારાં અને નરસાં કાર્યોનો ખૂબીપૂર્વક અંદાજો કરી શકે છે, તેથી જ એ કહેવું વ્યાજબી છે કે સ્વપ્નની દુનિયા હિકમતોથી ભરપૂર છે. તે એક જીવંત અને બોલનાર પુસ્તક છે કે જે દરેક દરજ્જાના લોકોને તેમની સમજણ પ્રમાણે શિખામણ આપે છે.

**મોમીનોના પગની રજ**
**નસીરૂદ્દીન નસીર હુંઝાઇ**
**૨૬ એપ્રીલ ૧૯૮૪**

# એક જાન અને ઘણા બધા શરીર (ખોળીયા)

મારાં અતી ઘણા વહાલાં અને પ્યારા મિત્ર, ફરીશ્તા રફીક જન્નતઅલી તથા અમીન અબ્દુલ મલીક સદા ખુશ રહો આબાદ રહો.

હું અનંત મહોબ્બત અને ભરપૂર સચ્ચાઈપૂર્વક તમો બંને મિત્રો અને બીજાં સઘળાં પ્રીયજનોને યાઅલીમદદ કહું છું. પાક-પવીત્ર ખુદા સઘળા જાંનીસારોના હકમાં આ પવીત્ર દુઆ કબૂલ કરે ! તમો બંનેના પત્ર કેટલાં પ્યારા હતા ! અને મને આતુરતા પણ એવી જ હતી. મને બેહદ ખુશી થઈ. રબ્બુલ ઈઝઝત તમો સઘળાને ઈલ્મની ઊંચાઈ બક્ષે ! તમો દરેક વખતે કુરબાની અને જાંનીસારીથી કામ લઈને ખાનાએ હિકમતની સેવા કરો છો અને એ જ રીતે અલઅમીન અને આરીફ પણ ખુબ જ જાંનીસાર છે. મારો હેતૂ ખાનાએ હિકમત અને ઈદારાએ આરીફના ચારેય સેક્રેટરીઓનો ઉલ્લેખ કરવાથી છે કે આ મારાં પ્રીયજનો ઘણા પ્રેમથી એકબીજા સાથે મળીને કામ કરે છે અને એકમત તથા સંપસલાહના પ્રકરણમાં અમારી બંને પવીત્ર સંસ્થાઓના અમલદારો અને સભ્યો બેનમૂન છે.

યુનાની તબીબી વિજ્ઞાનના ઘણા નુસ્ખા (PRESCRIPTIONS) પ્રમાણે કેટલીય જડીબૂટીઓને ખરલમાં ઘણી વાર સુધી પીસીને એક રસ (એક જાન) બનાવી લ્યે છે પછી એવી મિશ્રણમય દવા (માં મળેલ અલગ અલગ દવા)ના રંગ, સુગંધ, સ્વાદ અને અસરની તારવણી કરવી મુશ્કેલ બલ્કે અશક્ય થઇ જાય છે. આ ઉપમા કરતાં ક્યાંય વધીને આપણે બધા મોનોરીયાલીટીના ખરલમાં એક જાન થઇ ગયા છીએ, જો કે જાહેરીમાં આપણું વ્યક્તિગતપણું દેખાય છે પણ બાતિનમાં એ વ્યક્તિગતપણું એક વહેદતમાં બદલાઇ ગયુ છે.

દાખલા તરીકે આપણામાંથી દરેક શખ્સ એક જડી અથવા બૂટી છે અને સઘળી જડીબૂટીઓ (એટલે કે આપણે સઘળાની રૂહો)ને ખરલમાં નાખીને એક કરી દેવામાં આવી છે, પછી (ત પીસેલાં) પાવડરથી કે જેમાં ઘણી બધી જડીબૂટીઓ સમાયેલી છે આપણામાંથી દરેકને એક પોટલી દેવામાં આવી છે. આ રીતે દરેક પોટલીમાં સઘળી જડીબૂટીઓના નમૂના છે, એટલે કે દરેક રૂહમાં સઘળી રૂહોના કણો મોજૂદ છે.

બીજો દાખલો : એક હજાર બાટલીઓમાં એવું અત્તર ભરેલું છે કે જે એક હજાર પ્રકારના જુદા જુદા ફૂલોથી ખેંચવામાં આવ્યું છે. આ સઘળું અત્તર એક મોટા વાસણમાં મેળવી દેવામાં આવે છે, પછી ફરીવાર તે સઘળી બાટલીઓમાં ભરી દેવામાં આવે છે. હવે દરેક બાટલીમાં એક એવું અત્તર છે જેમાં હજાર નમૂના એક જાન થઇ ગયા છે. આ રૂહનો દાખલો છે કે તેમાં સઘળી રૂહોનું પ્રતિનિધિત્વ થાય છે.

ત્રીજો દાખલો : પવીત્ર કુરાન એ બાબત તરફ ધ્યાન દોરવે છે કે મધમાખીના મધ બનાવવામાં કુદરતની ચિત્રવિચિત્ર પ્રકારની નીશાનીઓ છે. તે, અસંખ્ય ફળો અને ફૂલો કે જે રંગ અને સ્વાદમાં અલગ અલગ હોય છે, પોતાના પેટમાં ચમત્કારિક રીતે એક જાન અને મીઠું મધ બનાવી લ્યે છે. જો એ મધના હજાર ભાગો બનાવવામાં આવે અને તે પછી તેની પાછળના દ્દશ્યની (સ્થિતિની) કલ્પના કરવામાં આવે તો દરેક ભાગની એક જેવી વાત હશે એટલે કે તેજ બાગ અને ગુલશન, તેજ ફળ–ફૂલ અને તેજ અસંખ્ય મધમાખીઓની કારકિર્દિગી, આ રૂહના અહેવાલ (રૂહની સ્થિતિ)ના એકપણાનો નમૂનો છે.

કુરાનમાં ઠેકઠેકાણે રૂહોના ફેલાઇ જવાનો અને પછી એક જગ્યાએ એકઠા થઇ જવાનો ઉલ્લેખ મળે છે. જેમકે નશર (વિખેરવું) અને હશ્ર (એકઠા કરવું). જેમકે ખુદાવંદી ફરમાન છે કે "અને તે પછી બની ઈસરાઈલને કહેવામાં આવ્યું કે તમો ધરતી ઉપર રહો–સહો, એટલે કે વસો, પછી જ્યારે આખરત્તનો (એટલે કે રૂહાનીયતનો) વાયદો આવશે, તો તમો સઘળાને જમા કરીને (એકઠા કરીને) લઇ આવશું. (૧૭/૧૦૪) જ્યારે દરેક જગ્યાએ હઝરત મૂસા (અ.સ.)નો દીન હતો તે વખતે બની ઈસરાઈલના મોમીનોને ફરમાવવામાં આવ્યું હતું કે તમો જુદ્દે દીનના મારફત ધરતીના બાર જઝીરાઓ (ટાપુઓ)માં ફેલાઇ જાઓ, પછી વખત આવ્યે તમોને એકઠા કરીને લઇ આવશું.

**–નસીરૂદ્દીન નસીર હુંઝાઇ**

**૩૦ એપ્રીલ ૧૯૮૪**

# રૂહાની મહોબ્બત વહેદતની (એકપણાની) નીશાની

ખાનાએ હિકમત ગીલ્ગીટ બ્રાંચના નાયબ પ્રમુખ, મારાં અતી પ્રીય, ગુલામ રસુલ એમ. એચ., મારાં દીલથી યાઅલી મદદ અને બીજી ઘણી દુઆઓ કબૂલ હો ! એજ રીતે હું સઘળાં પ્રીયજનો માટે પણ દુઆ માગું છું કે ખુદાવંદ પોતાની બે-પનાહ (અતી ઘણી) રહેમતથી જમાતને સુખી સલામત રાખે !

હું તમો સર્વે પ્રીયજનોની દુઆથી તેજ દિવસે રાત્રે નવ વાગે સહીસલામત મારા ઘરે કરાચી પહોંચી ગયો હતો. અહી મૌલાના ફઝલથી દરેક પ્રકારે ખેરીયત છે. ખાનાએ હિકમતના અમલદારો અને સભ્યો એક સાલગ્રેહની તૈયારી કરી રહ્યા છે. તેવાણે ગીલ્ગીટ બ્રાંચને કાગળ લખ્યો હશે.

મને ત્યાં અને હુંઝામાં તમો સઘળાં પ્રીયજનોની સાથે દરેક રીતે સાથે રહેવામાં બેહદ આનંદ અને ખુશી પ્રાપ્ત થયાં. જ્યારે હું આવી મજલીસોમાં હોઉ છું તો તે મારી જીંદગીનો ઉત્તમ સમય હોય છે. મિત્રોને બેહદ પ્રીય રાખવાનો મહાન ભેદ ફક્ત હું જાણું છું અને ફક્ત મારાં પ્રીય મિત્રો (જાણે છે). દર અસલ આ ભેદ ખુદાવંદી

ખજાનામાંથી એક ઘણા મોટા ઈનામ તરીકે અર્પણ થયો છે. લોકોની એ આસમાની શિક્ષા (સજા)થી વિરૂદ્ધ કે જેમાં તેમનાં દીલોમાં નફરત અને શત્રુતા પેદા થઇ જાય છે. જો કે મોમીનોથી શત્રુતા કરવી ઘણો મોટો ગુનો છે. આપણે શુખરગુઝાર થવું જોઇએ કે અંદરો અંદરના મતભેદની બિમારીથી આપણને દૂર રાખવામાં આવેલ છે. અલહમ્દોલિલ્લાહ અલા મીન્નહી વ અહસાનહી.

તમો લોકોએ પોતાની અંદર સેવાની ભાવનાની (સાથે સાથે) ઘણા બધા સદ્‌ચારીત્રના ગુણો પણ પેદા કરી લીધા છે. હવે વધુથી વધુ ઈલ્મી રીતે આગળ વધવાનું છે. મને વિશ્વાસ છે કે દરેક જગ્યાએ મારાં પ્રીયજનોની પ્રગતી ઈલ્મ અને ઈબાદતને કારણે થઇ રહી છે, પણ મૂળ કારણ ખુદાની રહેમત છે કે તે આ બહાનાથી અમારાં પ્રીયજનો પાસે કોઇ સેવા કરાવવા ઈચ્છે છે કેમકે હેતુઓ (આકાંક્ષાઓ)ની સીડીનો છેલ્લો દાદરો જમાતની સેવા છે.

જ્યારે કોઇ હોશિયાર મોમીન (અઝલ) આરંભની કલ્પના કરે છે ત્યારે તે હૈયાતી (જીવન)ના મૂળમાં સઘળી રૂહોને એક જ પામે છે, જો કે આજે તે જહેરી નજરોથી અતી ઘણી (અસંખ્ય) લાગે છે પણ અહી સવાલ એ ઊભો થાય છે કે શું આરંભ એટલે કે અઝલ એ અતી ઘણા દૂરના ભૂતકાળનું નામ છે ? નહી નહી, ક્યારેય નહી બલ્કે (તે તો) અકલના મસ્તબા એટલે કે અકલના સ્થાનનું નામ છે કે જે રૂહાનીયતના દરજ્જા પછી આવે છે. એનો અર્થ એ છે કે આપણે અઝલમાં એટલે કે અકલના સ્થાન ઉપર કે જે બાતિનનું બાતિન છે (ત્યાં) એક છીએ. આ હકીકતને સમજાવવાને માટે જમાતી

રૂહની કલ્પના રજૂ કરવામાં આવી છે. તે કેવી અજબ અને આનંદથી ભરપૂર બહેશ્ત હશે, જ્યારે કે આપણે સઘળા જમાતી રૂહમાં જીવતાં થઇ જશું બલ્કે નફસે વાહીદા એટલે કે એક જ નફસમાં એક થઇ જશું, મિત્રો ! બસ જમાતને પોતાની વીખરાયેલી રૂહ સમજી લ્યો અને દીલોજાનથી તેની સેવા કરો.

તમો એ તો જાણી ચૂક્યા છો કે રૂહ કણો ઉપર આધારિત છે, પણ સવાલ એ છે કે શા માટે ? અને શા માટે એક જ રૂહના અસંખ્ય વિભાગો છે ? એ માટે કે દરેક વસ્તુ પહેલે શક્તિની મર્યાદામાં હોય છે, પછી કાર્યની મર્યાદામાં આવે છે. માટે દરેક શખ્સી રૂહ આજે શક્તિની મર્યાદામાં એક કાયનાત છે અને કાલે કાર્યની મર્યાદામાં એક કાયનાત બની જશે. આ હકીક્તનો દાખલો ઘઉનો એક દાણો છે જેમાં વધવાનો એવો અને એટલો ગુણ મોજૂદ છે કે હાલ તો તે એક જ દાણો છે પણ થોડાં વર્ષો સુધી ઉગાવવાથી તે ધરતીની સપાટી ઉપર ફેલાઇ જઇ શકે છે. રૂહનો સૌથી મોટો ગુણ એ છે કે વધારેપણા અને એકપણા બંને ઉપર નિર્ભર છે. વધારેપણાનું એ અર્થમાં કે તે પોતાની હસ્તી અને કણો રૂપે સઘળાનું પ્રતિનિધિત્વ કરે છે અને એકપણાનું એ માટે કે તે અસલમાં એક જ છે. તો એ કેટલી સારી વાત છે કે રૂહ ખુદાના એક હોવાની કલ્પના પણ છે અને ઘણા વધારે હોવાનું પ્રતિબીબ પણ, માટે જ કહેવું પડે છે કે રૂહ જ સર્વ કાંઇ છે.

**ફકત મોમીનોના ચરણોની રજ**

**નસીરૂદ્દીન નસીર હુંઝાઇ**

**૯મે ૧૯૮૪**

# એક સઘળાં - સઘળાં એક

મારાં પ્રીય પ્રમુખ ફતેહઅલી હબીબ ! રબ્બુલ ઈઝ્ઝત તમને બેઉ દુનિયામાં સફળતા અને ઊચ્ચ મુકામ અર્પણ કરે આમીન યા રબ્બલ આલમીન !

મારાં ઘણાં જ વહાલા અને પ્રીય મિત્રના બરક્તવંતા નામમાં એક ઘણી મોટી અને શાનદાર રૂહાની અને અમલી (ફતેહ) વિજય અને ખેંચાણનો અર્થભરપૂર ઈશારો મોજૂદ છે. અલહમ્દોલિલ્લાહ તમારી પવીત્ર રૂહ ચોક્કસપણે મારા હકમાં વિજય અને ફતેહનો ફરીશ્તો છે. ખુદાના આ ઉપકારથી મારા ઉપર વાજબ થાય છે કે વારંવાર શુકરાનાનો સીજદો અદા કરતો રહું.

આ આપણા સઘળાઓનું કેટલું મોટું સદ્‌ભાગ્ય છે કે તમારા લગાડેલા છોડ સુંદરતા અને ખૂબીપુર્વક ફાલવા લાગ્યા છે અને જે ફૂલોના બી રોપ્યા હતા તે હવે ખુદાના ફઝલથી રંગ અને સુગંધની એક સુંદર દુનિયા બની ગયા છે. આ અમારા તે પ્રીયજનોના માટેની ઉપમા છે કે જેઓ તમારાં મૂળ અને અમલી પ્રયત્નો તથા મહાન કુરબાનીના પરિણામે તૈયાર થયા, જેમાંથી પ્રત્યેક મેવો (ફળ) ઈલ્મનો બગીચો પણ છે અને હિકમતના ફૂલનું ગુલશન પણ છે, ફક્ત એટલું જ નહિ

બલ્કે તમોએ અક્લમંદીથી કેટલાંય હોશમંદ સરપરસ્તો તથા દીર્ઘદૃષ્ટિ વાળાં અમલદારો પણ બનાવી દીધા એ સઘળા મહાન ઉપકારોના માટે હું તમારો આભારી છું.

તમો ખાનાએ હિકમતના પ્રમુખ છો અને કેન્દ્રીય સરપરસ્ત પણ માટે આ નેક નામ સંસ્થાની સઘળી સફળતાનો જશ તમારા માથે છે, ઉમદા સેવા કોઇ પણ કરે પણ કોઇ પણ સંસ્થાના પ્રમુખને કેન્દ્રીય હેસીયત પ્રાપ્ત હોય છે અને ખાસ કરીને તમોને. તમો મુરબ્બી પણ છો. દરેક સફળ સંસ્થાનો મુરબ્બી (પેટ્રન – સરપરસ્ત) મમતાળુ અને મહેરબાન પિતા સમાન હોય છે અને ખરેખર તમોએ એક મહાન પિતા જેવી સેવા અને કુરબાની બજાવેલી છે અને કેટલાંય પ્યારા અમલદારો તથા જાંનીસાર સભ્યો તમારા પગલે ચાલી રહ્યા છે.

મારો વિશ્વાસ છે કે ખુદા અને રસુલ (સ.અ.સ.) તથા ઈમામે ઝમાન (અ.સ.) તમો તથા તમારી ફરીશ્તા જેવી ધર્મપત્ની ગુલશકરથી ઘણા જ રાજી છે, જેની પ્રત્યક્ષ સાબિતી એ છે કે તમોને જે સેવા આપવામાં આવી છે તે બેનમૂન છે, એ માટે કે આ સેવા અમર્યાદિત અને સર્વવ્યાપક છે કેમકે આ ઈલ્મી સેવા છે જે ધરતી અને ઝમાન (સમય) ઉપર ફેલાઇ શકે છે. અહી એ એક સવાલ ઉદ્‌ભવે છે કે ઈસ્લામ બીજાઓની સેવા કરવાની આજ્ઞા શા માટે આપે છે ? એનો હકીકી જવાબ એ છે કે બીજાઓની સેવા કરવી એ અસલમાં આપણી પોતાની સેવા કરવાનું છે કેમકે બહેશ્તમાં વહેદતના (મોનોરીયાલીઝમના) મરતબા ઉપર બેઠા પછી એ સત્ય જાહેર થઇ જાય છે કે દુનિયામા આપણી રૂહ સઘળા લોકોનું એક સમૂહ હતી,

લોકો આપણી રૂહનો એક ભાગ (એક ટૂકડો) હતા (કણ હતા) અને કુરાનની પણ એક કલ્પના છે, એ જ શિખામણ છે. જેમકે ફરમાવેલું છે કે "કાનન્નાસ ઉમ્મતંવ્વાહેદા" (૨/૨૧૩) સઘળા લોકો પહેલાં એક જ ઉમ્મત હતા. (એટલે કે એક જ શખ્સની રૂહના કણો હતા) જેનો એક સ્પષ્ટ દાખલો હઝરત ઈબ્રાહીમ (અ.સ.)થી આપેલો છે કે "ઈન્ના ઈબ્રાહીમ કાન ઉમ્મતન કાનીતન લિલ્લાહી" (૧૬/૧૨૦) "બેશક ઈબ્રાહીમ (પોતાની રૂહના કણોમાં) ખુદાના માટે એક ફરમાનબરદાર ઉમ્મત હતા.

એજ રીતે હઝરત મુહમ્મદ (સ.અ.સ.)ની પવીત્ર હસ્તીમાં જગતના સઘળા લોકો એક થયેલાં છે જેમકે ખુદાવંદે ફરમાવેલું છે કે "વરાયુતન્નાસ યદખુલુન ફી દીનલ્લાહી અફવાજા" (૧૧૦/૨) "અને (જ્યારે) તમો લોકોના ટોળે ટોળાં અલ્લાહના દીનમાં દાખલ થતાં જુઓ." નાસનો મતલબ છે જગત-રચનાની રૂહો અને દીન, ખુદાના મહાન પયગમ્બરની પવીત્ર હસ્તી છે. આનો મતલબ એ છે કે દુનિયાના સઘળા લોકો અજાણપણે કણોના સ્વરૂપમાં હઝરત મુહમ્મદ મુસ્તફા (સ.અ.સ.) સરવરે અંબીયાની મુબારક હસ્તીમાં દાખલ થઈ ગયા હતા અને તેને જ કહે છે "એકમાં સઘળા અને સઘળામાં એક.

**તમારો દુઆગીર**

**નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**

**૩૧મે ૧૯૮૪**

# ઈલ્મી સેવાઓની લઝઝત

મારાં દીલના ખૂબ જ વહાલા અને રૂહના ઘણા જ પ્યારા, ખાનાએ હિકમતના સરપરસ્ત અને ઈદારાએ આરીફ (આરીફ નામની સંસ્થા)ના પ્રમુખ મહમદ અબ્દુલ અઝીઝને ખુદાવંદ બેઉ જગતમાં નવાઝી દ્યે !

હું ઈમામ શનાસીના પ્રકાશમાં હૃદયની સચ્ચાઈ સહીત યાઅલી મદદ કહું છું જે કબૂલ હો ! મારાં પ્રીય (મિત્ર) ! આ નાચીઝ બંદાએ તમારા જેવાં મૌલાના પ્યારા પ્યારા રૂહાની બચ્ચાઓ ઉપર ફીદા થઈ જવું જોઈએ કે જેઓ હકીકી ઈલ્મને ચાહનારા અને આશીક છે જેઓ એ ઈલ્મને એક તરફથી પ્રાપ્ત કરે છે અને બીજી તરફથી ફેલાવતા રહે છે. આ ફરીશ્તાના ગુણોવાળા પવીત્ર માનવીઓને રૂહાની ઈલ્મની અતી ઘણી લઝઝતો અને ખુશીઓ પ્રાપ્ત થતી રહે છે. ચોક્કસપણે તમો અને તમારી ધર્મપત્ની કે જેમની રૂહ મોઅજીઝામય છે, (તમો બંને) એજ ઊચ્ચ મોમીનોની પહેલી હરોળમાં છો.

તમો પ્રીયજનોના મુજ ખાકસાર ઉપર તથા મારી કલમ ઉપર એટલાં ઉપકાર છે કે હું ન તો તેનો વિસ્તાર બતાવી શકું છું અને ન તો તેનો આભાર માની શકું છું અને એક નમ્ર દુઆ કરવા સિવાય

કંઇ પણ નથી કરી શક્તો કે ખુદાવંદ ! તારાથી એ સ્થિતિ છુપાયેલી નથી કે હું અતીઘણો મુફલીસ છું હું પ્રીયજનોને કંઇ પણ નથી આપી શક્તો, ઓ અઢળક ખજાનાઓના માલીક ! તું જ પોતાની અપાર રહેમતથી તેવણને દીન અને દુનિયાની સફળતા અને યશ અર્પણ કર ! આમીન !

અકલી, ઈલ્મી અને રૂહાની લઝ્ઝતો સંબંધેના ભેદની વાત એ છે કે તેનો અમલ અને તેની લાગણી તક્વા એટલે કે પરહેઝગારીના મૂળ ઉપર નિર્ભર છે માટે જે માનવી જેટલી હદે પરહેઝગાર હોય તેને તેટલા પ્રમાણમાં અકલ, ઈલ્મ અને રૂહની લઝ્ઝત અને ખુશીઓ પ્રાપ્ત થાય છે અને યાદ રહે કે ઈલ્મી મીઠાશ અને આનંદ ન ફક્ત ઈલ્મની વાતોને સાંભળવા સુધી મર્યાદિત છે પણ ઈલ્મને આગળ વધારવા (ફેલાવવા) માટેની જરૂરી સેવા અને કુરબાનીઓમાં કેટલીય વધારેથી વધારે લઝ્ઝત અને ખુશી છે.

જે રીતે જાહેરી અને ભૌતિક લઝ્ઝતોથી ફક્ત એક તંદુરસ્ત (સશક્ત) માનવી ભરપૂર લઝ્ઝત મેળવી શકે છે અને બીમાર માણસ તે લઝ્ઝતથી દૂર એટલે કે વંચિત રહે છે તે જ રીતે બાતિની અને રૂહાની લઝ્ઝતોની મીઠાશ ફક્ત પરહેઝગાર લોકોને જ મળતી રહે છે જેઓ પરહેઝગાર નથી તેઓ જાણે કે બીમાર છે માટે તેઓ બાતિની મીઠાશની લઝ્ઝત નથી માણી શક્તા.

કુરાનમાં ત્રણ જગ્યાએ (૩૭/૪૬, ૪૩/૭૧, ૪૭/૧૫) બહેશ્તની લઝ્ઝતોનો ઉલ્લેખ છે. આ સઘળી લઝ્ઝતો સુક્ષ્મ અને બાતિની પ્રકારની છે અને તે અકલ તથા રૂહના સંબંધે છે કેમકે જન્નતમાં એક

ઈબ્દાઈ એટલે કે જુદા પ્રકારનું શરીર મળે છે જેની એક પવીત્ર રૂહ અને એક પરીપૂર્ણ અકલ હોય છે અને તે સુક્ષ્મ શરીરની લઝ્ઝતો દુનિયાની સઘળી લઝ્ઝતોથી ઊંચી છે. પવીત્ર રૂહ અને પરીપૂર્ણ અકલની લઝ્ઝતો તેથી પણ વધીને છે.

કોકબી બદન એટલે કે સુક્ષ્મ શરીરની લઝ્ઝતોના વિષે ફરમાવેલું છે કે "અને તે (બહેશ્ત)માં તે વસ્તુઓ છે જે તેમનું મન ચાહશે" (૪૩/૭૧) રૂહાની લઝ્ઝતોના પ્રકરણમાં આમ ફરમાવવામાં આવ્યું છે કે "અને તે વસ્તુઓ છે કે જેનાથી આંખોને લઝ્ઝત થશે (મળશે)" (૪૩/૭૧). અહીં નફસ એટલે કે મનનો ઈશારો સુક્ષ્મ શરીરની તરફ અને આંખનો અર્થ બાતિની દ્રષ્ટિથી છે કે જેનાથી હેતૂ અથવા મતલબ રૂહ થાય છે.

એ જ પ્રમાણે અકલી લઝ્ઝતો સંબંધે ખુદાનું ફરમાન છે કે "અને તેમની પાસે શરાબના જામ ફરી રહ્યા હશે જે વહેતાં શરાબથી ભરાઈ જશે તે સફેદ રંગનો હશે અને તે પીનારાઓને ખૂબ જ (લઝ્ઝતવાળો) મીઠાશવાળો જણાશે." (૩૭/૪૫-૪૬). અહીં અકલના જાહેર થવાથી જે કામ થાય છે તેની ઉપમા જામના ફરવાથી આપેલી છે. વહેતા શરાબની ઉપમા અકલના મૂળથી છે અને સફેદ રંગ ઓળખની નીશાની છે.

**-જમાતના ચરણોની રજ**

**નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**

**૧૪ મે ૧૯૮૪**

# ઇલ્મની કિશ્તી (ઇલ્મની નૌકા)

મારાં હૃદય અને રૂહના ઘણા જ પ્રીય અને જાનની જેમ વહાલા, ખાનાએ હિકમતના નાયબ પ્રમુખ નસરૂલ્લાહને ખુદાવંદ દરેક પ્રકારની સફળતા અને સલામતી અર્પણ કરે, આમીન !

અતીશય સાફ દીલ, પાકદીલી અને રૂહાની મહોબ્બતથી ભરપૂર યાઅલી મદદ કબૂલ હો ! મારાં જાની અને જીગરી મિત્ર નસરૂલ્લાહ ! તમારા આ પ્યારા નામના શાબ્દિક અર્થમાં ખુદાની મદદનો સ્પષ્ટ ઉલ્લેખ છે અને અમને ખબર છે કે આ હકીકત અને આ બનાવ (એટલે કે ખુદાની મદદ) ખાનાએ હિકમતમાં વધારેથી વધારે સ્પષ્ટ છે કેમકે એમાં તમો ન ફક્ત નાયબ પ્રમુખના ઓહ્દા ઉપર બિરાજી ચુક્યા છો પણ સાથે સાથે જ તમો તેના પેટ્રન પણ છો માટે તમો અમારી આ સંસ્થા માટે ખરેખર ખુદાની મદદ છો, અલહમ્દોલિલ્લાહી રબ્બીલ આલમીન.

ખુદાવંદતઆલા જ્યારે કોઇ બંદાને વિશાળ દીની ખિદમતમાં સફળતા અર્પે છે તો તે એ (બંદા)ના સઘળાં મિત્રોને નેકીના ફરિશ્તા બનાવી દ્યે છે કે જેથી તે (મિત્રો) આ પાક-પવીત્ર ખિદમતમાં હિમાયતી અને મદદગાર સાબિત થઇ જાય. પરવરદીગારે આલમના

લાખ લાખ શુકર છે કે તમો મારાં મહાન ફરીશ્તાઓમાંથી છો.

"સાલીકિ ખુશ અસ્ત અઝ બહારશ પૈદાસ્ત" જે વર્ષ સારૂં હોય તેની નીશાની વસંત ઋતુમાં જ સ્પષ્ટ થઇ જાય છે. અત્યારથી અમુક વર્ષો પહેલાં તમારી અને મારી મઝહબી મિત્રતા ઘણાજ વિશ્વાસ સહીત શરૂ થઇ હતી, આ મહાન ન્યામત માટે મારે માનવંત ફતેહઅલી હબીબના આભારી થવું જોઇએ.

મને જાણ છે કે તમો અને અમારી વહાલી દીકરી અમીના રૂહાની ઈલ્મના ઘણા જ કદરદાન છો, એક કારણ છે કે તમો આ ઈલ્મને ફેલાવવાના ખાતર મોટી મોટી કુરબાનીઓ આપો છો કેમકે તમો જાણો છો કે ઈલ્મનો પ્રકાશ જાહેરમાં લાવવો એ સૌથી મોટી નેકી અને સૌથી મહાન સવાબ છે. જેમકે હદીસમાં જણાવ્યું છે તે મુજબ ઉમ્મતના પ્રત્યેક દાનીશમંદ અને અક્લવાળા જણ ઉપર ચાર વસ્તુઓ ફરજિયાત છે, ઈલ્મનું સાંભળવું, તેની સાચવણી, તે ઉપર અમલ કરવો અને તેને ફેલાવવું.

હઝરત પયગમ્બર સાહેબનું ફરમાન છે કે "તમારી વચ્ચે મારી અહેલેબૈતનો દરજ્જો નુહની કીશ્તી સમાન છે, જે તેમાં સવાર થયો તેને નજાત મળી અને જેણે તેનો વિરોધ કર્યો તે ગર્ક થઇ ગયો (ડુબી ગયો)" અને ફરમાવ્યું છે કે "મારી અહેલે બૈતના આલીમ (એટલે કે ઈમામે ઝમાન)થી ઈલ્મ શીખો અને તે શખ્સથી ઈલ્મ શીખો જેણે મારી અહેલે બૈતના આલીમથી ઈલ્મ પ્રાપ્ત કર્યું હોય, જેથી તમો આગથી બચી જશો."

હિકમતની ભાષામાં આ હદીસ એ જણાવે છે કે રસુલની

અહેલેબૈત (એટલે કે ઈમામે ઝમાન) ન ફક્ત રસુલ (સ.અ.સ.)ના વખતમાં નૂહની કીશ્તી સમાન છે પણ આ વાત દરેક ઝમાના માટે છે કેમકે અજ્ઞાનતાનું તોફાન દરેક વખતે મૌજૂદ છે માટે નૂહની કિશ્તીમાં સવાર થઈને નજાત પામવી તે એમ છે કે અહેલેબૈતના આલીમ (વખતના ઈમામ)થી ઈલ્મ પ્રાપ્ત કરવામાં આવે અથવા એવી વ્યક્તિઓથી ઈલ્મ શીખવામાં આવે કે જેને ઈમામે નિયુક્ત કર્યો છે, કે જેથી નાદાની (અજ્ઞાનતાની) આગથી છુટકારો મળે.

અહી આગલી હદીસની સ્પષ્ટતા પાછલી હદીસથી કરવામાં આવી છે જેનાથી સાફ રીતે જાહેર થાય છે. તોફાન કે જે દરેક સમયમાં આવે છે તે અજ્ઞાનતા અને તબાહીનું છે. અને તેનાથી બચવાને માટે નજાતની કિશ્તી એ ઈલ્મ અને હીદાયતની છે જેનું મૂળ ઈમામે ઝમાન સલ્વાતુલ્લાહ અલેહી છે. અને હકીકી ઈલ્મના પ્રકાશમાં ઈમામે આલી મુકામથી સંબંધ રાખવો દરેક પ્રકારના છુટકારા (નજાત)ની બાહેંધરી છે.

**મોમીનોના ચરણની રજ**
**નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**
**૧૪ મે ૧૯૮૪**

# ઝીકરે જલી

મારાં હાર્દિક વહાલા અને રૂહાની મિત્ર, અમારી સંસ્થા "આરીફ"ના નાયબ પ્રમુખ મોહ્યુદ્દીનને ખુદાવંદ બેઉ જગતમાં સફળતા બક્ષે આમીન !

હું અત્યંત પાકાઇ (પવીત્રતા) અને દરવેશી નમ્રતા સહીત યાઅલી મદદ કહું છું. પરવરદીગાર એવી જ દુઆઓ સઘળા મિત્રોના હકમાં કબૂલ ફરમાવે ! આ નાચીઝ બંદા ઉપર રબ્બુલ ઇઝઝતનો એક ખાસ ઉપકાર એ પણ છે કે તમારા જેવાં ઉચ્ચ કેળવણી ધરાવનારા માનવંત સાહેબો આ દીની ઇલ્મ તરફ પૂરેપૂરૂં ધ્યાન આપી રહ્યા છે અને ઇલ્મના ફેલાવાના માટે ભરપૂર સહકાર કરી રહ્યા છે.

ફરીશ્તાઓ જેવા ગુણો ધરાવનારા મારા મિત્ર ! આ તમારૂં ઘણું મોટું સદ્દભાગ્ય છે કે તમારૂં વાતાવરણ રૂહાની ઇલ્મથી ભરેલું છે. કુરાનની ઊંડી હિકમતો, રૂહાનીયત અને મારફતની વાતો તથા ઝીકર અને તસ્બીહ, આ અનંત દૌલત તમોને તથા તમારી જીવનસાથીને આસ્માની ભેટ પ્રકારે મળેલી છે. કોઇ મોમીનના ઘરની આવી રૂહાની આબાદી એ ખુદાની ઘણી મોટી રહેમત છે.

તમારાં માનવંત દાદા ફકીરશાહ સાહેબ હુંઝાના ગામ હૈદરાબાદમાં

ઘણા મોટા પરહેઝગાર અને સદ્‌ગુણી ઈન્સાન હતા, પોતાના ઈલાકામાં તેમને પીરના પ્રતિનિધિત્વનો દરજ્જો પ્રાપ્ત હતો કેમકે તેઓ તે સમય અને તે ઈલાકાની જરૂરી કેળવણીથી જાણકાર હતા, તેઓ મોટાં ઈબાદત ગુઝાર હતા અને તેમણે સુફી પ્રકારના ઝીકરે જલી (એટલે કે મોટા અવાજે ઝીકર કરવો)નો એક વિભાગ બનાવ્યો હતો, જેમાં ઘણીવાર સવારે અને સાંજે રૂબાબ અને દફ ની સાથે શમ્સી ઝીકર અથવા સુફી પ્રકારનો ઝીકર કર્યા કરતા હતા. મારા મામા એટલે કે ફકીરશાહ સાહેબની સાથે મારા પિતાશ્રી તથા અન્ય કેટલાંય બુઝુર્ગો ભરપૂર ભાગ લેતા હતા.

ઝીકરે જલી સંબંધે એક બનાવ યાદ આવ્યો. મેં આ ચીનમાં સાંભળ્યું કે ત્યાં અમુક સુફીઓની વચ્ચે જહરના ગુંચવાડા (ક્રીયડા) ઉપર પહેલાં ચર્ચા થઇ હતી અને પછી એક બીજા ઉપર લાઠીઓ ચલાવવાની નોબત આવી હતી. જો કે જહર (એટલે કે મોટા અવાજે ઝીકર કરવા)થી કોઈને ઉશ્કેરાઇ જવાની કોઇ જરૂરત નથી કેમકે તેના સંબંધે કુરાની આયતમાં આ માટેનું કારણ મૌજૂદ છે અને તે ઈશારો આ મુજબ છે કે :

"લા યુહીબ્બુલ્લાહુલ જહર બિસ્સુઇ મિનલ કૌલીલ્લાહ મન્ઝુલીમ" (૪/૧૪૮) "કોઇ ખુલ્લી રીતે (પોકાર કરીને) કોઈને માટે બુરૂં બોલે તે અલ્લાહ પસંદ નથી કરતો સિવાય કે જેના ઉપર અન્યાય કરવામાં આવ્યો હોય. (જુલ્મ કરવામાં આવ્યો હોય) એટલે કે જો જરૂરત પડે તો એ ફક્ત જેના ઉપર જુલ્મ થયો હોય તેના માટે જ વાજબ છે કે તે જાલીમના વિરૂદ્ધ ફીરયાદ અને રોવું ધોવું (ગીરીયા ઝારી) કરે કે

જેથી તેનો ઈન્સાફ, તેનો ન્યાય થાય. હા, જુલ્મનો એક બીજો પ્રકાર પણ છે અને તે એ કે અમુક વેળાએ માનવી પોતે પોતા ઉપર જુલ્મ કરે છે, જેના માટે પણ આ જ રીત અથવા આજ રસ્તો છે કે ઝીકરે જલી અને ગીરીયાઝારી કરવામાં આવે અને પોતાની પ્યારી રૂહ ઉપર પોતાને જાલીમ ઠેરવવામાં આવે, જેમકે હઝરત આદમ અને હઝરત હવ્વા (અ.સ.)મે આ પ્રમાણે ગીરીયાઝારી કરી હતી.

"બન્નેએ અરજ કરી કે હે અમારા પરવરદીગાર ! અમો બન્નેએ અમારા પોતા ઉપર જુલ્મ કર્યો છે અને જો તું અમને માફ નહિ કરે અને અમારા ઉપર દયા નહિ કરે તો અમો ખચીતજ હાની ભોગવનારાઓ માંહેના થઇ જશું." (૭/૨૩).

આ ઉપરથી જાણમાં આવે છે કે હઝરત આદમ અને હવ્વા (અ.સ.)ની તોબાનો વધુ પડતો ભાગ ઝીકરે જલી અને ગીરીયાઝારી છે.

ઝીકરે જલી અને ગીરીયાઝારીમાં અદબ, નમ્રતા, શરમ, એક થઇ જવાની લાગણી અને અંતરના આનંદની સખત જરૂરત છે કે જેથી આ ઝીકર પોતાની સઘળી ખૂબીઓને લીધે ચમત્કારી થઇ શકે અને ઝીકર કરનારા નમ્રતા–આજીઝીના સમુદ્રમાં ડૂબી જાય કેમકે એવા ઝીકરમાં કંઇ ફાયદો નથી કે જે ગેર વ્યાજબી, શુષ્ક, ફક્ત ઉપલી સપાટીનો અને નાખુશગવાર હોય.

**મોમીનોના પગની રજ**

**નસીરૂદ્દીન નસીર હુંઝાઇ**

**૧૭ મે ૧૯૮૪**

# માનવીના સ્વરૂપમાં ફરીશ્તો

મારાં હૃદયના ખૂબ જ વહાલા, સરપરસ્ત અને ચીફ એડવાઈઝર, ખાનમહમદ સાહેબને ખુદા બન્ને જગતમાં સફળતા અને સલામતીથી નવાજે.

રૂહ અને દિલના ઊંડાણ અને ઊંચાઈએથી યાચેલી મદદની પવીત્ર અને હિકમત ભરેલી દુઆ કબૂલ હો ! અને રૂહાનીયતના આસમાનના ફરીશ્તાઓથી એવી ઘણીય દુઆઓ પ્રાપ્ત હો ! માનનીય ખાનમહમદ સાહેબ તમોએ ખાનાએ હિકમત તથા 'આરીફ'ની સંસ્થાના બાકી રહેવા તથા પ્રગતી કરવાના માટે જે જે ખૂબજ ઝળકદાર સેવાઓ કરેલી છે તે એક મહાન ઈતિહાસનો ભાગ બની રહી છે. તમો અમારા આ ઈલ્મી કારખાનાના મજબૂત થાંભલાઓમાંથી છો કે જે (કારખાનું) ખુદાવંદની તૌફિકથી જમાતની ખિદમતના કાજે કાયમ કરવામાં આવ્યું છે. અમારી આ બંને સંસ્થાઓના અમલદારો તથા સભ્યો તમારી અસામાન્ય ખૂબીઓ–આવડતો, પવીત્ર ટેવો અને પ્યારી જમાતની ખૂબ જ સેવા કરવાથી ખૂબ જ પ્રભાવિત છે અને એ મિત્રો દરેક વખતે તમારી અનૂપમ મહેનત અને મહાન હિકમતના વખાણ કરે છે.

કોઈ ઓળખે કે ન ઓળખે પણ સચ્ચાઈ એ છે કે તમારા જેવા હકીકી મોમીનો શક્તિમાં ફરીશતા, પણ માનવી સ્વરૂપે હોય છે અને આવતી કાલે તેઓને હકીકતમાં ફરીશ્તા થઈ જવાનું છે કેમકે દરેક વસ્તુ પહેલાં શક્તિની મર્યાદામાં હોય છે અને તે પછી કાર્યની મર્યાદામાં

આવે છે. સઘળા લોકો એ વાત જાણે છે કે ખનીજથી વનસ્પતી બને છે, વનસ્પતીથી હૈવાનનું અસ્તીત્વ બને છે, હૈવાનથી ઈન્સાનનું અસ્તીત્વ બને છે અને ઈન્સાનથી ફરીશ્તો અસ્તીત્વમાં આવે છે. આ મોટા જગત એટલે કે આલમે કબીરની વાત થઈ, અને આલમે સગીર એટલે કે નાના જગતનો કીસ્સો એથી પણ વધારે સમજવા લાયક છે, તે એમ છે કે ખુદાએ ઈન્સાનને પૂરી કાયનાતના નીચોડથી બનાવ્યો છે માટે તેના અસ્તિત્વમાં નીચલા મરતબામાં ખનીજ એટલે કે જમાદાત છે જેના ઓગળી જવાથી અસંખ્ય વનસ્પતીની રૂહો બની જાય છે જેના ઓગળવાથી હેવાની રૂહ બને છે જે બેહિસાબ જીવંત કણોનો સમૂહ છે જેની પાકાઈ-સફાઈથી ઈન્સાની રૂહ બની જાય છે જે અગણિત વિભાગો ઉપર આધાસ્તિ છે જેના વધુ અને ઊચ્ચ સફાઈ-પાકાઈ થકી ફરીશતો બની જાય છે. આ સફાઈ-પાકાઈ હકીકી ઈલ્મ અને સારા કાર્યો એટલે કે નેક આમાલ (અમલે સાલેહ)થી થાય છે અને આ ફરીશ્તો એક હોય છે પણ તેમાં સઘળા ફરીશતાઓ મૌજૂદ હોય છે.

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદ શાહ સલ્વાતુલ્લાહ અલૈહીએ પોતના પવીત્ર ફરમાનોમાં ઈલ્મ અને અમલ (કાર્ય) થકી મોમીનના ફરીશ્તા બની જવાનો ઉલ્લેખ ફરમાવેલો છે. કુરાનમાં જ્યાં જ્યાં મોમીનોની ઈલ્મી પવીત્રતાનું વર્ણન છે તેમાં તેના ફરીશ્તા બની જવાનો ઈશારો છે, તે સિવાય જ્યાં જ્યાં, જે ઠેકાણે સીધે સીધો ફરીશ્તાઓનો ઉલ્લેખ ફરમાવેલો છે તેમાં પણ મોમીનોની રૂહોનો ઉલ્લેખ છે.

ફરીશ્તાઓની ખાસ બાબત એ છે કે તેઓ ખુદાની ઈબાદતમાં આજીઝી-વિનંતી કરે છે, ઈબાદતથી થાક્તા નથી, રાત દિવસ તસ્બીહ

કરતા રહે છે અને રોકાતા નથી (૨૧/૧૯–૨૦) તેઓ સીજદો કરે છે, પોતાના રબ્બથી ડરતા રહે છે અને જે કંઇ આજ્ઞા થાય તેને પૂરી કરે છે. (૧૬/૪૯–૫૦) અને ફરીશ્તાઓની એક ખાસીયત છે હકીકી ઇલ્મ શીખવું. જેમકે હઝરત આદમ (અ.સ.)ના કિસ્સામાં તેનો ઉલ્લેખ છે. (૨/૨૯–૩૩) કેમકે એ ઇલ્મ વગર તેઓની હસ્તીની સંપૂર્ણતા અધૂરી રહી જાય છે, અને જે નેક બખ્ત મોમીનો અત્રે જણાવેલી ખાસીયતોમાં ફરીશ્તાઓના નજીક છે તેઓ આજે શક્તિની મર્યાદામાં (તે ખાસીયતની શક્તિ વડે) ફરીશ્તા છે અને કાલે અમલના લીધે ફરીશ્તા બની જશે.

સંપૂર્ણ માનવી (કામીલ ઇન્સાન) શારીરિક ફરીશ્તો હોય છે કેમકે ફરીશ્તાની ખાસ નીશાની છે ખુદાવંદની નજદીકી (૧૬/૪૯) જે એ સંપૂર્ણ માનવીને ખાસ ફરીશ્તાઓથી પણ વધીને પ્રાપ્ત થયેલી છે, જેની સાબિતી મએરાજનો બનાવ છે, કે જેમાં હઝરત નબી મુહમ્મદે (સ.અ.સ.) જીબ્રાઇલ ફરીશ્તાને ખાસ નજદીકી મેળવવામાં પાછળ રાખી દીધા હતા. આ ઉપરાંત સંપૂર્ણ માનવીમાં ફરીશતા જેવાં સઘળાં ગુણો મૌજૂદ હોય છે અને તેની બરકતવંતી હસ્તીમાં અલ્લાહ તઆલાના મહાન નામો એક ધારા રાત્રી દિવસ પોતાને વારંવાર રટણ કરાવતા અને બોલતા રહે છે અને દરેક વખતે પવીત્ર રૂહોની તસ્બીહ કરવાની ગુંજ ચાલતી રહે છે.

**મોમીનોના પગની રજ**

**નસીરૂદ્દીન નસીર હુંઝાઇ**

**૧૭ મે ૧૯૮૪**

# ખુશ્બુઓ (સુગંધો)ની દુનિયા

મારાં ખૂબજ પ્રીય, જાની મિત્ર, રૂહાની દોસ્ત ખાનાએ હિકમતના જોઈન્ટ સેક્રેટરી અલ અમીનને ખુદાવંદ બેઉ જગતમાં ઈઝ્ઝત અને ઊચ્ચતા અર્પણ કરે આમીન !

હું સો ગણી પવીત્રતા તથા મહોબ્બતથી તમોને અને તમારા કુટુંબીઓને યાઅલી મદદની હિકમત ભરેલી દુઆ પાઠવું છું, વળી આપણા અન્ય સઘળા મિત્રોના હકમાં પણ એજ પાક દુઆ કરૂં છું. રબ્બે જલીલ એ દુઆ કબૂલ કરે !!

મારાં, ફરીશ્તા જેવા ગુણો ધરાવનારા ઈલ્મી મિત્ર, અતી પ્રીય અલ અમીન !! તમો બેશક ઈલ્મના ઘણા કદરદાન અને હકીકતને ઓળખનારા છો. તમો આપણી જમાતના એ મહાન ખાદીમોમાંના છો કે જેઓ રાત દિવસ ઈલ્મી મેદાનમાં ખૂબજ જાંનીસારીથી ખીદમત કરી રહ્યા છે. તમો તમારી જીંદગીના ઘણા મોટા ભાગના કલાકો, ઈલ્મ-જ્ઞાનના રસ્તામાં ખર્ચ કરી રહ્યા છો. અલહમ્દોલિલ્લાહ, આ સર્વ કાંઈ ખુદાવંદતઆલાનો મહાન ઉપકાર છે. ખાનાએ હિકમત અને આરીફની આ સંસ્થાઓ સાથે જે લોકો જોડાયેલાં છે તેઓની એકત્રિત રીતે કરાતી ખીદમત અને કુરબાનીને કારણે જે સુક્ષ્મ ઈલ્મ અસ્તિત્વમાં

આવે છે અને જે રીતે જગતના ચારે ખૂણે તે ફેલાય છે, તેની મહત્ત્વતા તેના ફાયદા ખુદાના ફઝલથી ઘણાં જ મોટાં અને જબરદસ્ત છે. કેમકે આ હકીકી ઈલ્મ ઈમામે ઝમાન સલ્વાતુલા અલૈહીનું છે તેથી તેનો પ્રકાશ દૂર દૂર સુધી પહોંચી રહ્યો છે અને તેનું દરેક ઠેકાણે પહોંચવાનું વર્તુળ વિશાળ થતું જઈ રહ્યું છે.

આ ભૌતિક જગતમાં જેટલાં ફળ–ફૂલ છે તે દરેકની સુગંધ જુદી જુદી છે, તે સિવાય ઘણીય જડીબૂટીઓ અને બીજી વસ્તુઓ છે જેમાંથી દરેકમાં એક જુદા પ્રકારની સુગંધનો ભંડાર છુપાયેલો હોય છે. આ ઉપરથી એ હકીક્ત સ્પષ્ટ થાય છે કે એક જ દુનિયાની અંદર ઘણી બધી નાની અને માતેહત દુનિયાઓ મૌજૂદ છે અને તેમાંથી એક સુગંધોની દુનિયા છે જે ઘણી સુક્ષ્મ, અતી દીલકશ ખૂબ જ દીલનવાઝ અને ગમી જનારી છે.

હઝરત પયગમબર સાહેબ (સ.અ.સ.)ને સુગંધ ખૂબ જ ગમતી [illegible] ઘણો મોટો ભેદ છે, તે એ છે કે જન્નત (રૂહાનીયત)નો [illegible]રાક સુગંધોના સ્વરૂપમાં છે કેમકે બહેશ્તમાં રહેનારા લોકોના [illegible] એટલે કે ઓસ્ટ્રલ–સુક્ષ્મ પ્રકારના હોય છે જેના માટે [illegible] એટલે કે સુગંધ નક્કી કરેલ છે.

[illegible] દાનીશમંદ–અક્કલવાળો, કુરાનમાં ધ્યાનપૂર્વક તપાસ કરીને એ [illegible] કબૂલ કરી શકે છે કે બહેશ્તમાં રહેનારાઓનું રીઝક એવું ફળ ન[illegible]તું કે જે આખું હોય (વણભાંગ્યું હોય) પણ ફળનો અંશ [illegible] જેનો અર્થ છે સુગંધવાળી નબાતી એટલે કે વનસ્પતીની [illegible] કુરાને પાકમાં જન્નતવાળાઓના રીઝક વિષે ફરમાવેલું છે

કે "મન સમરતીન રઝક્ન" અર્થાત : ફળથી રીઝક (૨/૨૫) એટલે કે તે ફળ પોતે નહી પણ ફળનો અર્ક, ફળનું સત જરૂરી છે, એનો અર્થ એમ થાય છે કે જેમ પ્રથમ અપૂર્ણ પ્રકારનું ફળ મૌજૂદ હોય છે અને તેમાં સુગંધવાળી, વનસ્પતીની રૂહ પછી આવે છે, એજ રીતે પોત પોતાની સુક્ષ્મ ખાસીયતો સહિત ફળો અને ફૂલો વિગેરેની વનસ્પતિ-રૂહો બગીચા અને ગુલશન વગર મૌજૂદ હોઇ શકે છે અને અહી ઉલ્લેખાયેલી આયાતની હકીકત પણ આજ છે.

ઇલ્મે રૂહાનીયતનું બીજું નામ ઇલ્મે હકાઇકિ અશીયા એટલે કે ચીજ વસ્તુઓની સચ્ચાઇ-સંશોધનનું ઇલ્મ છે જેનું ઇલ્મી અનુભવના પ્રકાશમાં સંશોધન કરવામાં આવ્યું છે કે અંબીયા અને ઔલીયાઓ પછી હકીકી દરવેશોને ફળો અને ફૂલો વગર પણ તેની સુગંધ આવતી રહે છે. આ બહેશ્તની જીસમાની (શારીરિક) ન્યામત છે, જ્યારે કે રૂહ અને અકલની ન્યામતો તેથી પણ વધુ સુક્ષ્મ અને ઊંચી છે અને એ વાત યાદ રાખજો કે મોમીનને આ દુનિયામાં રહેતાંજ બહેશ્તની ઓળખ જરૂરી છે જેમકે કુરાનમાં ફરમાવેલું છે કે "વ ઉલાઇક લહુમ રઝકુમ્માલુમ" (૩૭/૪૧) અર્થ : "આ એ લોકો છે જેમને જન્નતના રીઝક બાબત પહેલાંથી જાણ છે." વળી ફરમાવેલું છે કે "વયદખલહુમ અલજન્નત અરઝઝહાલહુમ" (૪૭/૬) અર્થ : "અને તેમને એવા સ્વર્ગમાં દાખલ કરી દેશે કે જેની ઓળખ તેમને (પહેલાંથી) આપી દીધી છે." એમાં કોઇ શંકા નથી કે મોમીનોની જન્નત સઘળાં અર્થો સહિત,

ઈમામે ઝમાન છે અને અસલ તથા મૂળ ઓળખાણ એ જ પવીત્ર હસ્તીની છે અને દરેક નીચલી મારફતો એ જ કેન્દ્રીય તથા નૂરના અસલ થકી પ્રાપ્ત થાય છે.

**નસીરૂદ્દીન નસીર હુંઝાઇ**

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# સુરહ લુકમાનમાંથી મહત્ત્વના સવાલો

મારાં અતી પ્રીય, માનનીય મિત્ર નુરૂદ્દીન રાજપારી, જેઓ અમેરીકામાં રહે છે, જેઓ દીની જ્ઞાનને ઘણા જ પસંદ કરનારા છે. તેઓ ઘણી વખતે પોતાના વહાલાં મિત્રોની સાથે મળીને ઈસમાઈલી તાલીમાત બાબત રીતસર અને રસપૂર્વક અભ્યાસ કરે છે. તેઓના મત મુજબ આ એટમી સમયમાં અને ખાસ કરીને અમેરીકા જેવા મહાન દેશમાં કે જ્યાં અતી ઘણી ભૌતિક પ્રગતિઓનું તોફાન આવી ચૂક્યું છે, દરેક મોમનની પાસે હકીકી ઈલ્મ હોવું અત્યંત જરૂરી છે. એ જ કારણ છે કે તેઓ અને તેમના મિત્રો વખતો વખત લેખિત સવાલો પણ કરે છે અને આ વખતે તેમણે સુરહ (૩૧) લુકમાન સંબંધે ઘણા જ મહત્ત્વના સવાલો કર્યા છે.

આ સબંધમાં આ અશક્ત બંદો નસીરૂદ્દીન કે જે પોતાને મોમીનોના પગની રજ સમજે છે તે ખુદાવંદ બરહક્કની બારગાહથી તૌફિક અને મદદની માગણી કરે છે કે તે સર્વશક્તિમાન આ નાચિઝ બંદાની સહાય કરે, આમીન યા રબ્બલ આલમીન.

બિસ્મીલ્લાહિર્રહમાનીર્રહીમ

<u>સવાલ (૧) :</u> "અલીફ લામ મીમ"ની તાવીલ વર્ણન કરો.

<u>જવાબ :</u> "અલીફ લામ મીમ" હુરૂફે મુક્તીઆતમાંના અક્ષરો છે અને પવીત્ર કુરાનમાંના સઘળા હુરૂફે મુક્તીઆતમાં હક્તઆલાએ પોતાના પવીત્ર અને બુઝુર્ગ નામોની કસમ ખાધી છે અને એ મુજબ ખુદાતઆલાએ અલીફમાં અવ્વલ (કલમ)ની કસમ ખાધી છે, 'લામ' માં લોહે મહેફૂઝની અને મીમમાં લખેલી (વસ્તુ)ની કસમ ખાધી છે. આમ અલીફની તાવીલ છે અવ્વલ એટલે કે ઈલાહી કલમ કે જે અકલે કુલ છે, લામથી લોહે મહેફૂઝનો હેતૂ છે કે જે નફસે કુલ છે અને મીમની તાવીલ છે લખેલું (પુસ્તકમાંનું લખાણ). એટલે કે તે રૂહાની લખાણ કે જે લોહે મહેફૂઝમાં લખાયેલું છે. આજ રીતે રબ્બુલ ઈઝઝતે પોતાના ત્રણ મહાન નામોની કસમ ખાધી છે, અને અહી એ સિદ્ધાંત પણ યાદ રહે કે કલમનું જાહેરી સ્વરૂપ નાતિક છે, લોહે મહેફુઝનું જાહેરી સ્વરૂપ અસાસ છે અને લખાણનું જાહેરી સ્વરૂપ ઈમામ છે. અલીફ લામ મીમની વધુ તાવીલોના માટે "પીર નાસીર ખુસરૂ અને રૂહાનીયત" નામનું પુસ્તક તપાસી જુઓ.

<u>સવનલ નંબર (૨):</u> સુરહ લુકમાનની બીજી આયતમાં કુરાનની જે ખાસ આયતનો ઉલ્લેખ ફરમાવેલો છે તે શું છે ?

<u>જવાબ :</u> તે મહાન આયતો રૂહાની આલમ (રૂહાની જગત)માં કલમ, લોહ અને પુસ્તક છે અને જીસ્માની આલમમાં નાતિક, અસાસ અને ઈમામ છે, જેનો ઉપર ઉલ્લેખ થઇ ચુક્યો અને કિતાબે હકીમ ઈમામે ઝમાન સલ્વાતુલ્લાહ અલૈહી છે કે જેઓ ખુદાવંદતઆલાના બોલનારા પુસ્તકનો દરજ્જો ધરાવે છે.

<u>સવાલ નંબર (૩) :</u> હીદાયત, રહેમત અને નેકોકાર (નેક કામ

કરનાર) આ શબ્દોનો ખુલાસો કરો અને એ પણ જણાવો કે હીદાયત અને રહેમતનો સંબંધ નેકીકારથી શા માટે છે ?

જવાબ : હીદાયત, દીનના મૂળ અને સૌથી મહત્ત્વના કાર્યમાંથી છે માટે તે સુન્નતે ઈલાહી એટલે કે અલ્લાહની આદતથી સંબંધ રાખે છે, જે ન બદલી શકાય એમ છે એટલે કે અલ્લાહની હીદાયત સદાય બરહક હાદીના મારફત મળતી રહે છે જેના માટે પહેલાં તો નબુવ્વતનો ક્રમ છે અને પછી ઈમામતનો ક્રમ અને આવી હીદાયતનું હોવું રહેમત છે કારણ કે આ હીદાયત મતભેદ તથા શંકાકુશંકાથી અલગ એટલે કે પાક, અને ઊચ્ચતર તથા વિશ્વાસપૂર્ણ છે એટલે કે રહેમાન અને રહીમ ખુદાના તરફથી હીદાયતના માટે દરેક વખતે એક જીવંત માર્ગદર્શક એટલે કે રાહનુમા જરૂરી છે કે જેથી તે (માર્ગદર્શક) કુરાનનું નૂર અને ઝમાનાનો હાદી ગણાય અને હીદાયત તથા રહેમતનો સંબંધ મોહસનીન એટલે કે નેકી કરનારાઓની સાથે એ માટે છે કે મોહસનીનનો અર્થ છે ફરમાનબરદાર લોકો કેમકે તેઓ માનવંત લોકો જ પોતાની રૂહ ઉપર અહેસાન એટલે કે ઉપકાર કરે છે અને બીજાઓ ઉપર પણ ઉપકાર કરી શકે છે માટે તેઓના માટે હીદાયત અને રહેમત છે.

સવાલ નંબર (૪) : મહેરબાની કરીને સલાત અને ઝકાતના ડીક્ષનરીમય અર્થ તથા સામાન્ય વપરાશનો અર્થ બતાવો અને એ જણાવો કે આખરત ઉપર વિશ્વાસ રાખવામાં કઈ તાવીલ છુપાયેલી છે?

જવાબ : સલાતનો ડીક્ષનરીમય અર્થ છે દુઆ, દરૂદ, દુનિયાનું ફુલવું ફાલવું, ફરમાનબરદારી (પૈરવી) અને સામન્ય વપરાશનો અર્થ છે

નમાઝ, ઝકાતનો ડીક્ષનરીમય અર્થ છે પાકીઝગી–પવીત્રતા અને સામાન્ય વપરાશના અર્થમાં ઝકાત માલ (પૈસા)નું એ પ્રમાણ એ ભાગ છે જે દેવું ફરજ છે. નમાઝની તાવીલ છે દાવતે હક કાયમ કરવી અને ઝકાતની તાવીલ છે દુનિયાનું ઈલ્મ, આખરત ઉપર વિશ્વાસ કરવો તેની તાવીલ છે વખતના ઈમામ અલૈહીસ્સલામના રૂહાનીયતના મરતબાને માનવું અને ઐનુલ યકીન તથા ઈલ્મુલ યકીન (એટલે કે નજરેથી નીહાળીને વિશ્વાસ કરવો તથા જ્ઞાન વડે વિશ્વાસ કરવો)ના પ્રમાણે આ હકીકત એટલે કે આ સચ્ચાઇ ઉપર વિશ્વાસ કરી લેવો.

<u>સવાલ નંબર (૫) :</u> શું હીદાયત સમગ્ર રચના એટલે કે સઘળી મખ્લુકાતના માટે એક જેવી છે કે તે તબક્કાવાર અને દરજ્જાવાર છે ? ફલાહ એટલે કે ભલાઇ પામવાનો સ્પષ્ટ અર્થ શું છે ?

<u>જવાબ :</u> હીદાયત એક જેવી નથી પણ તે મખ્લુકાતના દરજ્જાઓના પ્રમાણે તબક્કાવાર અને દરજ્જાવાર છે એટલે કે તે પથ્થર (ખનીજ), વનસ્પતી, જનાવર (હેવાન) તથા ઈન્સાનોના જુદા જુદા તબક્કાઓ મુજબ છે, બીજાં શબ્દોમાં કહીએ તો હીદાયત સામાન્યથી સામાન્ય પણ છે અને ખાસથી ખાસ પણ અને કોઇ ટોળાનું (ગ્રુપનું) સદ્‌ભાગ્ય એ વાતમાં છે કે તેને ખુદાની ખાસમાં ખાસ હીદાયત મળે. ફલાહ એટલે કે ભલાઈનો અર્થ છે સફળતા, કે જે નફસની પાકીઝગીથી પ્રાપ્ત થઇ જાય છે અને તે માટે ખાસ હીદાયતની જરૂરત હોય છે.

<u>સવાલ નંબર (૬) :</u> આયત નંબર ૧૦ની સમજૂતી વિષે અમુક લોકોનું કહેવું છે કે અલ્લાહ તઆલાએ આકાશને વગર સ્થંભે

કાયમ કરેલું છે, તેથી વિરૂદ્ધ અમુક લોકો કહે છે કે ખુદાએ આકાશને કંઈક એવા સ્થંભો ઉપર કાયમ કર્યા છે કે જે આપણને નજરે નથી પડતાં. આમાં તમારો પોતાનો ખ્યાલ શું છે ?

<u>જવાબ :</u> આજ વાત બરાબર છે અને કુરાનની આયતની સમજણ પણ એ જ છે કે ખુદા પાકે આ બ્રહ્માંડને–આ કાયનાતને એવા સ્થંભો ઉપર કાયમ કરેલ છે કે તે આપણને નજરે નથી પડતા, કેમકે આ કાયનાતના ભાગો, પછી તે સુક્ષ્મ હોય કે ઘટ્ટ, એક બીજાની ઉપર અને એકબીજાની સાથે મળેલાં અને નજિક છે અને જીસ્મે કુલ્લીની કોઈ જગા જીસમ એટલે કે ભૌતિક અથવા મૂળ તત્ત્વથી ખાલી નથી, સર્વત્ર છવાયેલ આકાશની વિશાળતા દરેક પ્રકારના મૂળ તત્ત્વથી ભરપૂર છે અને સુર્ય આ ભૌતિક કાયનાતનું મધ્યબિંદુ અને કેન્દ્ર છે.

<u>સવાલ નંબર (૭) :</u> સુરહ લુકમાનમાં જે પ્રમાણે લુકમાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેના જ પ્રકાશમાં અમોને જણાવો કે હઝરત લુકમાનનો શું દરજ્જો હતો ?

<u>જવાબ :</u> હઝરત લુકમાન વિષે એ કુરાની હકીકત સ્પષ્ટ છે કે તેવણ પ્રવીણ અને સંપૂર્ણ માનવીઓમાંથી હતા કેમકે અલ્લાહ પાકે તેવણને હિકમત અર્પણ કરી હતી અને હિકમત, અક્લ તથા ડહાપણની એ પૂંજી છે કે જેના મળવાની સાથે સાથે ઘણી બધી ભલાઈ પણ પ્રાપ્ત થઈ જાય છે હિકમતના નૂરના પ્રકાશમાં તે સઘળી ન્યામતો નજરે પડવા લાગે છે કે જે રબ્બે કરીમે ઈન્સાનોના માટે પેદા કરી છે. એ જ કારણ છે કે લુકમાન હકીમ ઉપર શુકરગુઝારી વાજબ કરતાં ઈશારો કરવામાં આવ્યો છે કે હિકમતવાળાઓ શુકર કરે.

સવાલ નંબર (૮) : સ્પષ્ટ છે કે હઝરત લુકમાન ખુદાને ઓળખનારા અને ખુદાને એક માનનારા હતા, એ જ કારણે તેઓ પોતાના પૂત્રને નસીહત કરતા હતા કે તે એક ખુદાને માને અને તેમાં બીજા કોઈને ન ભેળવે એટલે કે શીર્ક ન કરે, પણ પૂછવું એ છે કે શીર્ક ક્યા અર્થમાં એક મોટો જુલમ-મહાન ગુનોહ હોય છે ?

જવાબ : હક્કો બે પ્રકારના હોય છે, ખુદાના હક્કો અને બંદાના હક્કો, જો કોઇ માનવી સિદ્ધાંતિક રીતે, બરહક ખુદાથી ખુદાઇ અને બાદશાહીના હક્ક ઉપાડીને કોઇ અન્યને તે હક્કનો સંબંધ આપે છે (એટલે કે કોઇ બીજાને ખુદા તરીકે માને છે) તો એ કલ્પના (એમ વિચારવું પણ) સૌથી મોટો ગુનોહ છે, સૌથી મોટો જુલમ છે અને સ્પષ્ટ છે કે તે માનવી આ મહાન જુલમ કરવામાં પોતાની જાત ઉપર પણ ત્રાસ ગુજારે છે, પોતા ઉપર પણ જુલમ કરે છે અને બીજાઓ ઉપર પણ જુલમ કરે છે તેથી વિરૂદ્ધ ખુદાની ઓળખાણ તથા એક ખુદાને માનવું એ સૌથી મહાન ન્યાયનો દરજ્જો ધરાવે છે.

સવાલ નંબર (૯) : મજકૂર સુરહની આયત નંબર ૧૫ના જાહેરી તરજુમાને સમજવામાં અલબત્ત કોઇ મુશ્કેલી નથી પણ અહી સવાલ તે વખતે પેદા થાય છે કે જ્યારે આપણે તાવીલની દ્રષ્ટિએ જોતાં એમાં રૂહાની માવિત્રોની વાત શરૂ કરીએ છીએ, એટલે કે એ કેવી રીતે શક્ય છે કે રૂહાની માતાપિતા પોતાના કોઇ ફરજંદને શીર્ક કરવાનો આદેશ આપે ?

જવાબ : આ સવાલ યોગ્ય અને જરૂરી છે, પણ તેના લેખિત જવાબમાં રૂહાનીયતના ભેદોની કંઇક નાજુકતા આડે આવે છે માટે આ

બાબતને ક્યારેક બેસીને વાતચિત દ્વારા ચર્ચા કરવા પર છોડી દઈએ છીએ, ઈન્શાઅલ્લાહ તમો મિત્રોમાંથી કોઈ પણ મળશે ત્યારે તેની સાથે એ ચર્ચા કરીશું.

<u>સવાલ નંબર (૧૦) :</u> આયત નંબર ૧૬માં રાઈનો દાણો કઈ વસ્તુની ઉપમા છે ? કુરાની ઉપમાઓ શક્ય વસ્તુઓમાંથી આપેલી છે કે અશક્ય વસ્તુઓમાંથી ? જો તમો કહો છો કે કાદીરે મુત્તલક (ખુદા તઆલા) જે કામને શક્યતાના વર્તુળમાં બતાવે છે, તે કોઈ પણ રીતે તેના પરિણામ ઉપર પહોંચે છે, તો પછી તમો અમને એ જણાવો કે અલ્લાહ તઆલા પર્વતો, આકાશો અને જમીનોમાંથી રાઈના દાણા જેટલી કોઈ વસ્તુને કઈ રીતે હાજર કરે છે ?

<u>જવાબ :</u> આ પવીત્ર આયતમાં રાઈનો દાણો એ રૂહના કણની ઉપમા છે પવીત્ર કુરાનમાં જે જે ઉપમાઓ શક્યતાની કલ્પનામાં રજૂ કરવામાં આવી છે તે જાહેરી અથવા બાતિની રીતે બનવાકાળ વસ્તુઓ હોય છે અને એ જ રીતે કુરાનની સઘળી હિકમતો આવી જ ઉપમાઓમાં છુપાયેલી હોય છે, માટે આ આયતની સમજણ એ મુજબ છે કે ક્યામતના દિવસે ખુદાવંદે આલમ પૂરી કાયનાત-પૂરા બ્રહ્માંડની વસ્તુઓની રૂહોને કણના સ્વરૂપમાં હાજર કરશે અને તેમાં પથ્થરનો ઉલ્લેખ ધ્યાન ખેંચવા લાયક એ માટે કરવામાં આવ્યો છે કે લોકો તેને રૂહ વગરનો સમજે છે, જો કે તેમાં પણ એક પ્રકારની રૂહ સમાયેલી છે કે જે સ્થગિત (જામી ગયેલી) છે. જેમકે અલ્લાહતઆલાનું હિકમતસભર ફરમાન છે કે : "(અય રસૂલ) તમો ફરમાવી દયો કે તમો (લોકો) પથ્થર અથવા લોખંડ બની જાઓ." (૧૭/૫૦). જો કે ખુદાએ

આ હુકમ હઝરત રસુલુલ્લાહ (સ.અ.સ.)ના મારફત કર્યો છે તેમ છતાં આ ફરમાન તે ખુદાવંદની આયત કે જેમાં "કુન ફય કુન" કહેલું છે તેની સમજૂતી અને તફસીર છે. આનાથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે જે રીતે ઈન્સાની રૂહ ઊંચે જાય છે (તેની પ્રગતી થાય છે) તેજ રીતે "અસ્ફલ સાફીલીન" (હલ્કામાં હલ્કી સ્થિતિ) (૯૫/૫) તરફ તેનું નાઝીલ થવું પણ શક્ય છે.

<u>સવાલ નંબર (૧૧) :</u> ખુદાવંદતઆલાએ આકાશો તથા જમીનોની સઘળી વસ્તુઓને કઇ રીતે ઈન્સાનને આધિન (માનવીને તાબે) કરી દીધી છે ? ક્યા અર્થમાં અલ્લાહની જાહેરી તથા બાતિની ન્યામતો માણસો ઉપર પૂર્ણ થઇ ચૂકી છે ? વળી એ પણ જણાવો કે અહી જે રીતે ઇલ્મ, હીદાયત તથા પ્રકાશ પહોંચાડનાર પુસ્તકનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેનાથી શો હેતુ છે ?

<u>જવાબ :</u> સઘળી ઈન્સાની રૂહોની એક છેવટની અને અતીશય મહાન એવી એક રૂહ છે (કે જેમાં સઘળી રૂહો એકત્રિત હોય છે) જેના ઘણા નામો છે જેમકે રૂહે અરવાહ (રૂહોની રૂહ) નફસે વાહીદા, નફસે કુલ્લી, વિગેરે. તે સઘળી કાયનાતનો અંશ અને જાન છે જેનું જાહેરી સ્વરૂપ પરીપૂર્ણ ઈન્સાન છે (અર્થાત પયગમ્બર કે ઝમાનાનો ઈમામ). તો એ સઘળા મોમીનો કે જેઓ આ જાહેરી સ્વરૂપના મારફત, (તેના વસીલાથી) આલમગીર એટલે કે તે મહાન રૂહમાં ભળી જાય છે અથવા વાસલ થઇ જાય છે તેઓ આ સમગ્ર બ્રહ્માંડને પોતાને આધિન પામે છે અને એ જ વાસલ થઇ જવામાં ખુદાની જાહેરી અને બાતિની ન્યામતો કોઇ પણ ઓછપ વગર પ્રાપ્ત

હોય છે.

અહી ઈલ્મનો અર્થ છે દાઈ, કેમકે તેને ઈલ્મુલ યકીનનો દરજ્જો મળેલો છે, હીદાયતનો અર્થ છે હુજ્જત કે જે એનુલ યકીનન સ્થાને છે અને પ્રકાશ પહોંચાડનાર પુસ્તક તે ઈમામે ઝમાન સલ્વાતુલ્લા અલૈહી છે કે જે હક્કુલ યકીનનો મસ્તબો ધરાવે છે, જે નૂરનું મૂળ એટલે કે અસલ છે અને નૂર વિખેરી દેનારા છે.

<u>સવાલ નંબર (૧૨) :</u> આયત નંબર ૨૨ની સ્પષ્ટતા કરી આપો. "અલ ઉર્‌વતુલ વસ્કા"ની શું તાવીલ છે ?

<u>જવાબ :</u> ઈસ્લામના અમુક કાર્યોમાં ખાનાએ ખુદા એટલે કે ખુદાના ઘર તરફ મોઢું કરવું વાજબ અને જરૂરી છે. જાન એટલે કે જીવના ચહેરાને દરેક વખતે ખુદાના તરફ રાખવું એટલે કે ખુદાના ધ્યાનમાં રહેવું એ જાહેરી કીબ્લા તરફ (જાહેરમાં ખાનાએ કાબા કે જેને કીબ્લો કહે છે તે તરફ) મોઢું કરવા કરતાં વધીને છે અને રૂહના ચહેરાને એટલે કે પોતાની હસ્તીને સમગ્ર રીતે એ એક માત્ર પાક હસ્તી એટલે કે ખુદાના સુપ્રત કરી દેવું એ સૌથી મોટું કામ છે અને "ઈસ્લામ" શબ્દમાં સૌથી ખાસ એજ અર્થ છુપાયેલો છે આ સુપ્રતતા (આધીન થઈ જવું)નો એ અર્થ છે કે ઈસ્લામના સિદ્ધાંત પ્રમાણે ઈન્સાની રૂહના ઉપરના છેડાને હંમેશા હંમેશા ખુદાના નૂરથી મળેલ માનવામાં આવે છે એ રીતે કે જે રીતે જવાળાઓ દરેક વખતે સૂર્યથી સંબંધિત રહે છે. માટે જે શખ્સ આ અર્થમાં રૂહના ચહેરાને અલ્લાહના સુપ્રત કરી દયે છે અને તે આ સિદ્ધાંતની સાથે સાથે નેક કાર્ય કરનાર પણ હોય તો (તેમ કરવામાં) તેણે ખૂબ જ મજબૂત હાથાને પકડી લીધો છે અને

તે હાથો એટલે કે "અલ ઉરૂતુલ વસ્કા વિલાયતી અઈમ્મા હુદા" છે.

સવાલ નંબર (૧૩) : આયત નંબર ૨૫ની કોઈ ખાસ હિકમતનું વર્ણન કરો.

જવાબ : આ મુબારક આયતમાં જોવાથી એ જણાય છે કે કાફર લોકો એ વાતનું સમર્થન તો કરે છે (એ વાત માટે હા તો કહે છે) કે ખુદા છે અને તેણે આકાશો અને જમીનોને પેદા કર્યાં છે, પણ તેમના કુફરનું ખાસ કારણ તેમની અજ્ઞાનતા છે કેમકે તેઓમાંથી ઘણા લોકો નથી જાણતા.

સવાલ નંબર (૧૪) : અને અગર આખી પૃથ્વીમાં જેટલાં વૃક્ષો છે તે કલમ બની જાય અને સર્વે સમુદ્રો (પુરી દુનિયાનું પાણી) અને તે સિવાય તેના જેવા બીજાં સાત સમુદ્રો શ્યાહી બની જાય તો પછી પણ અલ્લાહના કલીમા પૂરાં થાય એમ નથી. આ ફરમાનમાં "કલીમા"નો શું અર્થ છે ?

જવાબ : આ કલીમાનો અર્થ છે કલીમાતે તામા અને ખાસ કરીને કલીમાતે "કુન"નો જો કે તે બોલો એક જ છે પણ તેને જાહેરીમાં દેખાડવાની રીતો એટલે કે તેના પ્રદર્શનો ઘણા બધા છે કારણ કે દરેક પરીપૂર્ણ માનવીમાં કલીમાતે "કુન"નું ફક્ત એક જાહેરી રૂપ નથી બલ્કે ઘણા બધા જાહેરી રૂપ છે અને એક ઈલ્મી કાયનાત છે અને એવી કાયનાતોના ક્રમનો ન તો કોઈ આરંભ છે કે ન તો કોઈ અંત. એ જ અર્થમાં ખુદાવંદતઆલાના કલીમા ક્યારેય અંત નથી પામતા, જેમાં અકલ અને રૂહની દુનિયાઓ છુપાયેલી હોય છે.

સવાલ નંબર (૧૫) : "મા ખલકકુમ વ લ બઅસકુમ ઈલ્લા કનફસીવ્વાહીદ" (૩૧-૨૮) આ હિકમત ભરપૂર આયતનો ખુલાસો કરીને સમજાવો.

જવાબ : (અ) અંબીયાઓ અને ઈમામો સલ્વાતુલ્લા અલૈહીમમાંથી દરેક પોતાના સમયનો "નફસે વાહીદા" હોય છે જે પોતાની હસ્તીમાં એક હોય છે અને દુનિયામાંની રચનાના સઘળા નફસોને પોતાની સાથે એક કરી લ્યે છે. જ્યારે કે તેની રૂહાની રચના અને તેના સંપૂર્ણ થવામાં પણ અને ઈમ્બીઆસ (ફરીને ઊઠવામાં) પણ આ નફસો અજાણપણાની સ્થિતિમાં સાથે સાથે જ હોય છે. (બ) મજકૂર આયતની હિકમત એ બતાવે છે કે તમારામાંથી દરેકના જાણમાં હોય એ રીતે એટલે કે શઉરી રીતે અને રૂહાની જનમ, નફસાની મૌત અને ઈમ્બીઆસ (પછી પાછું ઊઠવું) એ સઘળું જ્યારે પણ થશે ત્યારે એ જ રીતે થશે કે જેરીતે નફસે વાહીદનું થાય છે. (ક) એનો અર્થ એ થયો કે દરેકના માટે રૂહાની પ્રગતીનો માર્ગ એકજ છે, જે સીરાતે મુસ્તકીમ છે જે ઉપર મહાન રૂહો આગળ વધી ચૂકી છે.

સવાલ નંબર (૧૬) : કુરાન વારંવાર ખુદાના એ કાનૂન (એ દસ્તૂર) તરફ ધ્યાન દોરવે છે કે તે ખુદાતઆલા (તે સર્વશક્તિમાન) બે એકબીજાથી વિરૂદ્ધ વસ્તુઓને એક બીજા દ્વારા પેદા કરે છે અને એક બીજામાં છુપાવીને રાખે છે, જેમકે રાતને દિવસમાં દાખલ કરે છે અને દિવસને રાતમાં દાખલ કરે છે (૩૧/૨૯) આ કાનૂન તરફ ધ્યાન દોરવવાનો ખાસ હેતૂ શો છે ?

જવાબ : એનો હેતૂ ઘણો જ મહાન છે, અને તે એ છે

કે આપણે વિરૂદ્ધતાના આ કાનૂનને ઊંડાણપૂર્વક સમજી લઈએ કે કઇ રીતે નીસ્તી એટલે કે કંઇ ન હોવુંમાં હસ્તી એટલે કે નવસર્જન રહેલું છે અને કઇ રીતે હસ્તીમાં નીસ્તીની શક્યતાઓ છુપાયેલી છે. કઇ રીતે દુનિયાથી આખરત બને છે અને કઇ રીતે આખરતથી દુનિયા અસ્તિત્વમાં આવે છે. આ ઉપરાંત આપણને એ પણ વિચારવું છે કે કુરાનની ઘણી હિકમતો એકબીજાથી સમાન અને વિપરીત બન્ને પાસા ધરાવે છે જેમાંથી જો એક પાસુ જાહેર છે તો બીજું પાસું ગુપ્ત એટલે કે છુપાયેલું હોય છે.

<u>સવાલ નંબર (૧૭) :</u> શમ્સ, કમર, અજલે મુસમ્મા અને ફલક (કીશ્તી)ની તાવીલ શું છે વળી આ પવીત્ર આયતનો અર્થ પણ બતાવો "ઈન્નલ્લાહ ઈન્ધહુ ઈલ્મુસ્સા અતી"

<u>જવાબ :</u> શમ્સ અને કમર એટલે કે સૂર્ય અને ચંદ્રની તાવીલ સર્વ પ્રથમ નાતિક અને અસાસ, પછી અસાસ અને ઈમામ અને તેના પછી ઈમામ અને હુજ્જત છે. અજલે મુસમ્મા હઝરત કાયમ, કીશ્તી કે જે રૂહાની દરિયામાં ચાલે છે તે ઈમામે ઝમાન (અ.સ.)નું નૂર છે કે જે અલ્લાહતઆલાનું જીવંત મહાન નામ અને ઝીકરનું નૂર છે.

આયતનો અર્થ : બેશક ક્યામત (ના દિવસ)ની જાણ અલ્લાહ પાસેજ છે. મતલબ કે જે પરીપૂર્ણ માનવીઓને અલ્લાહની ખાસ નજદીકી મળેલી હોય તેઓને ક્યામતની અમલી જાણ થઇ જાય છે.

**મોમીનોના પગની રજ**

**નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**

**૭ જુન ૧૯૮૪**

# શુકરની હિકમત

ઊચ્ચ ગુણોવાળા પ્રમુખ ફતેહઅલી હબીબ તથા તેમની ફરીશ્તાના ગુણોવાળી ધર્મ પત્ની ગુલશકરને પાક ખુદાવંદ દરેક પ્રકારની સફળતા અને મહાનતા અર્પણ કરે. હું મારી અસલ રૂહ અને હકીકી હસ્તી સહીત યાઅલી મદદની ખાસ સલામ કરૂં છું અને ભલાઈની એ જ લાગણીઓ સાથે પુર્વ અને પશ્ચિમના સઘળા મિત્રોના હકમાં પણ ખૂબ જ આજીઝીપૂર્વક દુઆ કરૂં છું જે કબૂલ થાય ! પરવરદીગારે આલમ સઘળા મોમીનો ઉપર આખરી દરજ્જા સુધી મહેરબાન રહે ! આમીન યા રબ્બલ આલમીન.

એથી પહેલાં કે તે હુંઝાની તરફ રવાના થઇ જાય, મારી પત્ની આયેશા નસીર મને વારંવાર વિનંતી કરતી હતી કે હું તેણીના અને મારા તરફથી ખાનાએ હિકમત અને ઈદારાએ આરીફના સઘળા જાં-નીસાર અને ફરીશ્તા જેવા ગુણોવાળા અમલદારો અને સભ્યોનો હૃદયપૂર્વક શુકર અદા કરૂં (આભાર માનું) કેમકે તેઓએ જે સાફદીલી અને મહોબ્બતથી મારા કુટુંબની દરેક રીતે ખૂબ જ મદદ કરી છે તે બેનમૂન અને ક્યારેય ન ભૂલી શકાય એવી છે અને સાચી વાત તો એ છે કે મારી બેગમ, આ સઘળા મિત્રો તરફથી ફરજંદ જેવી લાગણીથી મળેલ સહકારથી ઘણી જ પ્રભાવિત થઇ છે. તેણી ખાસ

કરીને ગુલશકર ફતેહઅલી તથા યાસમીન મહમ્મદની એકધારી મહેમાનગીરી અને એમના અતીઘણા ઉપકારોને ક્યારેય ભૂલાવી નથી શક્તી તેણી દરેક વખતે આ ખુદા તરફથી અર્પણ થયેલી દીકરીઓના ફરીશ્તા જેવા ગુણોનો ઉલ્લેખ કરતી રહેતી હતી.

મેં આયશા બેગમને વિગતવાર બતાવી દીધું છે કે ઈલ્મી પત્રો અને બીજાં ઈલ્મી નિબંધો (મકાલાઓ) ક્યાં ક્યાં સુધી જાય છે અને અમારાં મિત્રો કે જેઓ મૌલાએ પાકના ઈલ્મી લશકરનો એક સફળ દસ્તો છે, તેઓ આ મહત્ત્વના લેખોનું કેવા લાગણી અને શોખથી વાંચન કરે છે, જે જાણીને તેમને ઘણી અજાયબી થઈ અને આભારની લાગણી પણ થઈ આવી. તેમણે કહ્યું કે આ હકીકી માલીકની ઘણી મોટી રહેમત છે કે તમારા ખૂબ જ પ્રીય શાગીર્દ એટલે કે શીષ્યો દરેકે દરેક હરપળે ઈલમની પ્રાપ્તીના માટે અને વહાલી જમાતની મહાન ઈલ્મી ખિદમતના માટે તૈયાર રહે છે. તમોએ જે રીતે અતી સખત મુસીબતોમાં સબરનો માર્ગ ગ્રહણ કર્યો હતો તે તમારો અમલ ખરેખર મૌલાના રાજીપાનું કારણ બન્યો હશે તેથી જ તે મહેરબાન ખુદાવંદે આવા પવીત્ર બાતિનવાળા, પ્રકાશિત આત્મા અને ધરતી ઉપરના આ ફરીશ્તાઓ દ્વારા આપની શાનદાર મદદ કરી છે. તેણીનું આમ કહેવું તદ્દન વ્યાજબી હતું. આ ન્યામતોની લાગણીને ધ્યાનમાં લઈને અમોએ ખુદાવંદતઆલાની રહેમતો અને મહેરબાનીઓનો શુકર અદા કર્યો.

આ મહત્ત્વની વાત યાદ રહે કે એક મોમીનની જીંદગીમાં સબરના પ્રસંગો પહેલાં આવે છે અને શુકરના પછી અને શુકર ગુઝારી જ એક એવી ઈબાદત છે જેમાં સૌથી વધારે આનંદ અને ખુશીઓની લાગણીઓના અનુભવ થવાની શક્યતા હોય છે, એ શર્તે કે આ

ઈબાદત ઈલ્મ અને હિકમતના પ્રકાશમાં થયેલી હોય. જો કે દરેક ઈબાદતમાં લઝઝત અને આનંદની મોઅજીઝાવાળી રૂહ છુપાયેલી હોય છે તેમ છતાં શુકરગુઝારી અને કદરદાની એ બહેશ્તના લોકોની ઈબાદત છે માટે જ્યારે કોઇ ન્યામત ઉપર ઈલ્મ અને મારફતની શુકર ગુઝારીનો પ્રકાશ પડે છે તો તે પોતાના સઘળા અર્થસભર સ્વરૂપ અને ખૂબસુરતી તથા ગુણ અને કિમત સહીત કલ્પનામાં ઉભરાઇ આવે છે. આ એ સવાલનો ટૂંકો જવાબ છે કે જે કોઇ પણ ઈલ્મ જાણવાને ઉત્સુક જાણ પૂછી શકે છે કે હકીકી શુકરગુઝારીથી આવી લઝઝત અને ખુશી શા માટે મળે છે ?

સુરહ લુકમાન (૩૧/૧૨)થી એક તો એ વાત સ્પષ્ટ છે કે રબ્બે કરીમની સૌથી મોટી ન્યામત હિકમત સ્વરૂપે છે એટલું જ નહી બલ્કે તે સઘળી ન્યામતોને એકઠી કરીને આ સ્વરૂપમાં આપે છે. બીજું એ જણાય છે કે હિકમત એક નૂર છે જેના પ્રકાશ વગર અકલી, અને શારીરિક ન્યામતોની શુકરગુઝારી અને કદરદાની જેવી હોવી જોઇએ તેવી અદા નથી થઇ શકતી તેથી ખુદાવંદ આલમે હઝરત લુકમાનને હિકમત અર્પણ કરીને ફરમાવ્યું કે આનો હેતૂ શુકર કરવાનો છે, માટે જે શખ્સ હિકમતના પ્રકાશમાં શુકરગુઝારીની ફરજ બજાવી લાવે છે તેનો ફાયદો તેને પોતાને જ મળે છે.

સુરહ સબામાં ફરમાવેલું છે કે "ઈઅમાલુ આલે શુકરન, વ કલીલુન મીન ઈબાદી અશ્શુકૂર." (૩૪/૧૩) "હે દાઊદની ઓલાદ (ખાનદાનવાળાઓ) તમો સઘળા શુકરગુઝારીમાં (ઉપકાર માનવામાં) નેક કામ કરો, અને અમારા બંદાઓમાંથી ઉપકાર માનનારાં ઘણા થોડાં જ છે." ખુદાની આ આજ્ઞાથી એ સ્પષ્ટ થાય છે કે સંપૂર્ણ શુકરગુઝારી

અમલી સ્વરૂપમાં હોય છે એટલે કે માલની, શરીરની, અક્લની અને ઈલ્મની ન્યામતોમાંથી જે કંઈ પ્રાપ્ત થયું હોય તેને વપરાશમાં લઈને બીજાઓને ફાયદો પહોંચાડવો તે અમલી અને હકીકી શુકરગુઝારી કહેવાય છે.

દાઊદની ઓલાદ અથવા દાઊદના ખાનદાનવાળાઓનો અર્થ ઘણો વિશાળ છે કેમકે એ "આલે ઈબ્રાહીમ"ના શબ્દોની જેમ જ છે, જેનું ખાસ કારણ એ છે કે હઝરત સુલેમાન અલૈહીસ્સલામ ઈમામે મુસ્તવદા અને રૂહાનીયતના તખત (સિંહાસન)ના માલીક હતા અને એ મરતબો તેવાણના વંશમાં પણ ચાલુ રહ્યો હતો અને દાઊદની આલ માંના વંશજોએ પોતાની મહાન રૂહાની સલ્તનતની શુકર ગુઝારીનો હક એરીતે અદા કર્યો કે તેમણે હીદાયતના નૂરના પ્રકાશમાં ઈમાનવાળાઓને એક પછી બીજી મંઝીલ ઉપર આગળ વધાર્યા. આ તેવાણની અમલી શુકરગુઝારી હતી અને અંબીયા તથા ઈમામો અલૈહીમુસ્સલામની શુકરગુઝારી અદા કરવાની ફરજ આ પ્રમાણેની હોય છે.

કુરાનમાં જ્યાં જ્યાં શુકર સંબંધે આયતો મૌજૂદ છે તે સઘળામાં જુદી જુદી હિકમતના સ્વરૂપમાં અતીશય મહાન ન્યામતોનો ઉલ્લેખ ફરમાવેલો છે, જેમકે ફરમાવવામાં આવ્યું છે કે :

"સુમ્મ બઅસકુમ મન બઅદકુમ લઅલ્લકુમ તશકરૂન" (૨/૫૬) "પછી અમોએ તમને સજીવન કરીને ઉઠાડ્યા તમારા મરણ બાદ, કે જેથી તમો આભાર માનો (શુકર કરો)" આ શારીરિક મૌત અને પછી જીસ્માની રીતે જીવતા થઈ જવાની વાત નથી બલ્કે ઈમ્બીઆસ (પાછા ઉઠાડવાના) મોઅજીઝાનો ઉલ્લેખ છે જે વિષેનો નિબંધ તમો વાંચી ચૂક્યા છો.

ફરમાવેલું છે કે "અને તેણે જ તમોને કાન તથા આંખો અને (દિલ) હૃદય આપ્યાં કે જેથી તમો શુકર કરો. (૧૬/૭૮) ખુદાના આ ફરમાનમાં બાતિની કાન, આંખ અને હકીકી હૃદયનો ઉલ્લેખ છે અને તેથી જ તેનો હેતૂ છે શુકર અદા કરવાનો.

ખુદાનું બીજું ફરમાન છે "ફ તકવાઅલ્લાહ લઅલ્લકુમ શુકરૂન" "માટે અલ્લાથી ડરો કે કદાચને તમે આભાર માનનારા થઇ જાઓ." (૩/૧૨૨) એટલે કે તમો પરહેઝગાર બની જાઓ કે જેથી તમોને ખુદાતઆલાની મહાન ન્યામતો પ્રાપ્ત થાય કે જેથી તમો છેવટે શુકર અદા કરનારા થઇ શકશો. આનાથી એ હકીક્ત સ્પષ્ટ થઇ જાય છે કે શુકરની મંઝીલ છેવટમાં આવે છે.

સુરહ ઈબ્રાહીમ (૧૪/૫)નો અર્થ છે "અને તેમને અલ્લાહના દિવસો એટલે કે છ મહાન પયગમ્બરોની રૂહાનીયત યાદ દેવડાવો. બેશક એમાં પ્રત્યેક ધીરજ ધરનાર અને શુકર કરનારાઓને માટે નીશાનીઓ મૌજૂદ છે. આ પરથી જણાય છે કે સબર પહેલે આવે છે અને શુકર પછી.

સુરહ ઝુમરમાં ફરમાવવામાં આવ્યું છેકે "બલ્લિાહ ફ અબુદ્ વ કુમ્મીનશ્શીકરીન" (૩૯/૬૬) બલ્કે તું અલ્લાહની જ ઈબાદત કર્યા કર અને શુકર કરનારાઓ માંહેનો થઇ જા. આ પરથી સ્પષ્ટ છે કે શુકરગુઝારી એક ખાસ ઈબાદત છે કે જે સામન્ય ઈબાદતના પછી આવે છે.

સુરહ બની ઈસરાઈલમાં ફરમાવેલું છે, "અય તે લોકોના વંશજો કે જે લોકોને અમોએ નૂહની સાથે સવાર કરાવ્યા હતા તે નૂહ

મોટા શુકર ગુઝાર બંદા હતા. (૧૭/૩). આમાં ઈશારામાં હઝરત નૂહ અલૈહીસ્સલામની રૂહાનીયતની તરફ ધ્યાન દોરવવામાં આવેલ છે. કેમકે પરીપૂર્ણ માનવીઓની શુકરગુઝારી રૂહાની અને અકલી ન્યામતોના સ્થાન ઉપર હોય છે.

કુરાનની એક આયતનો અર્થ છે "ખુદાવંદે આલમ શુકર ગુઝાર અને કદરદાન લોકોના માટે આયતનું જુદા જુદા પ્રકારે વર્ણન કરે છે એટલે કે તે આવા ઘણા બધા દાખલાઓનું વર્ણન કરે છે કે જે દરેકનું અસલ એક જ હોય.

એક જ અસલ (એટલે કે જે વસ્તુની ઉપમા દીધી હોય તે એક માત્ર હકીકત) ઈમામે ઝમાન અલૈહીસ્સલામ છે અને એવી પવીત્ર હસ્તીની ઘણી બધી ઉપમાઓ અને ઘણા નામો છે અને તેવણ નામદાર જ ખુદા તઆલાનું જીવંત અને નૂરાની ઈસ્મે આઝમ છે અને તેવણ નામદાર જ આ પવિત્ર નૂરના જાહેરી સ્વરૂપ છે. અલહમ્દોલિલ્લાહ અલા મિન્નીહી વ અહેસાનહુ.

**મોમીનોના પગની રજ**

**નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**

**૧૧ જુન ૧૯૮૪**

નોટ : શુકરના કુરાની વિષયમાં ઊચ્ચત્તમ ન્યામતોની તરફ ઈશારો છે અને તે એવી ન્યામતો છે જે ફક્ત અને ફક્ત મોમીનોનાજ માટે ખાસ છે. □

خانهٔ حکمت